# અનુક્રમણિકા


| નં. | વિષય | | પાન નં. |
|---|---|---|---|
| ૧ | ભારતની પ્રાચીન શિક્ષણનીતિઓ તરફ એક નજર | | ૧ |
| ૨ | રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦ | | ૧૯ |
| ૩ | રાષ્ટ્રીય શિક્ષણનીતિ : ૨૦૨૦ પાયાની સંકલ્પનાઓ | | ૨૭ |
| ૪ | રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦ મોડ્યુલ-પ્રસ્તાવના | | ૪૦ |
| ૫ | પ્રકરણ-૧ : | શાળા શિક્ષણ | ૪૮ |
| ૬ | પ્રકરણ-૨ : | મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન અધ્યયનની તાતી અને આવશ્યક પૂર્વશરત | ૫૧ |
| ૭ | પ્રકરણ-૩ : | અપવ્યય (ડ્રોપ આઉટ) દર ઘટાડવો અને તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રીકરણ સુનિશ્ચિત કરવું | ૫૪ |
| ૮ | પ્રકરણ-૪ : | શાળામાં અભ્યાસક્રમ અને અધ્યાપન શાસ્ત્રઅધ્યયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય હોવું જોઈએ | ૫૭ |
| ૯ | પ્રકરણ-૫ : | શિક્ષક | ૭૨ |
| ૧૦ | પ્રકરણ-૬ : | સમાન અને સર્વસમાવેશક શિક્ષક : સર્વોપલબ્ધ અધ્યયન | ૭૮ |
| ૧૧ | પ્રકરણ-૭ : | શાળા સંકુલ / જૂથ (cluster) ની સહાયથી કાર્યક્ષેત્ર પ્રશાસન અને અસરકારક રીતે સંસાધનો પૂરા પાડવાની પ્રક્રિયા | ૮૪ |
| ૧૨ | પ્રકરણ-૮ : | શાળાશિક્ષણ માટે ધારાધોરણો અને પ્રમાણીકરણ | ૮૮ |
| ૧૩ | સંદર્ભ | | ૯૨ |
| ૧૪ | રાષ્ટ્રીય શિક્ષણનીતિ-૨૦૨૦ ટાસ્ક ફોર્સ સમિતિના નિર્ણયો | | ૯૩ |
| ૧૫ | ટૂંકાક્ષરી | | ૯૮ |

# ભારતની પ્રાચીન શિક્ષણનીતિઓ તરફ એક નજર

## શિક્ષણ એટલે શું ?

શિક્ષણ એટલે કાંઈ એકાંગી અને નિમ્ન ખ્યાલ નથી. શિક્ષણ સંકુચિત અને વ્યાપક એમ બંને અર્થોમાં વપરાય છે. સંકુચિત એટલે શાળા, મહાશાળાઓમાં અપાતું શિક્ષણ એટલે કે- શિક્ષણ = લેખન, વાંચન અને ગણનની પ્રક્રિયા. જ્યારે શિક્ષણના વિસ્તૃત અર્થમાં તે જીવનકેન્દ્રી, જીવનોપયોગી અને જીવનમય છે - એટલે કે ચારિત્ર્યનિર્માણ, માનસિક શક્તિ વધારે અને દેશના યુવાનને પોતાના પગ પર ઊભા કરે તેને શિક્ષણ કહેવાય છે.

ખરેખર તો तमसो मा ज्योतिर्गमय ના મંત્રને પરિપૂર્ણ કરે તેને વિસ્તૃત શિક્ષણ કહેવાય છે. અંગ્રેજીમાં શિક્ષણને Education કહે છે. આ શબ્દ લેટિન ભાષામાં Educare શબ્દ પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ 'બહાર કાઢવું'. લેટિન ભાષા પ્રમાણે Education નો અર્થ તાલીમ, સંવર્ધન, વિકસિત થવું, ભણાવવું, યોગ્ય રસ્તો બતાવવો એ થાય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, ''માનવીની સંપૂર્ણ વ્યક્તિમત્તાનું પ્રગટીકરણ એટલે શિક્ષણ.''

મહાત્મા ગાંધીજીના મતાનુસાર 'કેળવણી એટલે બાળક અને માણસના શરીર, મન અને આત્માના ઉત્તમાંશોનો આવિષ્કાર.'

# શિક્ષણનીતિનો વિકાસ

શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષણનીતિનો વિકાસ જે શિક્ષણનો ઈતિહાસ છે. એ ખૂબ અગત્યતા ધરાવે છે.

### *લોર્ડ મૅકૉલે શિક્ષણનીતિ* (1835) :-

અંગ્રેજો એટલા ઘમંડી હતા, તેમણે ભારતીય વેદો, ઉપવેદો વગેરે ના મહિમાની મજાક ઉડાવી. એમણે કહ્યું Indian Liturature યુરોપની એક લાયબ્રેરીની એક shelf માં રાખેલા પુસ્તકો બરાબર પણ નથી. અંગ્રેજો ભારતમાં ને ભારતીય શિક્ષણ ક્ષેત્રમાં હસ્તક્ષેપ કરવા માંગતા હતા. પણ ભારતીય એક વર્ગ જે 'ઈસાઈ પાદરી' જે મિત્રતાની દૃષ્ટિએ નહોતા જોતા. તેથી અંગ્રેજોએ આ યોજના આગળ વધારવા માટે ધીમી ગતિથી શરૂઆત કરી.

1781 માં કોલકાતા અને મદ્રાસમાં કોલેજોની શરૂઆત કરી અને 1791 માં 'બનારસ સંસ્કૃત કોલેજ' ની સ્થાપના કરી. જેથી પ્રભાવશાળી હિન્દુ અને મુસ્લિમ નેતાઓને સંતુષ્ટ રાખી શકે. 1813 માં ચાર્ટર્ડ એકટમાં શૈક્ષણિક નિયમો લાગુ કરીને અંગ્રેજોએ ભારતમાં પ્રાચીન શિક્ષણનીતિ લાવવાનો પ્રયાસ કર્યો.

લોર્ડ મૅકૉલેએ પ્રાચીન દેશી શિક્ષણને બદલે પાશ્ચાત્યવાદી અંગ્રેજી શિક્ષણ તેના પ્રસિદ્ધ દસ્તાવેજોમાં મજબૂત રીતે સમર્થન આપ્યું. મૅકૉલેના મતાનુસાર શિક્ષણ એ એવા વર્ગને તૈયાર કરવો જેમાં ત્યાંની વસાહતી સરકારમાં નીચેના દરજ્જાની નોકરીએ રાખવામાં આવે. જેથી ત્યાંના લોકોને તેમના પર શાસન કરવામાં આસાની રહે.

લોર્ડ મેકોલેની સલાહ ઉપર તત્કાલીન ગવર્નર જનરલ 'લોર્ડ વિલિયમ' એ 1837 માં અંગ્રેજીને સરકારી ભાષાનો દરજ્જો આપ્યો. ત્યારે સરકારી નોકરી માટે અંગ્રેજી ભાષા જરૂરિયાત થઈ ગઈ. લોર્ડ મૉકલેની આ રણનીતિ એવી સફળ રહી કે હાલ પણ ભારતીય શિક્ષણ પદ્ધતિ પર લોર્ડ મૅકૉલેની અસર વર્તાય છે.

## વૂડનો ખરીતો (1854)

- ❑ માધ્યમિક સ્તર પર વ્યવસાયિક શિક્ષણ શરૂ કરવા પર બળ આપવામાં આવ્યું.
- ❑ માધ્યમિક સ્તર પર વિદ્યાર્થીઓને એવું શિક્ષણ આપવામાં આવે કે જેથી વિદ્યાર્થીઓ ભાવિ વ્યાવસાયિક જીવન માટે તૈયાર કરી શકાય.
- ❑ 1857 માં કલકત્તા, મદ્રાસ અને મુંબઈમાં વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી.
- ❑ આ બધા પ્રયાસો છતાં માધ્યમિક સ્તર કે ઉચ્ચ શિક્ષણમાં વ્યવસાયિક શિક્ષણ આપવાની કવાયત ન થઈ શકી.

## હંટર કમિશન (1882)

## (Hunter Education Commission - 1882)

ભારતીય શિક્ષા આયોગ અંતર્ગત બનાવાયેલા હંટર કમિશને સૂચવ્યું કે માધ્યમિક સ્તરના શિક્ષણને બે વિભાગમાં વહેંચી નાખવામાં આવે.

(૧) એક વિભાગમાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે તૈયાર કરવામાં આવે

(૨) બીજા વિભાગમાં વિદ્યાર્થીઓને વ્યવસાયિક શિક્ષણ આપવામાં આવે.

હંટર કમિશનના આ રિપોર્ટને 1884 માં સ્વીકારી દર વર્ષ બે વૈકલ્પિક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું. પ્રાથમિક શિક્ષણને સ્થાનિક સંસ્થાઓને સોંપી દેવામાં આવ્યું. સ્થાનીય 'સ્વશાસન અધિનિયમ' અંતર્ગત આ માટે સરકારે-અનુદાન (grant) આપવાના નિયમો બનાવ્યા. જેના કારણે માધ્યમિક સ્કૂલોનો રાફડો ફાટી નીકળ્યો. સ્થાનીય સમિતિઓ દ્વારા ફી લઈને ચલાવાતી આવી સ્કૂલોના કારણે હંટર કમિશનની ભલામણો ફળદાયી સાબિત ન થઈ.

ઈ.સ. 1896 માં 'અખિલ ભારતીય શિક્ષણ સેવા' શરૂ કરવામાં આવી. ઈંગ્લેન્ડમાં યોજાનારી પરીક્ષા દ્વારા આ સેવામાં નિમણૂંક કરવામાં આવતી. ભારતીયો આ પરીક્ષા આપી શકતા પરંતુ ઈંગ્લેન્ડમાં આ પરીક્ષાઓ યોજાતી હોવાથી મોટાભાગે 'અખિલ ભારતીય શિક્ષણ સેવા'માં અંગ્રેજો જ નિયુક્ત થતા. આ પ્રકારની વ્યવસ્થા છેક 1919 સુધી ચાલી.

## હાર્ટોગ કમિટી (1929)

## (Hartong Committee Report - 1929)

1919 માં બ્રિટિશ સરકારે નવું સંવિધાન લાગુ કર્યું. આ સંવિધાન મુજબ કેટલાક વિભાગોનું સંચાલન ગર્વનર દ્વારા અને અમુક વિભાગોનું સંચાલન પ્રાંતીય ધારાસભાના મંત્રીઓ દ્વારા કરવામાં આવતું હતું.

- આ સમય દરમિયાન શિક્ષણ સંસ્થાઓ અને વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણો વધારો થયો. 'ઈન્ડિયન સ્ટેટ્યુટરી કમિશન'ની સહાયક સમિતિ જે હાર્ટોગ કમિટીના નામે પ્રસિદ્ધ છે. તેણે પોતાના રિપોર્ટમાં કેટલીક ભલામણો કરી તેની ભલામણો નીચે મુજબ છે :-
- પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર જેટલા પ્રમાણમાં થયો તેટલા પ્રમાણમાં સાક્ષરતા દરમાં વધારો થયો નહીં કારણકે પહેલા ધોરણમાં પ્રવેશ લેનાર બાળકો ચોથી-પાંચમી પછી ભણવાનું છોડી દેતા હતા. તેથી આ અપવ્યયને રોકવા માટે કમિટિએ કેટલીક ભલામણો કરી.
- માધ્યમિક કક્ષાએ અભ્યાસક્રમમાં વિવિધતા લાવવાનું સૂચન કર્યું.
- આયોગ દ્વારા સામાન્ય શિક્ષણની સાથે સાથે ભૌતિક અને શારીરિક વિજ્ઞાનના સિદ્ધાંતો,

આદાન-પ્રદાનના સાધન રૂપે ભાષાનાં સ્પષ્ટ અને પ્રભાવશાળી પ્રયોગ ઉચ્ચ જીવનમૂલ્યો અને સહકારના શિક્ષણ પર ભાર મૂકવામાં આવ્યો.

- 1936 માં મુંબઈમાં યુનિવર્સિટીમાં સૌ પ્રથમ એમ.એડ્.નો અભ્યાસક્રમ દાખલ કરવામાં આવ્યો હતો.

આ સિવાય પગારમાં રહેલી વિસંગતિઓ દૂર કરવા, ખેતી અને વ્યવહારિક શિક્ષણનો પ્રસાર કરવા, ગ્રામ વિશ્વ વિદ્યાલયોની સ્થાપના કરવા, સ્નાતક કક્ષાના અભ્યાસક્રમની અવધિ ત્રણ વર્ષ કરવા, શિક્ષણના માધ્યમ તરીકે પ્રાદેશિક ભાષાને માધ્યમ તરીકે સ્વીકારવા તેમજ વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ UGC ની સ્થાપના કરવામાં આવી. આ આયોગની ભલામણના આધારે 1953 માં વિશ્વ વિદ્યાલય અનુદાન આયોગ UGC ની સ્થાપના કરવાની ભલામણ કરવામાં આવી.

## સાર્જન્ટ પ્લાન (1944)

## (Sargent Scheme / Plan / Commission - 1944)

- 1935 માં ભારત સરકાર અધિનિયમ-1935 મુજબ પ્રાંતીય સરકારોને સ્વાયત્તતા આપવામાં આવી. આ સમયે ઉચ્ચશિક્ષણનો વિસ્તાર થયો પણ માધ્યમિક શિક્ષણના વિસ્તારની ગતિ મંદ રહી. આના કારણે સાર્જન્ટ પ્લાન મુજબ માધ્યમિક શિક્ષણનું પુનઃ ગઠન કરવામાં આવ્યું.

  (૧) કલા (Art) અને મૂળવિજ્ઞાન (Basic Science) નો અભ્યાસ કરાવતી શાળાઓ,

  (૨) ટેકનિકલ હાઈસ્કૂલ. એમ બે પ્રકારની શાળાઓ શરૂ કરવામાં આવી.

***સાર્જન્ટ પ્લાનની અગત્યની ભલામણો :-***

- ગ્રામીણ અભ્યાસક્રમમાં ખેતી (કૃષિ) પર બળ આપવું.
- કન્યાકેળવણીના ક્ષેત્રમાં વૈકલ્પિક વિષય તરીકે ગૃહવિજ્ઞાન સામેલ કરવું.

1940 ના દશકને શિલ્પશિક્ષણ, વ્યવસાયિક શિક્ષણ વાણિજ્યિક શિક્ષણના સ્વસ્થ વિકાસની દિશામાં સાર્થક કદમ માની શકાય.

સાર્જન્ટ કમિશને ભારતમાં શિક્ષણના વિકાસ માટે એક દીર્ઘકાલીન રિપોર્ટ તૈયાર કર્યો તે 'વિશ્વવિદ્યાલય શિક્ષણ આયોગ' તરીકે ઓળખાય છે.

# રાધાકૃષ્ણન્ આયોગ (1948-49)

## યુનિવર્સિટી શિક્ષણ કમિશન -1948

આ શિક્ષણનીતિને 'રાધાકૃષ્ણન્ આયોગ' તરીકે પણ ઓળખવામાં આવે છે. 1948 માં ડૉ. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં યુનિવર્સિટી શિક્ષણ કમિશનની રચના સાથે જ ભારતમાં શિક્ષણ વ્યવસ્થાને વ્યવસ્થિત કરવાની શરૂઆત થઈ.

સ્વતંત્ર ભારતમાં આ પહેલી શિક્ષણ વ્યવસ્થા છે. ઉચ્ચ શિક્ષણની શ્રેણી કલા, વિજ્ઞાન અને વ્યાવસાયિક, ટેક્નોલોજી વ્યાવસાયિક ટેક્નોલોજીના વિષયોને અલગ વિભાગમાં ખોલવા શિક્ષક શિક્ષણ, કૃષિ શિક્ષણ, વાણિજ્ય શિક્ષણ, ટેક્નોલોજી શિક્ષણ, મેડીકલ શિક્ષણ, કાનૂન શિક્ષણ વગેરે માર્ગદર્શન રાધાકૃષ્ણન્ આયોગ દ્વારા આપવામાં આવેલ છે. આ રીતે વિશ્વ વિદ્યાલય શિક્ષણ કમિશનની શરૂઆત થઈ, જે સ્વતંત્ર ભારત માટે ગૌરવનું સ્થાન પામે છે.

# મુદલિયાર પંચ

## માધ્યમિક શિક્ષણ પંચ (1952-53)

ડૉ. લક્ષ્મણ સ્વામી મુદલિયારની અધ્યક્ષતામાં ઈ.સ. 1952 માં આ પંચની સ્થાપના કરવામાં આવી.

- ❑ અભ્યાસક્રમમાં વૈવિધ્ય લાવવું, ત્રિસ્તરીય સ્નાતક અભ્યાસક્રમ શરૂ કરવાની ભલામણ કરી.
- ❑ પંચે નોંધ્યું કે તત્કાલિન અભ્યાસક્રમ અને અધ્યાપન પરીક્ષાકેન્દ્રી બની ગયું છે. જેના કારણે વિદ્યાર્થીની રસરુચિ, મૌલિકતા અને ક્ષમતાઓ પર વિઘાતક અસર પડે છે.

### મુખ્ય ભલામણો :-

- ❖ હેતુલક્ષી પરીક્ષા પદ્ધતિ અપનાવવી.
- ❖ સ્કૂલોએ વિદ્યાર્થીની પ્રગતિનો રેકોર્ડ રાખવો અને સર્વાંગી પ્રગતિ પર ભાર મૂકવો.
- ❖ સંખ્યાત્મક ગુણ (માર્ક્સ) આપવાના બદલે સાંકેતિક અંકન (ગ્રેડ) પદ્ધતિને અનુસરવું.

- ❖ એક જાહેર પરીક્ષા લેવી જેના અંતિમ પરિણામ આપતી વખતે શાળા દ્વારા લેવામાં આવેલી કસોટીઓ, સ્કૂલ રેકોર્ડ અને જાહેર પરીક્ષાના પરિણામના આધારે પ્રમાણપત્ર આપવું.
- ❖ માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક કક્ષાએ એક કેન્દ્રીય અભ્યાસક્રમ હોવો જોઈએ. ભાષા, સામાજિક વિજ્ઞાન, ગણિત, કલા, સંગીત, શારીરિક શિક્ષણ જેવા મૂળભૂત વિષયોનો કેન્દ્રીય વિષયોમાં સમાવેશ કરવો જોઈએ.

આ સૂચન મુજબ પ્રાદેશિક સરકારોએ ટેક્નિકલ, વાણિજ્ય, (કોમર્સ) અને કૃષિ હાઈસ્કૂલોને વધારે અનુદાન આપવાનું શરૂ કર્યું.

- ❖ માધ્યમિક સ્તરે વ્યવસાયિક અભ્યાસક્રમની શરૂઆત કરવામાં આવી.
- ❖ માધ્યમિક સ્તરે ભારતીય ભાષાઓને શિક્ષણના માધ્યમ રૂપે સ્વીકારવામાં આવી. જો કે વિશ્વ વિદ્યાલય સ્તરે પણ અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ અનિવાર્યપણે રહ્યું.

1952-53 માં નિમાયેલા માધ્યમિક શિક્ષણ પંચે શિક્ષણના નીચેના ઉદ્દેશો (Goals) નક્કી કર્યા હતા.

(૧) લોકશાહી નાગરિકતાનો વિકાસ

(૨) જીવન જીવવાની કળા માટે શિક્ષણ

(૩) સાચી દેશભક્તિની ભાવનાનો વિકાસ

(૪) વ્યવસાયિક ક્ષમતાનો વિકાસ

(૫) વ્યક્તિત્વનો વિકાસ

(૬) નેતૃત્વ માટેની કેળવણી

# કોઠારીપંચ - 1964-66

# રાષ્ટ્રીયશિક્ષણ પંચ - 1964-66

## *(Kothari Education Commission - 1964-66)*

રાષ્ટ્રીયશિક્ષણ પંચની સ્થાપના ઈ.સ. 1964 માં થઈ. 1964 માં ભારતની કેન્દ્ર સરકારે ડૉ. દૌલતસિંહ કોઠારીના નેતૃત્વ શિક્ષણ પદ્ધતિને નવો આકાર અને હેતુ આપવા માટે કમિશનની સ્થાપના થઈ. જે કોઠારી કમિશન કહેવાય છે.

પ્રો. દોલતસિંહ કોઠારીની અધ્યક્ષતામાં રચાયેલા આ આયોગે સ્વતંત્રતા પછી ભારતીય શિક્ષણ વ્યવસ્થા પર વ્યાપક દૃષ્ટિએ વિચાર કર્યો. ભારતના શૈક્ષણિક ઈતિહાસમાં આ આયોગનું મહત્વપૂર્ણ સ્થાન છે. એનાં બે કારણો છે-

(૧) શિક્ષણના પુનરુદ્ધાર માટે વ્યાપક વિચાર કર્યો.

(૨) રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું માળખું તૈયાર કર્યું.

આ આયોગનું મૂળ ત્રીજી પંચવર્ષીય યોજના હતી. જેણે સાફ શબ્દોમાં દેશની શિક્ષણ પદ્ધતિની બાબતમાં ફેર વિચારણા પર જોર આપ્યું. દેશમાં શિક્ષણના સાર્વત્રિકરણની બંધારણીય પ્રતિબદ્ધતા પૂરી થઈ ન હતી અને શૈક્ષણિક અસમાનતા દૂર થઈ શકી ન હોવાથી 1964 માં સરકાર દ્વારા કોઠારી પંચની રચના કરવામાં આવી. સરકાર દ્વારા શિક્ષણ પર રચવામાં આવેલું આ છઠ્ઠુ પંચ હતું. પરંતુ વાસ્તવિક રીતે ભારતીય શિક્ષણ પદ્ધતિનો સર્વાંગી અભ્યાસ કરનાર પ્રથમ પંચ હતું જેના પરિણામે 1968 માં રાષ્ટ્રીય શિક્ષણનીતિ અમલમાં આવી. તેની ભલામણો નીચે મુજબ છે.

- ❑ રાષ્ટ્રીય જીવનની જરૂરિયાતો અને ઈચ્છાઓને પરિપૂર્ણ કરે તે પ્રકારની શિક્ષણ પદ્ધતિ અપનાવવી.
- ❑ યોગ્ય સ્તર પ્રાપ્ત કરવા માટે શિક્ષણમાં ગુણાત્મક સુધારણા કરવી.
- ❑ સમાન શૈક્ષણિક અવસરો ઉપલબ્ધ કરાવવા.

પંચે શિક્ષણને ભારતીય સમાજમાં અપેક્ષિત પરિવર્તન લાવવા માટે શક્તિશાળી માધ્યમ માન્યું. ખાસ કરીને દેશ જ્યારે વસ્તી વિસ્ફોટ, ગરીબી, ધીમો આર્થિક વિકાસ, સામાજિક-આર્થિક અસમાનતા અને રાજકીય અસ્થિરતા જેવી સમસ્યાઓને હલ કરવા માટે શિક્ષણ કારગત

માધ્યમ છે. સંગઠિત શિક્ષણ કાર્યક્રમની જરૂરિયાત બળ આપતાં આયોગ દ્વારા બાર કાર્ય દલ અને સાત કાર્યકારી સમૂહની રચના કરી. જેના દ્વારા દેશની જરૂરિયાતો અને સામાજિક-આર્થિક પરિવર્તન વિશે પંચે અનેક ઉપાયો અને ભલામણો કરી.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1968)

કોઠારી શિક્ષણ પંચની ભલામણોને આધારે સરકાર દ્વારા 1968 માં રાષ્ટ્રીય શિક્ષણ નીતિની ઘોષણા કરવામાં આવી. જેની પ્રમુખ વિશેષતાઓ આ મુજબ છે.

(૧) સામાન્ય રીતે દેશના બધા ભાગોમાં એક સમાન શિક્ષણ માળખું અપનાવવું લાભપ્રદ રહેશે, જે 10+2+3 પ્રકારનું રહેશે.

(૨) શિક્ષણ પર કરવામાં આવતા ખર્ચને ધીરે ધીરે કુલ રાષ્ટ્રીય આવકના 6% જેટલો વધારવો.

(૩) શિક્ષકોના પગાર અને સેવાની શરતો એમની યોગ્યતા અને જવાબદારી અનુરૂપ હોવી જોઈએ. વળી, શિક્ષકોને સેવાકાલીન પ્રશિક્ષણ આપવું જોઈએ.

(૪) ગ્રામીણ અને પછાત વિસ્તારોમાં શિક્ષણની સર્વોત્તમ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી.

(૫) મહિલાઓ, અનુસૂચિત જાતિ-જનજાતિ, આદિવાસી તથા વિકલાંગ બાળકોને પણ યોગ્ય શિક્ષણ મળી રહે તેની વ્યવસ્થા કરવી.

(૬) અભ્યાસક્રમને વધારે ઉંડાણવાળો બનાવવામાં આવે અને પાઠ્યપુસ્તકો તથા અધ્યાપન વિધિઓમાં સુધારો કરવો જોઈએ.

(૭) સ્કુલ લેવલના શિક્ષણમાં વિજ્ઞાન ટેક્નોલોજી અને વ્યવસાયિક શિક્ષણને વિશેષ મહત્વ આપવું જોઈએ.

(૮) નબળા વર્ગના બાળકોના શિક્ષણને ઉત્તેજન આપવા માટે શિષ્યવૃત્તિ વધારવી જોઈએ. અલ્પકાલીન તેમજ પત્ર વ્યવહાર દ્વારા ચાલતા અભ્યાસક્રમો પર ભાર આપવામાં આવે.

1968 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ પછી 21મી સદીના ભારતને ઝડપથી વિકસતા વિજ્ઞાનયુગ સાથે કદમ મિલાવવા માટે જાન્યુઆરી 1985 માં તત્કાલિન પ્રધાનમંત્રી રાજીવ ગાંધીએ 'નવી શિક્ષણનીતિ' લાવવાનું વચન આપ્યું હતું.

ઈ.સ. 1986ના અંદાજપત્ર સત્ર દરમિયાન લોકસભાએ પુખ્ત વિચાર વિમર્શ કર્યા બાદ

''રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986'' નો નિર્ધાર કર્યો હતો. આ કાર્યક્રમ નક્કી કરવા માટે સૌ પ્રથમ તો 23 જેટલી કાર્ય સમિતિઓની રચના કરવામાં આવી હતી. સમિતિના સક્રિય સભ્ય તરીકે વિવિધ ક્ષેત્રોની વિશિષ્ટ વ્યક્તિઓ જેવી કે પ્રખર કેળવણીકાર, તજ્જ્ઞો, ભારત તેમજ રાજ્ય સરકારના પ્રતિનિધિઓની નિયુક્તિ કરવામાં આવી હતી.

## કાર્ય સમિતિઓને સોંપવામાં આવેલા વિવિધ વિષયોની સૂચિ નીચે પ્રમાણે હતી.

(૧) શિક્ષણનીતિને કાર્યાન્વિત કરવી.

(૨) શાળા શિક્ષણની પ્રક્રિયા તથા પાઠ્યક્રમ (અભ્યાસક્રમ)

(૩) સ્ત્રીઓને સમાનતા માટે શિક્ષણ

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તથા અન્ય પછાતવર્ગ માટેનું શિક્ષણ

(૫) લઘુમતિઓ માટેનું શિક્ષણ

(૬) શારીરિક ક્ષતિવાળા માટેનું શિક્ષણ

(૭) પ્રૌઢ તથા નિરંતર શિક્ષણ

(૮) બાળ-સંભાળ અને શિક્ષણ

(૯) પ્રાથમિક શિક્ષણ (અવૈધિક શિક્ષણ તથા શાળા સુવિધાઓ-ઓપરેશન બ્લેક બોર્ડ સહિત)

(૧૦) માધ્યમિક શિક્ષણ અને નવોદય વિદ્યાલયો

(૧૧) વ્યવસાયીકરણ

(૧૨) ઉચ્ચ શિક્ષણ

(૧૩) મુક્ત વિદ્યાપીઠ (Open University) તથા દૂરવર્તી શિક્ષણ (Distance Learning- D.L.)

(૧૪) તાંત્રિક અને સંચાલન શિક્ષણ

(૧૫) સંશોધન અને વિકાસ

(૧૬) માધ્યમ અને શૈક્ષણિક ટેક્નોલોજી (શિક્ષણ ક્ષેત્રે કમ્પ્યૂટરના ઉપયોગ સહિત)

(૧૭) વિવિધ સેવાઓ સાથે ઉપાધિઓનું વિચ્છેદન અને માનવ શક્તિ અંગે આયોજન

(૧૮) સાંસ્કૃતિક તથા દર્શન અને ભાષાકીય નીતિનું અમલીકરણ

(૧૯) રમત-ગમત, શારીરિક શિક્ષણ તથા યુવાવર્ગ

(૨૦) મૂલ્યાંકન પ્રક્રિયા અને પરીક્ષા સુધારણા

(૨૧) શિક્ષકો અને શિક્ષણની તાલીમ

(૨૨) શિક્ષણનું સંચાલન

(૨૩) ગ્રામવિદ્યાપીઠો-સંસ્થાઓ

કાર્ય સમિતિઓ દ્વારા જુલાઈ 1986 માં પોતાના વિવિધ વિષયો પરના અભ્યાસક્રમપૂર્ણ અહેવાલો સુપરત કરવામાં આવ્યા.

માનવસંપત્તિ વિકાસ મંત્રાલયના મંત્રીશ્રીની અધ્યક્ષતામાં અહેવાલ અંગે અનેક મિટીંગો દ્વારા વિશાદ ચર્ચા- વિચારણા કરવામાં આવી.

20 જુલાઈ, 1986 ના રોજ ભારત સરકાર તથા રાજ્ય સરકારના પ્રતિનિધિઓની પરિષદમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિના સંદર્ભમાં 'અમલીકરણ કાર્યક્રમ' તૈયાર કરવામાં આવ્યો. 1986 ની પહેલી તથા બીજી ઓગષ્ટના રોજ નવી દિલ્હી ખાતે શિક્ષણ વિષયક મધ્યસ્થ સલાહકાર બોર્ડની બેઠકમાં બહુમૂલ્ય સૂચનો કરવામાં આવ્યા. ત્યારબાદ ચર્ચા વિચારણાને અંતે અમલીકરણ કાર્યક્રમ લોકસભાના ટેબલ પર ઉપર મૂકાયો.

કાયક્રમનો અમલ એ ભારત તેમજ રાજ્ય સરકારનો સહિયારો પ્રયાસ રહેશે. આમ, રાષ્ટ્ર નવનિર્માણની કેડી કંડારવામાં 'करना है निर्माण' ના નારા સાથે રાષ્ટ્રીય શિક્ષણનીતિ કાર્યાન્વિત કરાઈ.

શિક્ષણ મંત્રાલય દ્વારા ઓગષ્ટ 1985 માં પ્રકાશિત કરેલ 'શિક્ષણની પડકાર-નીતિ પરિપ્રેક્ષ્ય' ની વિષય સૂચિમાં ચાર પ્રકરણોમાં વિભાજિત કરેલી હતી.

(૧) શિક્ષણ, સમાજ અને વિકાસ

(૨) શૈક્ષણિક વિકાસનું સમગ્ર દર્શન

(૩) આલોચનાત્મક મૂલ્યાંકન

(૪) શૈક્ષણિક નવસંસ્કરણનો અભિગમ

## રાષ્ટ્રીય શિક્ષણ વ્યવસ્થાના મુખ્ય લક્ષણો નીચે મુજબ છે :

- ❑ જ્ઞાતિ, જાતિ, પ્રાદેશિકતા કે લિંગના ભેદભાવ વિના નક્કી કરેલા સ્તરે તમામ વિદ્યાર્થીઓને ગુણવત્તાવાળું શિક્ષણ
- ❑ પ્રત્યેકને શિક્ષણની સમાન તક જ નહીં પરંતુ શિક્ષણમાં સફળતા પ્રાપ્તિની પરિસ્થિતિ ઉભી કરવી.
- ❑ 10+2+3 નું શિક્ષણનું સમાન માળખું
- ❑ અન્ય સ્થિતિસ્થાપક વિભાગો સાથે સર્વસામાન્ય હાર્દરૂપ તત્વો ધરાવતું રાષ્ટ્રીય અભ્યાસક્રમ ધરાવતું માળખું. હાર્દરૂપ તત્ત્વો, જેવાં કે-
  - ➢ ભારતની સ્વતંત્રતા ચળવળને આવરી લેતો ઈતિહાસ
  - ➢ બંધારણીય જવાબદારીઓ
  - ➢ રાષ્ટ્રીયતાના ગૌરવને વધારનારી બાબતો
  - ➢ રાષ્ટ્રનો સાંસ્કૃતિક વારસો
  - ➢ લોકશાહી અને બિનસાંપ્રદાયિકતા
  - ➢ દૂરંદેશિતા, જાતીય સમાનતા
  - ➢ પર્યાવરણનું રક્ષણ
  - ➢ સામાજિક ભેદભાવ દૂર કરવા
  - ➢ નાના કુટુંબના લક્ષ્યાંકનું પાલન કરવું
  - ➢ વૈજ્ઞાનિક વલણ કેળવવું
- ✶ શિક્ષણના દરેક તબક્કે અધ્યયનનું ન્યૂનતમ સ્તર નક્કી કરવું.
- ✶ દેશના વિભિન્ન ભાગોમાં વસતા લોકોની સંસ્કૃતિ અને જીવન પદ્ધતિ વિશે વિદ્યાર્થીઓના મનમાં સમજ કેળવવી.
- ✶ વ્યવસાયિક જગત અને સાહસિકતાના વિકાસ માટે કડીરૂપ બનવું.
- ✶ અધ્યયનના વિવિધ સાધનો દ્વારા આજીવન અભ્યાસ અને તાલીમ માટે જિજ્ઞાસા ઉભી કરવી.
- ✶ રાષ્ટ્રીય પદ્ધતિના શિક્ષણ માટે રાષ્ટ્રીય સંસ્થાઓને મુખ્ય અને અગત્યનો ભાગ ભજવવા માટે પગભર કરવી.

# રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું

રાષ્ટ્રીય શિક્ષણનીતિ, આર્ષદષ્ટિપૂર્વક એવા અભ્યાસક્રમની ભલામણ કરે છે કે જેનું હાર્દ તથા વિષયવસ્તુ એકસરખી (Common) હોવા છતાં લવચિકતા વાળી (Flexible) ફેરફારને પાત્ર હોય.

***પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માટે અભ્યાસક્રમના મૂળભૂત લક્ષણો :***

- ❑ રાષ્ટ્રીય વિકાસના ધ્યેયને અનુભૂત કરવા માટે માનવસંપત્તિનો વિકાસ
- ❑ પ્રાથમિક, ઉચ્ચ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ દરેક અધ્યેતાને વિશાળ પાયાનું સામાન્ય જ્ઞાન.
- ❑ પ્રાથમિક, ઉચ્ચ માધ્યમિક અને માધ્યમિક કક્ષાએ શિક્ષણ માટેની સામાન્ય નીતિ
- ❑ અભ્યાસક્રમના માળખામાં હાર્દરૂપ બાબતોનો સમાવેશ
- ❑ શિક્ષણના દરેક ક્ષેત્ર અને દરેક કક્ષાએ લઘુત્તમ અધ્યયન નીપજની વ્યાખ્યા કરવી.
- ❑ અપેક્ષિત લઘુત્તમ અધ્યયન નીપજ પ્રાપ્તિ માટે શિક્ષણ અનુભવમાં વિષયવસ્તુ, વિષયક્ષેત્રોની પસંદગીમાં લચિકતા
- ❑ બાળકેન્દ્રી શિક્ષણ
- ❑ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક વિષયોનાં મૂલ્યાંકન માટે પરીક્ષા પદ્ધતિનું નવીનીકરણ
- ❑ સમગ્ર રાષ્ટ્ર માટે વિષય ક્ષેત્રો તથા પસંદગી માટે નેશનલ ટેસ્ટ, સર્વિસ જેવા એક સુવ્યવસ્થિત તંત્રની પસંદગીની સ્થાપના
- ❑ અધ્યેતા ગમે તે પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરતો હોય પણ અભ્યાસક્રમ એ રીતે તેને લાગુ થવો જોઈએ કે તે અધ્યેતાને સમાંતર તથા ઊર્ધ્વગામી વિકાસની તકો પૂરી પાડે
- ❑ દરેક શાળા તથા અવૈધિક શિક્ષણનાં કેન્દ્રોમાં અભ્યાસક્રમના અસરકારક વિનિમયની સુવિધાઓ

## શિક્ષણ કાર્યદલ (1985)

1980 ના દાયકામાં ભારતમાં રાજનીતિક અને આર્થિક ક્ષેત્રોમાં પરિવર્તન જોવા મળ્યું. ભારતમાં ટેક્નિકલ અને વ્યવસાયલક્ષી શિક્ષણની જરૂરિયાત ઊભી થઈ. આ જરૂરિયાતોને પૂર્ણ કરવા તત્કાલીન વડાપ્રધાન રાજીવ ગાંધી દ્વારા ઈ.સ. 1985 માં પ્રો. કુલદૈસ્વામીની અધ્યક્ષતામાં એક કાર્યદલની રચના કરવામાં આવી હતી. જેણે વ્યવસાયલક્ષી પ્રવાહોમાં નીચે મુજબના વર્ગીકરણની ભલામણ કરી.

(૧) કૃષિ અભ્યાસક્રમ

(૨) વ્યવસાય અને વાણિજ્ય અભ્યાસક્રમ

(૩) એન્જિનિયરીંગ અને ટેક્નોલોજી અભ્યાસક્રમ

(૪) સ્વાસ્થ્ય તથા ઉપચિકિત્સિય અભ્યાસક્રમ

(૫) ગૃહજીવન વિજ્ઞાન અભ્યાસક્રમ

(૬) અન્ય અભ્યાસક્રમ

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1986)

ભારતમાં આકર લઈ રહેલી નવી સામાજિક-આર્થિક વ્યવસ્થાના અનુસંધાને ભારત સરકાર દ્વારા 'શિક્ષણના પડકારો-નીતિગત પરિપ્રેક્ષ્ય' નામે એક ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું. જે દસ્તાવેજ 1986ની રાષ્ટ્રીય શિક્ષણનીતિના રૂપમાં પરિણમ્યો. આ નીતિની પ્રમુખ વિશેષતાઓ નીચે મુજબ છે.

(૧) 21મી સદીની જરૂરિયાતો મુજબ બાળકોમાં જરૂરી કૌશલ્યો અને યોગ્યતાનો વિકાસ કરવો

(૨) એક ગતિશીલ, વિકાસશીલ, પ્રતિબદ્ધ અને પરિવર્તનશીલ સમાજનું નિર્માણ કરવું.

(૩) પ્રાથમિક શિક્ષણનો વિસ્તાર અને વિકાસ કરવો.

(૪) 14 વર્ષ સુધીના તમામ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા માટે વિશેષ કાર્યક્રમની રચના કરવી.

(૫) સમાજના સર્વાંગીણ વિકાસ માટે શિક્ષણ આવશ્યક છે.

(૬) સંશોધન અને વિકાસ દ્વારા આર્થિક પ્રગતિ વધારવી અને જાળવી રાખવી. ટેક્નિકલ જ્ઞાન ક્ષેત્રે આત્મનિર્ભર બન્યું અને એના સંચાલન માટે આવશ્યક માનવબળ ઊભું કરવું.

(૭) 10+2+3 પદ્ધતિ આખા દેશમાં લાગુ કરવી.

(૮) આખા દેશ માટે એક સમાન રાષ્ટ્રીય અભ્યાસક્રમ નક્કી કરવો. જે ભારતની સાંસ્કૃતિક પરંપરા, સમાનતા, બિનસાંપ્રદાયિકતા, લૈંગિક સમાનતા, પર્યાવરણ સુરક્ષા, સામાજિક ભેદભાવની સમાપ્તિ, વૈજ્ઞાનિક માનસના વિકાસ અને નાના કુટુંબોની વિભાવના જેવા મૂલ્યોને સ્પષ્ટ કરતો હોય.

(૯) શિક્ષણના દરેક સ્તર પર લઘુત્તમ અધ્યયન સ્તર (MLL) નું નિર્ધારણ કરવું. ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણમાં યોગ્યતાના આધારે પ્રવેશ આપવો.

(૧૦) રાષ્ટ્રીય સાક્ષરતા કાર્યક્રમ, અનૌપચારિક તેમજ મુક્ત અને દુરવર્તી શિક્ષણ પર વિશેષ ભાર મૂકવો.

# આચાર્ય રામમૂર્તિ સમિતિ (1990)

## (Acharya Rammurti Committee-1990)

વર્ષ 1989 માં સંયુક્ત મોરચાની સરકાર કેન્દ્રમાં સત્તા પર આવી. તેના દ્વારા રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 માં સંશોધન કરવાની કવાયત શરૂ કરવામાં આવી. તેના માટે આચાર્ય રામમૂર્તિ સમિતિની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિ સામે ત્રણ મુખ્ય વિષયો વિચારણા માટે રજૂ કરવામાં આવ્યા.

(૧) ઈ.સ. 1986 ની રાષ્ટ્રીય શિક્ષણનીતિ અને તેના ક્રિયાન્વયનની સમીક્ષા કરવી.

(૨) નીતિમાં સુધારા વધારા માટે જરૂરી ભલામણો કરવી.

(૩) સંશોધિત નીતિના કાર્યાન્વયન માટે સમયબદ્ધ યોજના બનાવવી.

આ સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણો નીચે મુજબ છે.

(૧) પછાતવર્ગના લોકોના શિક્ષણ માટે કાર્યક્રમ બનાવવો અને તેના પર જરૂરી ખર્ચ કરવો.

(૨) શિક્ષણમાં મોડ્યુલ તથા સેમિસ્ટર પદ્ધતિ અપનાવવી.

(૩) તમામ પ્રકારની સામાજિક - આર્થિક અસમાનતાઓ દૂર કરવા ખાનગી શાળાઓને પણ સામાન્ય શાળાઓના માળખામાં સમાવી લેવા.

## યશપાલ સમિતિ (1992)

## (Yashpal Committee Reports - 1992)

શિક્ષણ પ્રણાલીમાં સુધારો લાવવા માટે પ્રાથમિક શિક્ષણને વધુ સુરુચિપૂર્ણ અને ગુણવત્તાયુક્ત બનાવવા માટે વિદ્યાર્થીઓના અધિગમ સ્તરમાં વૃદ્ધિ તેમજ અભ્યાસક્રમને સુવ્યવસ્થિત અને ગુણવત્તાસભર બનાવવાના હેતુથી ઈ.સ.1992 માં પ્રખ્યાત શિક્ષણશાસ્ત્રી પ્રો. યશપાલની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી.

'ભાર વગરના ભણતર' પર આ સમિતિ દ્વારા જોર મૂકવામાં આવ્યું હતું.

અભ્યાસક્રમ, અધ્યાપક પ્રશિક્ષણ, અધ્યયન-અધ્યાપન પ્રવિધિઓ અને પરીક્ષા પ્રણાલીમાં રચનાત્મક અને ગુણાત્મક પરિવર્તન પર બળ આપવામાં આવ્યું.

## સંશોધિત રાષ્ટ્રીય શિક્ષણનીતિ (1992)

1991 માં કોંગ્રેસ ફરીથી સત્તા પર આવી. પાછળની સરકારો દ્વારા કરવામાં આવેલા પરિવર્તનોનું પુનઃનિરીક્ષણ કરવાના હેતુથી આંધ્રપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી જર્નાદન રેડ્ડીની અધ્યક્ષતામાં એક સમિતિ બનાવવામાં આવી. જેણે નીચે મુજબની ભલામણો કરી.

(૧) દરેક વિદ્યાલયમાં ઓછામાં ઓછા ત્રણ વર્ગો અને ત્રણ શિક્ષકોની વ્યવસ્થા લાગુ કરવી.

(૨) ઓપરેશન બ્લેક બોર્ડ તથા સ્કૂલ કોમ્પ્લેક્સ જેવી યોજનાઓ ચાલુ રાખવામાં આવે.

(૩) સામાજિક-આર્થિક રાષ્ટ્રીય હિતોને અનુરૂપ અભ્યાસક્રમ બનાવવામાં આવે.

(૪) પ્રૌઢ શિક્ષણ માટે જિલ્લા સાક્ષરતા સમિતિ (DLM) શરૂ કરવાની ભલામણ કરી.

(૫) વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક વિકાસ માટે વિદ્યાર્થીઓને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાના કેન્દ્રીય ઘટક તરીકે માનવામાં આવે.

(૬) વ્યવસાયિક શિક્ષણ માધ્યમિક સ્તરે પણ શરૂ કરવામાં આવે.

(૭) સરકાર દ્વારા શિક્ષણ સંસ્થાઓને નાણાંકીય મદદ પૂરી પાડવામાં આવે સાથે સાથે શિક્ષણ સંસ્થાઓ પોતે નાણાંકીય મદદ મેળવવા માટે પ્રયત્ન કરે. જેથી કરીને માળખાગત સુવિધાઓનો વિકાસ કરી શકાય.

## નૉલેજ કમિશન (2005)

દેશમાં શિક્ષણનો વ્યાપ વધ્યો હોવા છતાં તેની ગુણવત્તા યક્ષપ્રશ્ન આપણને સતત પજવે છે. વિશ્વમાં સૌથી વધુ નિરક્ષરો આપણા દેશમાં છે. સમાજમાં વધતી જતી અસમાનતાની ખાઈ ચિંતા પ્રેરક છે. આ બધા પ્રશ્નોના ઉકેલ માટે અને સમયની માંગને સંતોષવા માટે 'નેશનલ નૉલેજ કમિશન' નિમાયું હતું.

13 જૂન 2005 માં જ્ઞાન સંવર્ધિત સંસ્થાઓ અને તેની ભૌતિક સુવિધાઓમાં જરૂરી સુધારા સૂચવવા માટે શ્રી સામ પિત્રોડાના અધ્યક્ષપદે ઉચ્ચકક્ષાની સલાહકાર સમિતિની રચના કરવામાં આવી હતી. જેને નેશનલ નૉલેજ કમિશન તરીકે ઓળખવામાં આવે છે.

પંચ 2 ઓક્ટોબર 2006 થી અસ્તિત્વમાં આવ્યું. પંચે વડાપ્રધાનને 24 જેટલા કાર્યક્ષેત્રોમાં પત્રો સ્વરૂપે ભલામણ સુપરત કરી હતી અને 2006 અને 2007 માં બે સંકલિત અહેવાલો પંચ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા.

### પંચના ઉદ્દેશ્યો :-

→ 21મી સદીના જ્ઞાનના પડકારોને પહોંચી વળે અને જ્ઞાનના ક્ષેત્રમાં ભારતને સ્પર્ધાત્મક ફાયદો કરાવે તેવી નિપુણ વ્યક્તિઓ તૈયાર કરવા શિક્ષણ પદ્ધતિ વિકસાવવી

→ વિજ્ઞાન અને ટેક્નોલોજીની પ્રયોગશાળાઓમાં જ્ઞાનની વૃદ્ધિ કરવી.

→ બૌદ્ધિક માલિકીના કાયદાઓનું સંવર્ધન કરતી વ્યવસ્થાપનની સંસ્થાઓ સુધારવી.

→ ખેતી અને ઉદ્યોગોના ક્ષેત્રમાં જ્ઞાનના ઉપયોજનને પ્રાધાન્ય આપવું.

→ સરકારને અસરકારક, પારદર્શક અને જવાબદારીપૂર્વક સેવા લોકોને આપવા અને પ્રજાને તેના મહત્તમ લાભો મળે તે માટે કુશાગ્ર સેવકો પૂરા પાડવા.

## પંચની મુખ્ય ભલામણો :-

- **2006 ની ભલામણો :-**
    - પુસ્તકાલયો
    - અનુવાદ
    - અંગ્રજીભાષાનું શિક્ષણ
    - રાષ્ટ્રીય જ્ઞાન જાલ
    - શિક્ષણનો હક
    - વ્યવસાયિક તાલીમ-શિક્ષણ
    - ઉચ્ચ શિક્ષણ
    - રાષ્ટ્રીય વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનનો પાયો
    - ઈ-ગવર્નન્સ
- **2007 ની ભલામણો :-**
    - હેલ્થ ઈન્ફર્મેશન નેટવર્ક
    - પોર્ટલ્સ
    - મુક્ત શૈક્ષણિક કાર્યક્રમો
    - કાયદાકીય શિક્ષણ
    - દાક્તરી શિક્ષણ
    - વ્યવસ્થાપનનું શિક્ષણ
    - મુક્ત અને દૂરવર્તી શિક્ષણ વ્યવસ્થા
    - બુદ્ધિગમ્ય મિલકતોના હકો
    - પ્રણાલીગત તંદુરસ્ત પ્રણાલીઓ
    - લોકફાળાના સંશોધન માટે કાયદાકીય માળખું

- 2008 ***ની ભલામણો :-***
  - શાળાકીય શિક્ષણ
  - ઈજનેરી શિક્ષણ
  - ગણિત-વિજ્ઞાનના વધુ વિદ્યાર્થીઓ
  - ધંધાકીય સાહસિકતા

- ***વિચારાધીન બાબતો :-***
  - પોર્ટેલ્સ (જૈવ વિવિધતા, તંદુરસ્તી)
  - વધુ પીએચ.ડી.
  - ખેતીવાડીમાં જ્ઞાનનું ઉપયોજન
  - એક્વાફૂડ્ઝ
  - જીવનમાં ગુણવત્તા

## ટી.આર.એસ. સુબ્રમણ્યમ સમિતિ રિપોર્ટ

રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં સુધારો કરવા માટે ટી.આર.એસ. સુબ્રમણ્યમએ એનો રીપોર્ટ પ્રસ્તુત કર્યો. ત્યાર પહેલાં શિક્ષણ પર બે રિપોર્ટ પ્રસ્તુત કરવામાં આવ્યા. 1968 માં ઈન્દિરા ગાંધી અને 1986 માં રાજીવ ગાંધી પ્રધાનમંત્રીનો કાર્યકાળમાં રાષ્ટ્રીય શિક્ષણનીતિ-1986 ને વર્ષ 1992 માં સંશોધન કર્યું. શિક્ષણ પર વૈશ્વિક કુલ GDP 4.9% છે, જે ભારતમાં માત્ર 3.4% સારા શિક્ષકોનો અભાવ હતો. આ ઘણા weak point ના લીધે નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિ માટેનો રિપોર્ટ 27 May 2016 માં રજૂ કર્યો હતો.

## ડૉ. કે. કસ્તુરીરંગન સમિતિ રિપોર્ટ

જૂન 2017 માં ISRO ના પ્રમુખ ડૉ. કે. કસ્તુરીરંગનની અધ્યક્ષતામાં 11 સભ્યોની કમિટિઓ મળી. આ રિપોર્ટ રજૂ કર્યો હતો. જે 2019 માં ધ્યાને લેવામાં આવ્યો. વિચાર વિમર્શ કરી તેને રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 ની મંજૂરી મળી ગઈ.

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020

# (New Education Policy - 2020)

## રાષ્ટ્રીય શિક્ષણનીતિ - સંકલ્પનાથી સિદ્ધિ તરફ આકર્ષક બાબતો :

જયારથી માનવજાતનો ઉદ્દભવ થયો ત્યારથી શિક્ષણ વ્યવસ્થાનો ઉદ્દ્ભવ થયો છે. અનેક સદીઓથી માનવજાતે શિક્ષણના મહત્વને સ્વીકારેલું છે.

શિક્ષણ એ માનવ અને સમાજની પ્રગતિનો અધારસ્તંભ છે. તે માટે ઉત્તમ નાગરિક તૈયાર કરવા માટે રાષ્ટ્રે શિક્ષણને ખૂબ જ મહત્વ આપ્યું છે. વિશ્વની જે મહાન વ્યક્તિઓ થઈ ગઈ, જેમાં ફિલોસોફર, ધર્મગુરુ, વૈજ્ઞાનિક, સમાજસેવક, તત્વચિંતક, કવિ કે લેખક વગેરેએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે શિક્ષણ તો મેળવ્યું જ છે.

ઉપનિષદોમાં કહ્યું છે કે, -विद्ययामृतमश्नुते અર્થાત્ વિદ્યા કે શિક્ષણ અમરતા આપે છે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં પણ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते એટલે કે જ્ઞાન જેવું કોઈ પવિત્ર નથી. શિક્ષણના મહત્વને વર્ણવવામાં આવ્યું છે તે પરથી કહી શકાય કે, પ્રાચીન કાળથી સમાજમાં શિક્ષણનું મહત્વ શ્રેષ્ઠ સ્થાન ધરાવે છે. પરંતુ સમયના આ વહેણમાં શિક્ષણ વ્યવસ્થામાં પણ પરિવર્તન થતાં રહ્યાં છે.

તાજેતરમાં કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 ને મંજુરી આપી છે. નવી શિક્ષણનીતિ 34 વર્ષ જૂની રાષ્ટ્રીય શિક્ષણનીતિ 1986 National Policy on Education (NPE) 1986 નું સ્થાન લેશે.

NEP National Educational Policy-2020 અંતર્ગત કેન્દ્ર અને રાજય સરકારના સહયોગથી શિક્ષણ ક્ષેત્રમાં ખર્ચ GDP-4.6% ટકાથી વધારીને 6% કરવાનો લક્ષ્યાંક રખાયો છે.

NEP-2020 અંતર્ગત વર્તમાન સક્રીય 10+2 શૈક્ષણિક મોડલના સ્થાને શૈક્ષણિક પાઠ્યક્રમને 5+3+3+4 સિસ્ટમના આધાર પર વિભાજિત કરવામાં આવશે.

NEP-2020 માં ટેક્નિકલ શિક્ષણ, ભાષાકીય અવરોધોને દૂર કરવા, દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિક્ષણને સુગમ બનાવવા વગેરે માટે ટેક્નોલોજીનો ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.

### MHRD નું નામ બદલીને 'શિક્ષણ મંત્રાલય' કરવામાં આવ્યું.

કેબિનેટ દ્વારા માનવ સંસાધન વિકાસ મંત્રાલય MHRD નું નામ બદલીને ***શિક્ષણ મંત્રાલય*** (Education Ministry) કરવાના પ્રસ્તાવનાને મંજૂરી આપવામાં આવી.

શરૂઆતમાં આ મંત્રાલયનું નામ શિક્ષણ મંત્રાલય જ હતું પણ વર્ષ 1985 માં તેનું નામ બદલીને માનવ સંશાધન વિકાસ મંત્રાલય કરવામાં આવ્યું હતું.

NEP-2020 અંતર્ગત MHRD નું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવાનો ઉદ્દેશ્ય શિક્ષણ અને શીખવા Education and Learning ઉપર પુનઃ ધ્યાન આકર્ષિત કરવાનો છે.

- સ્વતંત્ર ભારતની ત્રીજી શિક્ષણનીતિ છે. પહેલી 1968 અને બીજી 1986 માં શિક્ષણનીતિ લાગુ કરવામાં આવી હતી. 1986 પછી આ શિક્ષણનીતિ આવવામાં 34 વર્ષ લાગી ગયા. શિક્ષણનીતિ એક ઝલક છે. સરકાર માટે જેમાં આગળના સમયના ઉદ્દેશ્ય અને લક્ષ્યોને નિર્ધારિત કરવામાં આવે છે. વર્તમાનમાં તેજીથી બદલતા વૈશ્વિક દેશો અને સામાજિક સંરચનામાં થતા પરિવર્તનોને ધ્યાનમાં રાખીને દરેક 10 વર્ષે શિક્ષણ નીતિની સમીક્ષા તથા આવશ્યક ફેરફારો કરવા જોઈએ.

શિક્ષણ એ સમાજની દિશા તથા દશા નક્કી કરે છે. કહેવામાં આવે છે કે કોઈપણ દેશમાં મોટા પરિવર્તનની જરૂર હોય તો શિક્ષણમાં સમયની સાથે પરિવર્તન આવશ્યક છે. ભારતીય જનતા પાર્ટીએ 2014 ના આમ ચુનાવમાં તે કહેલા જે વચન હતા તેમાં શિક્ષણનીતિનું પરિવર્તન પણ હતું. જૂન 2017 માં ISRO ના પ્રમુખ ડૉ. કસ્તુરીરંગનની અધ્યક્ષતામાં 11 સભ્યોની કમિટી મળી. જેમણે મે 2019 માં શિક્ષણનીતિને તૈયાર કરી નવી શિક્ષણનીતિ 2020 ની વિચાર અને સલાહ પ્રક્રિયા વિશ્વની સૌથી મોટી સલાહ અને વિચાર પ્રક્રિયા રહી.

જાન્યુઆરી 2019 થી 31 ઓક્ટોબર 2019 સુધી વ્યાપક સ્તર પર બધા પક્ષને સામેલ કરીને ચર્ચા કરવામાં આવી અને સલાહ લેવામાં આવી.

- 29 જુલાઈ, 2020 કેન્દ્રીય માનવ સંશાધનના મંત્રી રમેશ પોખરિયલ નિશંકને નવી શિક્ષણનીતિનો આકાર રજૂ કર્યો અને એવા નવા યુગની શરૂઆતમાં કીધેલું વરિષ્ઠ કેન્દ્રીય મંત્રી તથા પ્રવક્તા પ્રકાશ જાવડેકર આ નવી શિક્ષણનીતિને ઐતિહાસિક નિર્ણય બતાવ્યો છે.

- ભારતની પહેલી રાષ્ટ્રીય શિક્ષણનીતિ જુલાઈ 1968 માં જાહેર કરી. જે કોઠારી કમિશન પર આધારિત હતી. બીજી શિક્ષણનીતિ 1986 માં જાહેર થઈ જેમાં 1990 માં આચાર્ય રામમૂર્તિની અધ્યક્ષતામાં વાલી સમિતિ તથા 1993 માં પ્રો. યશપાલ સમિતિની સમીક્ષા પર સંશોધન કર્યું.

- સ્વતંત્રતાના સમયમાં શિક્ષણની સ્થિતિ ખૂબ જ કમજોર હતી એ સમયે ભારતની સાક્ષરતા 15 થી 18%, 2011 ની જનગણના અનુસાર ભારતની સાક્ષરતા 74.04% હતી. વિશ્વની સાક્ષરતા

84% થી ઘણી ઓછી છે. ભારતમાં મહિલાની સાક્ષરતાની સ્થિતિ ખૂબ જ દુર્ભાગ્ય રીતે 65.46% છે.

### *નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની જોગવાઈઓ :-*

→ નવી શિક્ષણનીતિ 2020 દ્વારા શિક્ષણમાં બધા સ્તરો પદ્ધતિઓ તે સંબંધિત જોગવાઈઓ કરવામાં આવી છે.

→ શિક્ષણનીતિનો મુખ્ય ઉદ્દેશ્ય ગુણવત્તાપૂર્ણ અને સાર્વભૌમિક શિક્ષણ સાથે વ્યાવસાયિક શિક્ષણ પર વધુ ભાર આપવો. એમાં ભારતીય સંસ્કૃતિની વિવિધતાનો યોગ્ય રીતે સમાવેશ કરવામાં આવ્યો છે.

→ નવી શિક્ષણનીતિ 2020 માં 2030 સુધી સાર્વભૌમિક સ્કૂલ શિક્ષણ તથા આ નીતિને પૂર્ણરૂપમાં ચાલુ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આમાં વિદ્યાર્થીઓની ગ્રહણ કરવાની ક્ષમતા પર વધુ ભાર આપવામાં આવ્યો છે.

→ ભારતમાં શિક્ષણ સંબંધી પરિવર્તનોમાં 2009 માં શિક્ષણ અધિકાર અધિનિયમ મહત્વપૂર્ણ હતા. જે 2010 માં લાગુ જેમાં નિઃશુલ્ક અને ફરજિયાતપણે શિક્ષણની જોગવાઈ 5 થી 14 વર્ષના બાળકો માટે કરવામાં આવી હતી. જે આ શિક્ષણનીતિમાં 5 થી 18 વર્ષના બાળકો માટે જોગવાઈ કરવામાં આવી છે.

→ માનવ સંશાધન મંત્રાલયનું નામ બદલીને શિક્ષણ મંત્રાલય કરવામાં આવ્યું. GDP નો 6% શિક્ષણ ખર્ચ પર કરવામાં આવશે. આના સિવાય લગભગ બે કરોડ જેટલા બાળકો જે Drop out છે. શિક્ષણ એમને પણ જરૂરી બને. આ રીતે મુખ્ય રીતે જોડવામાં આવ્યું છે.

→ 12 વર્ષની જે શાળાની શિક્ષણ પદ્ધતિના બદલે હવે 5+3+3+4 ની ફોર્મ્યુલા લાગુ કરવામાં આવશે.

→ શરૂઆતના 3 વર્ષ પ્રિ પ્રાયમરી શિક્ષણ જેમાં આંગણવાડીનો સમાવેશ કર્યો. ધોરણ-1 તથા ધોરણ-2 નો સમાવેશ કર્યો છે.

→ ધોરણ- 3, 4 અને 5 ને પ્રાથમિક શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં માતૃભાષા/સ્થાનિક અથવા ક્ષેત્રીય ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે અપનાવવા પર ભાર

મૂકવામાં આવ્યો છે.

→ ધોરણ- 6, 7 અને 8 માં ગણિત-વિજ્ઞાન વિષય પર વધુ ભાર આપતાં વ્યાવસાયિક શિક્ષણની શરૂઆત અને શાળા શિક્ષણના છેલ્લા ચાર વર્ષો જે ધોરણ-9, 10, 11 અને 12 ના વિદ્યાર્થીઓને વૈકલ્પિક વિષય પર પસંદ કરવાની છૂટ આપવામાં આવી અને માતૃભાષાને ધોરણ-8 અને આગળના શિક્ષણ માટે પ્રાથમિકતા આપવાનું સૂચન કરાયું છે.

→ 3 વર્ષની ઉંમરથી 6 વર્ષની ઉંમર ધરાવતા બાળકો માટે આંગણવાડી/બાલવાટિકા / પ્રિ સ્કૂલના માધ્યમથી મફત, સુરક્ષિત અને ગુણવત્તાપૂર્ણ પ્રારંભિક બાળપણની સંભાળ અને શિક્ષણ (Early Childhood Care and Education) (ECCE) આપવું.

→ ECCE સાથે સંબંધિત યોજનાઓનું નિર્માણ બને અને અમલીકરણ થાય તે માટે કેન્દ્રીય માનવસંશાધન વિકાસ મંત્રાલય, મહિલા અને બાળવિકાસ મંત્રાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અને આદિજાતિ બાબતોને મંત્રાલયના સહયોગથી કરવામાં આવશે.

→ NEP માં MHRD દ્વારા પાયાની સાક્ષરતા અને સંખ્યાત્મક જ્ઞાન પર એક રાષ્ટ્રીય મિશન (National Mission on Foundational Literacy and Numeracy) ની સ્થાપનાની માંગ કરવામાં આવી છે.

→ રાજ્ય સરકારો દ્વારા વર્ષ 2025 સુધીમાં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-3 સુધીના બધા બાળકોમાં ***પાયાની સાક્ષરતા અને સંખ્યાત્મક જ્ઞાન*** પ્રાપ્ત કરવાના હેતુથી આ મિશનના અમલીકરણની યોજના તૈયાર કરવામાં આવશે.

→ ધોરણ-9 થી 12 ના વિદ્યાર્થીઓને ***સેમિસ્ટર પદ્ધતિ*** અનુસાર મૂલ્યાંકન કરવામાં આવશે.

→ ધોરણ-6 થી પ્રેકટિકલ બાળકોનો વિકલ્પ રહેશે. પ્રાથમિક શાળાઓના બાળકો માટે માતૃભાષાની સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ખેલ અને યોગ પર ભાર મૂકવામાં આવશે.

→ ધોરણ-6 થી જ શૈક્ષણિક અભ્યાસક્રમમાં વ્યાવસાયિક શિક્ષણનો સમાવેશ કરવામાં આવશે અને તેમાં ઈન્ટર્નશીપ (Internship) ની વ્યવસ્થા કરવામાં આવશે.

→ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્વતંત્ર સ્ટેટ સ્કૂલ સ્ટાન્ડર્ડ ઓથોરિટીની રચના કરવાની રહેશે.

→ નેશનલ કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) દ્વારા શાળાકીય શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (National Curricular Framework for School

Education) તૈયાર કરવામાં આવશે.

→ ધોરણ-3, 5 અને ધોરણ-8 ના વિદ્યાર્થીઓ માટે ***યોગ્ય ઓથોરિટી દ્વારા*** પરીક્ષા લેવામાં આવશે.

→ વિદ્યાર્થીઓના સમગ્ર વિકાસને ધ્યાનમાં રાખીને ધોરણ-10 અને ધોરણ-12 ની પરીક્ષાઓમાં બદલાવ કરવામાં આવશે. તેમાં ભવિષ્યમાં સેમેસ્ટર અથવા MCQ આધારિત પરીક્ષા જેવા સુધારાઓને સામેલ કરી શકાય છે.

→ વિદ્યાર્થીઓની પ્રગતિના મૂલ્યાંકન કરવા માટે એક નવું રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર (National Assessment Centre) પરખ (Parakh) ની સ્થાપના કરવામાં આવશે.

→ આ શિક્ષણનીતિ અનુસાર રીપોર્ટકાર્ડ વિદ્યાર્થીની Skill અને અન્ય પ્રવૃત્તિની ભૂમિકા એટલે કે 360 ડિગ્રી સમગ્ર રીપોર્ટકાર્ડ બનશે. જેમાં શિક્ષકોની સાથે સાથે મિત્રોના ગ્રુપનું પણ મૂલ્યાંકન કરવામાં આવશે.

→ વર્ષ 2022 સુધીમાં શિક્ષકો માટે રાષ્ટ્રીય વ્યાવસાયિક ધારા ધોરણો (National Professional Standards for Teachers) NPST વિકસિત કરવામાં આવશે.

→ નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશન (NCTE) દ્વારા (NCERT) ના સહયોગથી શિક્ષણના શિક્ષણ માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખુ (National curriculum Framework for Teacher Education (NCFTE) 2021) વિકસિત કરવામાં આવશે.

→ વર્ષ 2030 સુધીમાં લઘુત્તમ ડિગ્રી લાયકાત 4 વર્ષ કરવામાં આવશે. જેમાં બેચલર ઓફ એજ્યુકેશન B.Ed. ને પણ સમાવવામાં આવશે.

→ NEP-2020 અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો (GER) ને 26.3 ટકા (વર્ષ 2018) થી વધારીને 2035 સુધીમાં 50 ટકા સુધી કરવાનો લક્ષ્ય છે. તેની સાથે જ દેશમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં 3.5 કરોડ સીટોનો વધારો કરવામાં આવશે.

→ ઉચ્ચ શિક્ષણમાં મલ્ટિપલ એન્ટ્રી અને મલ્ટિપલ એક્ઝિટની સુવિધા થશે.

→ NEP-2020 મુજબ M.Phil કોર્સને બંધ કરવામાં આવશે.

→ SRA=State School Regulatory Authority ના માળખાની જોગવાઈ આ શિક્ષણ

દુનિયાથી ચાલુ થશે.

→ 4 વર્ષ ઈન્ટરગ્રેટેડ B.Ed એટલે કે 3 વર્ષ ગ્રેજ્યુએશનની સાથે 1 વર્ષ B.Ed 2 વર્ષ B.Ed અથવા 1 વર્ષ B.Ed course સંચાલન કરવામાં આવશે. 1 વર્ષ B.Ed પોસ્ટ ગ્રેજ્યુએશન પછી પણ કરી શકાશે.

→ TET એટલે કે શિક્ષક પાત્રતાની પરીક્ષા થશે. દસમા ધોરણ સુધીના શિક્ષક આ Exam ને પાસ કરીને પછી યોગ્યતા અનુસાર શિક્ષક બની શકશે.

→ શિક્ષકો દ્વારા જે ગેરકાનૂની કાર્ય કરવામાં આવતા જેના દ્વારા શિક્ષણમાં ખામી દેખાઈ છે. એવા શિક્ષકોને પદ પરથી કાઢી મૂકવામાં આવશે.

→ BLO તરીકે ફરજ બજાવતા શિક્ષકોનાં કાર્યો ઓછાં કરવામાં આવશે.

→ ગ્રેજ્યુએશનમાં 4 વર્ષ અને પોસ્ટ ગ્રેજ્યુએશનમાં 1 વર્ષ કરી શકાશે. ઉપરાંત Research કરવાવાળા વિદ્યાર્થીઓ માટે સરળ રાહ કરવામાં આવી છે. ગ્રેજ્યુએશન વચ્ચે છોડ્યા પછી પણ સર્ટિફીકેટ આપવામાં આવશે. 2 વર્ષ ગ્રેજ્યુએશન પછી ડિપ્લોમા આપવામાં આવશે. છેલ્લા વર્ષ પછી ડિગ્રી આપવામાં આવશે. જે આ જોગવાઈ વિદ્યાર્થીઓ માટે ખૂબ મહત્વ ધરાવે છે.

→ નવી શિક્ષણનીતિ અનુસાર શિક્ષક બનવા માટે એકઝામની સાથે ડેમો અને સાક્ષાત્કારની પણ જોગવાઈ કરેલ છે.

→ શિક્ષકોને સ્થળાંતર સંબંધિત મુખ્ય જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં સ્થળાંતર ગમે ત્યારે નહિ કરી શકે, રોકવામાં આવે અને Promotion ના સમયે જ સ્થળાંતર કરવામાં આવશે. આ જોગવાઈનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે જે ઘણાં એવા ક્ષેત્રોમાં જ્યાં ઓછી સુવિધાવાળી શાળાઓ વિદ્યાલયો છે. ત્યાંથી શિક્ષકો સ્થળાંતર કરે છે. અને ત્યાંના વિદ્યાર્થીઓમાં શિક્ષણ ઓછું જોવા મળે છે. આથી આ જોગવાઈ ખૂબ અસરકારક છે.

→ શાળાકીય અને ઉચ્ચ શિક્ષણમાં વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત અને અન્ય પ્રાચીન ભાષાઓનો વિકલ્પ ઉપલબ્ધ હશે પરંતુ કોઈપણ વિદ્યાર્થી પર ભાષાની પસંદગી પર કોઈ બાધ્યતા હશે નહીં.

ત્રણ ભાષાના ફોર્મ્યુલા હેઠળ એક વિદેશી ભાષા પણ શીખી શકશે.

બધિર વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય અને રાજ્ય સ્તર પર અભ્યાસક્રમ સામગ્રી વિકસિત

કરવામાં આવશે તથા ભારતીય સાંકેતિક ભાષા (Indian Sign Language-ISL) ને આખા દેશમાં સ્ટાન્ડર્ડાઈઝડ્ કરવામાં આવશે. NEP-2020 અંતર્ગત ભારતીય ભાષાઓને સંરક્ષણ અને વિકાસ માટે એક ઈન્ડિયન ઈન્સ્ટીટયુટ ઑફ ટ્રાન્સલેશન એન્ડ ઈન્ટરપ્રિટેશન (IITT) ફારસી, પાલી અને પ્રાકૃત માટે રાષ્ટ્રીય સંસ્થા/સંસ્થાઓ સ્થાપવાનું તથા ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં ભાષા વિભાગોને મજબૂત બનાવવા અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષણની માધ્યમથી માતૃભાષા/સ્થાનિક ભાષાને પ્રોત્સાહિત કરવાનું સૂચન કરાયું છે.

→ વિવિધ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાંથી મેળવેલા ગુણ અથવા ક્રેડિટને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત રાખવા માટે એક 'એકેડેમિક બેન્ક ઓફ ક્રેડિટ' આપવામાં આવશે. જેનાથી અલગ-અલગ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓના માર્ગદર્શનના આધારે તેને ડિગ્રી આપી શકાય.

→ મેડિકલ અને કાયદાકીય શિક્ષણને બાદ કરીને તમામ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર માટે હાયર એજ્યુકેશન કમિશન ઓફ ઈન્ડિયા (HECI) નું ગઠન કરવામાં આવશે.

→ HECI નાં કાર્યોનાં અસરકારક પ્રદર્શન માટે ચાર સંસ્થાઓ સ્થાપવામાં આવશે.

(૧) નિયમન માટે :- નેશનલ હાયર એજ્યુકેશન રેગ્યુલેટરી કાઉન્સિલ (NHERC)

(૨) ધારાધોરણો માટે :- જનરલ એજ્યુકેશન કાઉન્સિલ (GEC)

(૩) ફંડિંગ માટે :- હાયર એજ્યુકેશન ગ્રાન્ટસ કાઉન્સિલ (HEGC)

(૪) માન્યતા માટે :- નેશનલ એક્રેડિએશન કાઉન્સિલ (NAC) નો સમાવેશ થાય છે.

→ કોલેજોનું યુનિવર્સિટીઓ સાથેનું જોડાણ 15 વર્ષમાં સમાપ્ત થઈ જશે. અને તેમને ક્રમાંક અનુસાર સ્વાયત્તતા આપવા માટે તબક્કાવાર સિસ્ટમની સ્થાપના કરવામાં આવશે.

→ દેશમાં IIT અને IIM ને સમકક્ષ વૈશ્વિક ધારાધોરણોની મલ્ટિડિસિપ્લનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટીઝ (MERU) ની સ્થાપના કરવામાં આવશે.

→ શિક્ષણ મૂલ્યાંકન યોજનાના નિર્માણ અને વહીવટી ક્ષેત્રમાં ટેક્નોલોજીના ઉપયોગ અંગેના સ્વતંત્ર વિચાર વિનિમય માટે નેશનલ એજ્યુકેશનલ ટેક્નોલોજી ફોરમ (NETE) નામક એક સ્વાયત્ત સંસ્થાની સ્થાપના કરવામાં આવશે.

→ નવી શિક્ષણનીતિ શિક્ષણમાં ભારતીય સાધન તથા બદલાતા સમય અનુસાર જ્ઞાન કૌશલ્યો તથા મૂલ્યો વલણો જે સારી રીતે સ્થાપિત કરી શકશે. વર્તમાન શિક્ષણ દ્વારા જોડાયેલી મુખ્ય સમસ્યાઓમાં શિક્ષકોની અછત વિદ્યાલયોમાં અછત શિક્ષણ સુધારા પ્રોગ્રામમાં અસફળતા

ગ્રામીણ શિક્ષણમાં ગુણવત્તામાં અછત ઉચ્ચ શિક્ષણમાં પ્રોફેસરોમાં અછત તથા વિશ્વની ટોચની 200 યુનિવર્સિટીઝના લિસ્ટમાં ઓછી સંખ્યામાં ભારતીય વિશ્વ વિદ્યાલયોનો સમાવેશ આ બધા કારણો જે શિક્ષણ ક્ષેત્રમાં એક મોટા પરિવર્તનની સગવડ દર્શાવે છે. નવી શિક્ષણનીતિ આ દિશામાં અસરકારક પગલું છે.

→ 21 મી સદીમાં વિશ્વમાં ભારત મુખ્ય મહાશક્તિ બનવામાં આ શિક્ષણનીતિ યોગ્ય દેહાંતદંડ માઈલના પથ્થર રીતે સાબિત થશે.

→ ભારત પોતાના પ્રાચીનજ્ઞાન અને સંસ્કૃતિને નવી દિશા આપશે કે વિશ્વગુરૂ બનવામાં નવી શિક્ષણનીતિ ઉપયોગી સાબિત થશે.

✤ ✤ ✤ ✤ ✤

આજે રાષ્ટ્ર માટે જે પ્રાસંગિક હોય એવાં અમુક મૂલ્યો જાળવી રાખવાં પડશે. આ મૂલ્યો જો આજના કાળમાં પ્રાસંગિક નહીં હોય તો શિક્ષકોએ અને સમાજે સાથે રહીને અપ્રસ્તુત થઇ ગયેલાં મૂલ્યોને હટાવવાં પડશે, એને પકડીને બેસી ન રહેવાય. જે ડેડ થઇ ગયેલી વસ્તુને આપણે શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરીએ છીએ. એ જ રીતે ડેડ થઇ ગયેલાં મૂલ્યોનું પણ શ્રદ્ધાપૂર્વક વિસર્જન કરવું જોઇએ.

- *'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર*

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ : ૨૦૨૦ પાયાની સંકલ્પનાઓ

→ ડૉ. કે કસ્તુરીરંગનના અધ્યક્ષ સ્થાને નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિની રજૂઆત.

→ 29 જુલાઈ 2020 ના રોજ કેન્દ્રીય કેબિનેટ બેઠકમાં મંજૂરી પ્રાપ્ત થઈ.

→ 21 મી સદીની આ પ્રથમ શિક્ષણનીતિ છે અને દેશમાં અમલી 34 વર્ષ જુની રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NPE) 1986 ના બદલે તેને અમલમાં મૂકવામાં આવશે.

→ આ નીતિ :- (૧) પહોંચ (૨) સમાનતા (૩) ગુણવત્તા (૪) એફોર્ડેબિલિટી (૫) જવાબદારીના મૂળભૂત પાયા પર તૈયાર કરવામાં આવી છે.

→ રાષ્ટ્રીય શિક્ષણનીતિ (NEP) 2020 ની રચના 2.5 લાખ ગ્રામપંચાયતો, 6600 બ્લોક, 6000 ULB, 676 જિલ્લાઓ પાસેથી પ્રાપ્ત થયેલા 2 લાખ જેટલા સૂચનોનો સમાવેશ કરીને કરવામાં આવી છે.

→ Sustainable Development Goals (SDG) નો આધાર

→ To ensure inclusive and equitable quality Education and Promote life long learning. ''સમાવેશી અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવું અને સર્વ માટે આજીવન શિક્ષણ/અધ્યયનની તકોને પ્રોત્સાહન આપવું.''

**Universal Access to Early Childhood Care & Education (ECCE)**
**Foundational Learning Curriculum.**

(A) વર્ષ 3 થી 8 વય જૂથને બે ભાગમાં વહેંચવામાં આવશે.

(૧) ECCE - 3 થી 6 વયજૂથ માટે

(૨) ધોરણ - 1અને 2, 3 થી 5, 6 થી 8 વયજૂથ માટે

(B) Preparatory class (પ્રારંભિક વર્ગો)

5 વર્ષ સુધીના પ્રત્યેક બાળકોને Preparatory class કે બાલવાટીકામાં મોકલવામાં આવશે.

(ધોરણ - 1 પહેલાં)

(C) Unversal Access

વર્ષ 3 થી 6 વયજૂથના બાળકો માટે : મુક્ત, સુરક્ષિત, ઉચ્ચ ગુણવત્તાયુક્ત ECCE માટે

આંગણવાડી, પ્રિસ્કૂલ, બાલવાટીકામાં પ્રવેશ

(D) **Multifaceted**

લવચિક, બહુસ્તરિય, રમત, પ્રવૃત્તિ, શોધખોળ આધારિત અધ્યયન.

(E) **Universal Access :**

→ શિક્ષણના તમામ સ્તરે પ્રવેશના સાર્વત્રિકરણની ખાતરી

→ ડ્રોપઆઉટ બાળકોને પાછા લાવવાના

→ વૈકલ્પિક અને સમાવેશી શિક્ષણના કેન્દ્રો

→ સહપાઠી અધ્યયન (Peer learning)

→ તમામ સ્તરે નિર્ધારિત કરવામાં આવેલ અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ પર ધ્યાન

→ સરકારી અને બિનસરકારી સંસ્થાઓને શાળા શરૂ કરવા માટે પ્રોત્સાહન

→ અધ્યયન માટે બહુવિધ માર્ગ

→ વૈધિક તેમજ અવૈધિક શિક્ષણને સાંકળવા

## બાળકો કેવી રીતે શીખશે ?

અભ્યાસિક અને પદ્ધતિ શાસ્ત્રીય માળખામાં પરિવર્તન

- શાળા માટે નવીન શૈક્ષણિક માળખું (5+3+3+4)

  3 વર્ષ આંગણવાડી / પ્રિસ્કૂલ અને 12 વર્ષ શાળામાં

- પાયાનો તબક્કો (Foundational stage) (5 વર્ષ)

  બહુસ્તરીય, રમત, પ્રવૃત્તિ આધારિત અધ્યયન કરવામાં આવશે.

- પ્રારંભિક તબક્કો (Preparatory stage) (3 વર્ષ)

  રમત, શોધખોળ તેમજ પ્રવૃત્તિ આધારિત અને ઈન્ટર એકટિવ વર્ગખંડ અધ્યયન

- મધ્ય તબક્કો (Middle stage) (3 વર્ષ)

  ગણિત, વિજ્ઞાન, કળાઓ, સામાજિક વિજ્ઞાન તેમજ માનવવિદ્યાઓ માટે અનુભવજન્ય અધ્યયન કરાવવામાં આવશે.

- માધ્યમિક તબક્કો (Secondary stage) (4 વર્ષ)

મલ્ટીડિસિપ્લિનરી અભ્યાસ, જટિલ ચિંતન, લવચિકતા અને વિદ્યાર્થીઓની પસંદગીના વિષયોનો સમાવેશ કરવામાં આવશે.

## ECCE માળખું

**National Curriculum Pedagogical Framework for Early Childhood Education (NCPFECE)** ની રચના NEERT દ્વારા કરવામાં આવશે.

**Multi-Faceted Framework** - લિપિ, ભાષાઓ, સંખ્યાઓ, ગણન, રંગો, આકારો, વર્ગખંડમાં તેમજ તેની બહારની રમતો, કોયડાઓનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત તાર્કિક ચિંતન, સમસ્યા ઉકેલ, ચિત્રકામ અને અન્ય કળાઓનો પણ સમાવેશ કરવામાં આવશે.

**School Preparation Module : NCERT** દ્વારા ધોરણ-1 ના તમામ બાળકો માટે 3 માસનું પ્રવૃત્તિ આધારિત શાળા તત્પરતા મોડ્યુલ તૈયાર કરવામાં આવશે.

**Research and Best Practices : ECCE** ક્ષેત્રમાં કરવામાં આવેલ સંશોધનોના આધારે NCPF ECE તૈયાર કરવામાં આવશે. જેમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રયાસોનો પણ સમાવેશ કરવામાં આવશે.

## પ્રારંભિક બાળશિક્ષણ : રચનાત્મક વર્ષોમાં અધ્યયન

પ્રારંભિક શિક્ષણ માટે બાળકોને નીચેની પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.

- જિજ્ઞાસા વિકસાવવી
- તાર્કિક ચિંતન અને સમસ્યા ઉકેલનો વિકાસ કરાવવો
- વિવિધ કળાઓ અને સંગીતમાં રસરુચિ વિકસાવવા
- કુદરત સાથે સંબંધ બાંધવો
- રંગો, આકારો, લિપિ તેમજ સંખ્યાઓની ઓળખ કરાવવી
- જૂથકાર્ય અને સંકલન કૌશલ્ય વિકસાવવું.
- રમત, પ્રવૃત્તિ તેમજ શોધખોળ આધારિત અધ્યયન કરાવવું.
- નૈતિક સ્વ-ઓળખ, શિષ્ટાચાર, વર્તન અને સાંવેગિક વિકાસને મહત્વ આપવું.

### મિશન મોડમાં ધોરણ-3 સુધીમાં પાયાની સાક્ષરતા અને ગણન

- પાયાના અધ્યયન કૌશલ્યો સાર્વત્રિક રીતે પ્રાપ્ત કરવા યોજના
- **National Mission of Foundational Literacy & Numeracy** શરૂ કરવામાં આવશે.

- પુસ્તક પ્રોત્સાહન - National Book Promotion Policy તૈયાર કરવામાં આવશે, જે અંતર્ગત જાહેર તેમજ શાળાના પુસ્તકાલયોનો વિકાસ કરવામાં આવશે.
- પ્રારંભિક અધ્યયન - પ્રારંભિક વાંચન-લેખન અને ગણિત પર ધ્યાન આપવામાં આવશે.
- 3 માસની પ્રવૃત્તિ આધારિત શાળા - ધોરણ 1 ના તમામ બાળકો માટે 3 માસનું પ્રવૃત્તિ આધારિત શાળા તત્પરતા મોડ્યુલ તૈયાર કરવામાં આવશે.
- રાષ્ટ્રીય સંગ્રહ - DIKSHA (National Repository) પર ઉચ્ચકક્ષાનું અધ્યયન અધ્યાપન સાહિત્ય પ્રાપ્ત કરવામાં આવશે.
- પુસ્તકાલયો - શાળા પુસ્તકાલયની સાથે ડિજિટલ લાઈબ્રેરીને સાંકળવામાં આવશે.

## અભ્યાસક્રમ

### અભ્યાસક્રમમાં ઘટાડો :

- મૂળભૂત જરૂરિયાતો (Core Essentials) તમામ વિષયોના અભ્યાસક્રમને તેની મૂળભૂત જરૂરિયાતોને ધ્યાનમાં રાખી ઘટાડવામાં આવશે.
- જટિલ ચિંતન (Critical Thinking) : સર્વગ્રાહી શિક્ષણ માટે જટિલ ચિંતન, શોધખોળ, તપાસ, ચર્ચા તેમજ પૃથક્કરણ આધારિત અધ્યયન અધ્યાપન પદ્ધતિઓ પર ધ્યાન આપવામાં આવશે.
- ઈન્ટરેક્ટિવ વર્ગો : પાઠ્યપુસ્તક આધારિત શિક્ષણને ઘટાડી ઈન્ટરેક્ટિવ શિક્ષણ પર ભાર આપવો તેમજ વિદ્યાર્થીઓને પ્રશ્નો પૂછવા પ્રેરિત કરવા.
- અનુભવજન્ય અધ્યયન : અનુભવજન્ય અધ્યયન તેમજ વિદ્યાર્થીઓનું ઊંડાણપૂર્વકના અધ્યયન માટે આનંદદાયી, સર્જનાત્મક સંકલિત અને શોધખોળ આધારિત પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવશે.
- ગોખણપટ્ટી દૂર કરી કૌશલ્ય આધારિત અધ્યયનને પ્રોત્સાહન આપતા અભ્યાસક્રમ અને પદ્ધતિશાસ્ત્રમાં વર્ષ 2022 સુધીમાં પરિવર્તન લાવવામાં આવશે.
- વર્ષ 2021 સુધીમાં NCF-2005 અને NCF-TE 2009 માં સુધારા કરવામાં આવશે.
-
    - ***અધ્યયન નિષ્પત્તિઓ* (LO) *ક્ષમતાઓ અને વિષય સંકલન પર ધ્યાન :-***
- ***(૧) ક્ષમતાલક્ષી શિક્ષણ :-*** સ્કૂલ લીડર્સ માટે ક્ષમતા તેમજ નિષ્પત્તિલક્ષી આધારિત પધ્ધતિ

ધરાવતાં આયોજનો તૈયાર કરી અમલીકરણ કરવા માટેના મોડ્યુલ તૈયાર કરવામાં આવશે.

- ***(૨) વિષયોનું સંકલન*** :- માન્ય પેડાગોજી તરીકે આર્ટસ સંકલિત રમતગમત સંકલિત, આઈસીટી સંકલિત તેમજ વાર્તાકથન આધારિત પદ્ધતિઓનું સંકલન કરવામાં આવશે.
- ***(૩) વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ*** :- માનવીય અને બંધારણીય મૂલ્યોના અભ્યાસ માટે વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ કરવામાં આવશે.
- ***(૪) સ્પષ્ટ ભેદ દૂર કરવો*** :- શૈક્ષણિક-સહ શૈક્ષણિક-શૈક્ષણેતર શૈક્ષણિક-વ્યવસાયિક, વિજ્ઞાન-માનવવિદ્યા, રમતગમત કળાઓ-અભ્યાસિક પ્રવૃત્તિઓ વચ્ચેનો ભેદ દૂર કરવો.
- ***(૫) ડિજિટલ સાક્ષરતાને મહત્વ*** :- ડિજિટલ સાક્ષરતા, કોડીંગ તેમજ ગાણિતિક ચિંતન, નૈતિક તર્ક પર ભાર આપવામાં આવશે.
- ***(૬) બહુભાષિક શિક્ષણને પ્રોત્સાહન*** :- ભાષા શિક્ષકોને મેળવવા પડોશના રાજ્યો સાથે એગ્રીમેન્ટ કરવા માટે રાજ્યોને પ્રોત્સાહિત કરવામાં આવશે.
- ***(૭) માનસિક અને શારીરિક સ્વસ્થતા*** :-
    - વિદ્યાર્થીઓ સ્વાસ્થ્ય અને પોષણ, શારીરિક શિક્ષણ તંદુરસ્તી, સુખાકારી તેમજ રમતગમતમાં નિર્ધારિત કૌશલ્યો ફરજિયાત હસ્તગત કરવાના રહેશે.
    - તમામ વિદ્યાર્થીની વર્ષમાં એકવાર શારિરીક તપાસ
    - ***અભ્યાસક્રમમાં જરૂરી સુધારા કરી પાઠ્યપુસ્તકો તેમજ દફતરનો ભાર હળવો કરવામાં આવશે.***
    - શાળા સંકુલમાં કાઉન્સેલર તેમજ શિક્ષકોની ભરતી કરવા માટે રાજ્યોને પ્રોત્સાહિત કરવામાં આવશે.
    - શાળા પરિસરને ડિસેબલ્ડ ફ્રેન્ડલી બનાવવામાં આવશે.
    - શાળામાં સમાવેશી ભાવાવરણ તૈયાર કરવા માટે આચાર્ય તેમજ શિક્ષકોની ભૂમિકા નક્કી કરવામાં આવશે.
-

## • ***અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં પરિવર્તન***

**• Innovative Pedagogy**

→ અનુભવજન્ય અધ્યયન, સંકલિત અધ્યયન, સહપાઠી અધ્યયનને પ્રોત્સાહન અપાશે.

→ શૈક્ષણિક-સહશૈક્ષણિક-શૈક્ષણેતર પ્રવૃત્તિઓ વચ્ચે કોઈ ભેદ રાખવામાં નહીં આવે.

→ શૈક્ષણિક કેલેન્ડરમાં Bagless Day ગોઠવવામાં આવશે.

→ ધોરણ 6 થી 12 માં અધ્યયન અધ્યાપન દરમિયાન ટેકનોલોજીનો ઉપયોગ કરવો.

→ **પાઠ્યપુસ્તકો સંદર્ભે :-**

→ રાજ્યોએ તેન સંદર્ભોને ધ્યાને રાખી, સુધારા કરી NCERT અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકોને આધારિત પોતાનો અભ્યાસક્રમ અને પાઠ્યપુસ્તકો તૈયાર કરવાના રહેશે.

→ પાઠ્યપુસ્તકો અને સ્કૂલબેગનું ભારણ ઘટાડવાના પ્રયત્ન કરવામાં આવશે.

→ તમામ પાઠ્યપુસ્તકોમાં જરૂરી મૂળભૂત બાબતો જ રાખવામાં આવશે. જરૂર જણાય તો સ્થાનિક જરૂરિયાત આધારિત સંદર્ભ સાહિત્ય આપી શકાશે.

→ પોસાય તેવા ઉચ્ચ ગુણવત્તાલક્ષી અને એનર્જાઈઝડ પાઠ્યપુસ્તકો આપવામાં આવશે તેમજ તેને ઈ-બુક સ્વરૂપે DIKSHA પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરવામાં આવશે.

→ **ધોરણ 1 થી 8 માં મૂલ્યાંકન :-**

→ ધોરણ 3, 5 અને 8 માં વિદ્યાર્થીઓની સિદ્ધિ જાણવા માટે વ્યાપવિશ્વ મૂલ્યાંકન (Census Assessment) કરવામાં આવશે.

→ આવશ્યક અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ પર કેન્દ્રિત કસોટી/પરીક્ષા

→ મૂળભૂત સંકલ્પનાઓનું જ્ઞાન, ઉચ્ચ સ્તરિય કૌશલ્યો અને તેના ઉપયોજન સંદર્ભે મૂલ્યાંકન કરવામાં આવશે. તેમજ ગોખણ પટ્ટી આધારિત અધ્યયનને દૂર કરવામાં આવશે.

→ શાળાતંત્રના વિકાસ સુધારા તેમજ સતત નિરીક્ષણ માટે શાળા પરીક્ષાઓના પરિણામોનો ઉપયોગ કરવામાં આવશે.

→ **મૂલ્યાંકન પ્રણાલીમાં પરિવર્તન :-**

→ પ્રત્યેક બાળકની અધ્યયન સિદ્ધિઓની સતત ચકાસણી

→ બોર્ડની પરીક્ષાઓને લચીલી બનાવવી, જેમાં આવશ્યક કૌશલ્યોનો સમાવેશ કરવામાં આવશે

→ મૂળભૂત સંકલ્પનાઓ, ઉચ્ચસ્તરીય તેમજ પાયાગત કૌશલ્યોનું મૂલ્યાંકન પર ભાર

→ વિદ્યાર્થીઓની પ્રગતિને જાણવા માટે AI-Based Software નો ઉપયોગ, જે તેઓને કારકિર્દી પસંદગીમાં મદદરૂપ બનશે.

→ નેશનલ એસેસમેન્ટ સેન્ટર - વિવિધ બોર્ડ ઓફ એસેસમેન્ટ દ્વારા લેવામાં આવતી બોર્ડ

પરીક્ષાઓમાં તાદાત્મ્ય કેળવવામાં મદદરૂપ થશે.

→ સ્વમૂલ્યાંકન તેમજ સહપાઠી મૂલ્યાંકનને પ્રોત્સાહન આપવામાં આવશે.

→ નેશનલ ટેસ્ટીંગ એજન્સી (NTA) - ઉચ્ચ ગુણવત્તા ધરાવતી સામાન્ય અભિયોગ્યતા કસોટીઓની રચના કરવામાં મદદરૂપ થશે. જે આ પ્રકારની પરીક્ષા કે કસોટીઓ માટેની સ્પેશિયલ કોચીંગની જરૂરિયાતને દૂર કરશે.

## સર્વગ્રાહી પ્રગતિપત્રક (Holistic Progress Card) :-

→ શાળાના પ્રગતિપત્રકોને સર્વગ્રાહી 360 પ્રતિપોષણ તેમજ બહુપરિમાણીય બનાવવા પડશે.

→ પ્રગતિપત્રકમાં સ્વમૂલ્યાંકન, સહપાઠી મૂલ્યાંકન તેમજ શિક્ષક મૂલ્યાંકનનો સમાવેશ.

→ બાળકની બૌદ્ધિક, સામાજિક, સાંવેગિક તેમજ અન્ય ક્ષેત્રોની પ્રગતિ અને અનન્યતાને દર્શાવતું પ્રગતિપત્રક હશે.

→ પ્રગતિકાર્ડમાં બાળક દ્વારા કરવામાં આવેલ પ્રોજેક્ટ તથા શોધ આધારિત અધ્યયન, સ્પર્ધાઓ, રોલપ્લે, જૂથકાર્ય તેમજ પોર્ટફોલિયો વગેરેનો સમાવેશ કરવામાં આવશે.

→ સર્વગ્રાહી પ્રગતિપત્રકમાં બાળકના અભ્યાસ અને વિકાસમાં તેના વાલીનો પણ સક્રિય ભાગ રહેશે.

→ વિદ્યાર્થીઓની પ્રગતિને જાણવા માટે AI-Based Software નો ઉપયોગ.

## બહુભાષિતા અને ભાષા અધ્યયનની તાકાત :-

→ (૧) Medium of Instruction : ધોરણ 5 સુધી (પ્રાધાન્ય રીતે ધોરણ 8 સુધી તેમજ આગળ) અભ્યાસની ભાષા તરીકે ઘરની ભાષા/માતૃભાષા/સ્થાનિક ભાષા રહેશે.

→ (૨) The Language of India : આ પ્રોજેક્ટ/પ્રવૃત્તિમાં દરેક બાળક ભાગ લેવાનો રહેશે.

→ (૩) રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ત્રણ ભાષાઓ ભણાવવાનો નિર્ણય લઈ શકશે.

→ (૪) તમામ ક્લાસિકલ ભાષાઓ શાળામાં વિકલ્પ તરીકે પ્રાપ્ત કરાવવામાં આવશે.

# શાળાઓ કેવી બનશે અને કેવી રીતે કામ કરશે ?

→ **શાળા સંકુલ / કલસ્ટર**

- બાલભવન- કળાઓ, કારકિર્દી તેમજ રમતગમત સંદર્ભેની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે તમામ વયજૂથના બાળકો માટે બાલભવનોનું નિર્માણ કરવામાં આવશે.
- સામાજિક ચેતનાકેન્દ્ર- જે શાળાઓની ક્ષમતાઓ ઉપયોગમાં નથી આવતી તેવી શાળાઓને સામાજિક, બૌદ્ધિક તેમજ સ્વેચ્છા પ્રવૃત્તિઓના પ્રોત્સાહન માટે સામાજિક ચેતનાકેન્દ્ર તરીકે ઉપયોગ કરવામાં આવશે.
- માનવ તેમજ ભૌતિક સંશાધનોની આપ-લે સરળ બનાવવામાં આવશે.
- શાળા સંકુલ નિર્માણ થકી શાળાઓના સંશાધનોને કાર્યક્ષમ રીતે ઉપયોગમાં લઈ શકાશે.
- ટૂંકાગાળા તેમજ લાંબાગાળાની શાળા વિકાસ યોજના (SDP) તૈયાર કરવામાં આવશે.
- શાળાઓનું અસરકારક સંચાલન કરવામાં આવશે.
- શાળાઓના જોડાણ, શિક્ષકો તેમજ સંશાધનોની આપ-લે દ્વારા તેઓનું શિક્ષણમાં સંકલન કરવામાં આવશે.

સમગ્ર દેશમાં એક સરકારી શાળા સાથે એક ખાનગી શાળાનું જોડાણ કરવામાં આવશે.

## શાળા માન્યતા તેમજ માનાંક નિર્ધારણ

- State Schools Standards Authority (SSSA) તૈયાર કરવામાં આવશે.
- તમામ શાળાઓ નિર્ધારિત કરેલ લઘુત્તમ વ્યવસાયિક તેમજ ગુણાત્મક ધોરણો/માનાંકો અનુસરે તે નિશ્ચિત કરવામાં આવશે.
- NCERT તેમજ SCERT દ્વારા School Quality Assessment and Accreditation Frame work (SQAAF) તૈયાર કરવામાં આવશે.
- NAS દ્વારા સમગ્ર સિસ્ટમનું નિયમિત Health check-up કરવામાં આવશે.
- સરકારી તેમજ ખાનગી શાળાઓનું સામાન્ય લઘુત્તમ ધોરણો સંદર્ભે મૂલ્યાંકન કરી માન્યતા આપવામાં આવશે.
- ખાનગી શાળાઓને લાભપ્રદ / ઉપયોગી ભૂમિકા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

# શિક્ષકો (નવા પડકારો અને નવી તકો)

### શિક્ષક-પ્રશિક્ષણ

- 4 વર્ષીય ઈન્ટીગ્રેટેડ બીએડ્. 2030 સુધીમાં શિક્ષકો માટે લઘુત્તમ લાયકાત
- 2 વર્ષીય બીએડ્. - અન્ય વિષય સાથે સ્નાતક પદવી ધરાવતા હોય તેઓ માટે
- 1 વર્ષ બીએડ્. 4 વર્ષનો મલ્ટીડિસિપ્લીનરી કોલેજ તથા યુનિવર્સિટીમાં લઈ જવામાં આવશે.
- મલ્ટી ડિસિપ્લીનરી ઉચ્ચ શિક્ષણની સંસ્થા જે 4 વર્ષીય ઈન્ટીગ્રેટેડ બીએડ્. કોર્સ ચલાવતા હશે તેઓનો આંતરિક વિસ્તારોના વિદ્યાર્થીઓ માટે બ્લેન્ડેડ સ્વરૂપનું કે ઓપન અને ડિસ્ટન્સ શિક્ષણ આપી શકશે.
- બી. એડ્. સંસ્થાઓમાં આપવામાં આવતી તાલીમમાં બહુસ્તરીય અધ્યાપન અને મૂલ્યાંકન
- CWSN બાળકો માટે શિક્ષણ, શૈક્ષણિક ટેકનોલોજીનો ઉપયોગ અધ્યેતાકેન્દ્રી અધ્યયન વગેરેનો સમાવેશ કરાશે.
- શાળામાં સ્થાનિક વ્યવસાયો, જ્ઞાન અને કૌશલ્યોને પ્રચાર માટે માસ્ટર ઈન્સ્ટ્રક્ટર નિમવામાં આવશે.
- જેમાં સ્થાનિક કુશળ વ્યક્તિઓનો ઉપયોગ કરવામાં આવશે. તેમના માટે DIET, BIET, કે શાળા સંકુલ દ્વારા ટૂંકાગાળાના શિક્ષક-પ્રશિક્ષક કાર્યક્રમો તૈયાર કરવામાં આવશે.

## શિક્ષક-પ્રશિક્ષણમાં સુધારા

- વર્ષ 2021 સુધીમાં નવી તેમજ સર્વગ્રાહી NCF-TE તૈયાર કરવામાં આવશે.
- નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા બીએડ્. માં પ્રવેશ આપવામાં આવશે.
- નિમ્નસ્તરની ગુણવત્તા ધરાવતી સંસ્થાઓ સામે પગલાં ભરવામાં આવશે.
- National Higher Education Regulatory Council (NHERC) દ્વારા નિયંત્રણ કરવામાં આવશે.
- શૈક્ષણિક રીતે સક્ષમ, મલ્ટી ડિસીપ્લીનરી તથા ઈન્ટીગ્રેટેડ શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમ જ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- 4 વર્ષીય ઈન્ટીગ્રેટેડ બીએડ્. માટે મેરીટ આધારીત શિષ્યવૃત્તિ આપવામાં આવશે.
- નિવૃત્ત થયેલ અધ્યાપકોનો સંશાધન તરીકે ઉપયોગ કરવા માટે નેશનલ મિશન ફોર મેન્ટોરીંગ તૈયાર કરવામાં આવશે.
- TET તમામ સ્તરે લેવાશે.

# શિક્ષક ભરતી

- ઓનલાઈન કમ્પ્યુટરાઈઝડ્ સિસ્ટમ દ્વારા શિક્ષકોની બદલી કરવામાં આવશે.
- TET ને તમામ પ્રકારની શાળાના શિક્ષકો માટે ફરજિયાત કરવામાં આવશે.
- વિષય શિક્ષકોની ભરતી વખતે તેમને TET કે NTA નો સ્કોર તથા વર્ગખંડ નિદર્શનને ધ્યાનમાં લેવામાં આવશે.
- હવેના બે દશકામાં દરેક રાજ્ય દ્વારા ***શિક્ષકોની ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ટેકનોલોજી આધારિત આયોજિત કરવામાં આવશે.***
- NCTE નું રિસ્ટ્રકચરિંગ General Education Council (GEC) અંતર્ગત Professional Standard Setting Body (PSSB) તરીકે કરવામાં આવશે.
- NCTE તથા RCI વચ્ચે તાદાત્મ્ય કેળવી વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો માટે સ્પેશિયલાઈઝેશન શરૂ કરવામાં આવશે.

# શિક્ષકોનું સશક્તિકરણ

- વર્ગખંડ પ્રક્રિયા દરમ્યાન અધ્યાપન પદ્ધતિ પસંદ કરવા માટે શિક્ષકોને વધારે સ્વાયત્તતા આપવામાં આવશે.
- Single School Stage માં શિક્ષકોને Career growth ની તક આપવામાં આવશે. (Foundational, Preparatory Middle or Secondary)
- શિક્ષકો માટે શૈક્ષણિક નેતૃત્વની તક આપવામાં આવશે.
- વર્ષ 2022 સુધીમાં National Professional Standards for Teachers (NPST) તૈયાર કરવામાં આવશે.
- શિક્ષકો માટે વ્યવસાયિક વિકાસ માટે તાલીમોનું આયોજન.
- મેરિટ આધારિત tenure track system Continuous Professional Development ના લઘુત્તમ 50 કલાક
- શાળાની ભૌતિક સુવિધા બહેતર બનાવી વ્યવસાયિક ભાવાવરણ સુધારવામાં આવશે.

# સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથો પર ધ્યાન

- સામાજિક-આર્થિક વંચિત/પછાત જૂથો (SEPGs) માટેનું વર્ગીકરણ
- જાતિય ઓળખ (ખાસ કરીને સ્ત્રી તથા ટ્રાન્સજેન્ડર) સામાજિક-સાંસ્કૃતિક ઓળખ (જેમકે SC, ST, OBCs તથા લઘુમતી વર્ગ)
- ભૌગોલિક ઓળખ (ગ્રામ્ય, શહેરી વિસ્તાર કે એસ્પિરેશ્નલ જિલ્લામાંથી આવતા વિદ્યાર્થીઓ)
- દિવ્યાંગતા - (લર્નીંગ ડિસેબીલિટી સાથે તમામ) આર્થિક-સામાજિક સ્થિતિ (જેમકે LIG house holder, વિચરતી જાતિ સંવેદનશીલ વિસ્તારમાંથી આવતા વિદ્યાર્થીઓ માનવ તસ્કરીનો ભોગ બનેલા કે વ્યક્તિઓના બાળકો અનાથ તેમજ ભીખ માંગતા બાળકો તેમજ શહરી વિસ્તારના ગરીબ પરિવાર).

## સમતા માટેના પ્રયત્નો

- SC / ST / OBC બાળકોની અધ્યયન નિષ્પત્તિઓની સિદ્ધિ માટે વિશેષ પ્રયત્ન કરવામાં આવશે.
- ટ્રાયબલ જથના બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે વિશિષ્ટ પ્રયત્નો કરવામાં આવશે.
- SEDGs ના મોટા જૂથો માટે સ્પેશિયલ એજ્યુકેશન ઝોન તૈયાર કરવામાં આવશે.
- SEDGs ના મોટા જૂથોના પ્રતિભાશાળી બાળકોને શિષ્યવૃત્તિ અને ફી માફી સુધીનું પ્રાધાન્ય.
- શાળાઓમાં કાઉન્સેલર્સની નિમણૂંક કરવામાં આવશે.
- એક્સપેરીશનલ જિલ્લા/ SEZ માટે વધારાની NVS, KVS તૈયાર કરવામાં આવશે.

## જાતિયતા (Gender)

- જેન્ડર ઈન્કલુશન ફંડ - કન્યાઓ તેમજ ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓ માટે
- તમામને સમાન તક પ્રાપ્ત કરાવવા માટે જેન્ડર ગેપ ઓછી કરવા માટે પ્રયાસ કરવામાં આવશે.
- સામાજિક-આર્થિક પછાત કન્યાઓ માટે વિશેષ પોલિસી તૈયાર કરવામાં આવશે.
- જેન્ડર સેન્સિટીવીટી એ અભ્યાસક્રમનો આંતરિક ભાગ હશે.
- ***કસ્તુરબા ગાંધી કન્યા વિદ્યાલય*** ને ધોરણ-12 સુધી વિસ્તારવામાં આવશે.
- શાળાઓમાં કન્યાઓ ટકી રહે તે માટે તેમના હકો અને સુરક્ષા પર ધ્યાન આપવામાં આવશે.

## ધ્યાનાકર્ષક મુદ્દાઓ

(૧) રાષ્ટ્રીય શિક્ષણનીતિ - 2020 નો ઉદ્દેશ્ય 2030 સુધીમાં પ્રિ-સ્કૂલથી માંડીને માધ્યમિક સ્તર સુધી શાળાઓમાં 100% GER (તમામ બાળકો ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ મેળવે) સાથે શિક્ષણનું સાર્વત્રિકરણ કરવાનો છે.

(૨) 12 વર્ષના શાળાકીય અભ્યાસ અને 3 વર્ષ આંગણવાડી પ્રિસ્કૂલિંગ સાથે નવો 5+3+3+4 નો શાળાકીય અભ્યાસક્રમ.

(૩) ***છઠ્ઠા ધોરણથી રોજગારલક્ષી શિક્ષણ ઈન્ટર્નશીપ સાથે શરૂ થશે. (15 દિવસ સુધી બાળક કોઈપણ વ્યવસાયની તાલીમ મેળવશે.)***

(૪) ઓછામાં ઓછા પાંચમા ધોરણ સુધીનો અભ્યાસ માતૃભાષા/પ્રાદેશિક ભાષામાં રહેશે.

(૫) પ્રારંભિક બાળપણ સંભાળ અને શિક્ષણ પર વિશેષ ભાર મૂકતા 10+2 અભ્યાસક્રમ માળખાના બદલે 5+3+3+4 અભ્યાસક્રમ માળખુ જેમાં અનુક્રમે 3-8, 8-11, 11-14 અને 14-18 વયજૂથના વિદ્યાર્થીઓ માટે અપનાવવામાં આવ્યું છે.

(૬) નવી પ્રણાલીમાં 12 વર્ષ શાળાકીય અભ્યાસના અને ત્રણ વર્ષ આંગણવાડી/પ્રિસ્કૂલ અભ્યાસના રહેશે.

(૭) વર્ષ 2025 સુધીમાં ત્રીજા ધોરણ સુધીમાં પ્રાથમિક શાળાઓમાં તમામ વિદ્યાર્થીઓ સાર્વત્રિક પાયાની સાક્ષરતા અને સંખ્યા જ્ઞાન પ્રાપ્ત કરે તે માટેની અમલીકરણ યોજના રાજ્યો દ્વારા તૈયાર કરવામાં આવશે.

(૮) સંસ્કૃતને ત્રણ ભાષાની ફોર્મ્યુલામાં સામેલ કરીને શાળાકીય અને ઉચ્ચ અભ્યાસમાં તમામ સ્તરે વિદ્યાર્થીઓને વિકલ્પ તરીકે આપવામાં આવશે.

(૯) શાળામાં ધોરણ-3, 5 અને 8 માં તમામ વિદ્યાર્થીઓની પરીક્ષા યોગ્ય સત્તામંડળ દ્વારા લેવામાં આવશે. ધોરણ-10 અને ધોરણ-12 ના વિદ્યાર્થીઓ માટે લેવાતી બોર્ડની પરીક્ષાઓ યથાવત રહેશે. પરંતુ સર્વાંગી વિકાસના ઉદ્દેશ્યને કેન્દ્રમાં રાખીને તેની રૂપરેખા ફરી તૈયાર કરવામાં આવશે. (10 અને 12 ની પરીક્ષાનું વિશેષ મહત્વ વિદ્યાર્થીઓ પરથી દબાણ દૂર કરવામાં આવશે.)

(૧૦) કેન્દ્ર અને રાજ્યો સાથે મળીને શૈક્ષણિક ક્ષેત્રમાં GDP નો 6% જેટલું જાહેર રોકાણ કરશે.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિને સફળ બનાવવા આપણે શું કરવું પડશે ?**

- POSITIVE **નો સરવાળો એટલે સફળતા :**
- **P - Prepare -** તૈયાર થાઓ / હકારાત્મક બનો
- **O - Optimist -** આશાવાદી બનો
- **S - Spirit -** જુસ્સો ટકાવો
- **I - Inspire -** પ્રેરણાદાયી બનો / પ્રેરણા મેળવતા રહો
- **T - Tactful -** કાર્યકુશળતા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરો
- **I - Imagine -** સતત વિચારતા રહો
- **V - Value -** કિંમત કરતા શીખો (સમય અને 'સ્વ' ની)
- **E - Efficient -** કુશળ બનો સફળ બનો
- જો આ POSITIVE નો સરવાળો આપણી અંદર આપણે વિકસાવીએ તો આપણને સફળ થવા માટે કોઈ રોકી શકતું નથી. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 ને સફળ થવા માટે આપણે સૌ સારસ્વત મિત્રોએ હકારાત્મક બનવું પડશે.


*દરેક શિક્ષકમાં એક આચાર્ય જીવે છે. 'આચરતિ ઈતિ આચાર્ય' આચાર્ય કેવો હોય ? આચાર્ય સત્યવક્તા હોય. સત્ય પણ વિવેકપૂર્ણ હોવું જોઈએ, શિક્ષક એ ગુરૂ છે. અજ્ઞાનને ભેદીને જે અન્યમાં જ્ઞાનના પુંજ ફેલાવી તે ગુરૂ છે. શિક્ષક માનવતા, સંસ્કારસિંચન અને ચારિત્ર્ય ઘડતરનો ધર્મગુરૂ છે. શિક્ષક બ્રહ્મા છે. બ્રહ્માનું કાર્ય સૃષ્ટિના સર્જનનું છે. શિક્ષકે બ્રહ્મા બનીને નીતિવાન, જ્ઞાનવાન. ચારિત્ર્યવાન, મૂલ્યવાન સૃષ્ટિનું સર્જન કરવાનું છે.*

**- 'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર**

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ - ૨૦૨૦ મોડ્યુલ

## પ્રસ્તાવના

માનવી સક્ષમ બને, સમાન અને ન્યાયી સમાજનો વિકાસ થાય અને રાષ્ટ્રીય વિકાસને પ્રોત્સાહન મળે તે માટે શિક્ષણ એ રાજ્યની મૂળભૂત જરૂરિયાત છે.




આગામી દાયકામાં ભારતમાં વિશ્વના સૌથી વધુ યુવાન લોકોની વસતિ હશે અને તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શૈક્ષણિક તકો પ્રદાન કરવાની આપણી ક્ષમતા જ આપણા દેશના ભવિષ્યને નિર્ધારિત કરશે.

વર્ષ 2030 સુધીમાં વિશ્વના બધા જ લોકોને સમાવિષ્ટ અને સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવવું અને જીવનપર્યંત અધ્યયન માટેની તકોને પ્રોત્સાહન આપવું- આ ઉચ્ચ ધ્યેય રાષ્ટ્રીય શિક્ષણનીતિનો છે.

જ્ઞાન ફલક પર વિશ્વ ઝડપથી બદલાઈ રહ્યું છે. વૈશ્વિક સ્તરે ઉપલબ્ધ બિગડેટા, મશીન લર્નિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવાં ક્ષેત્રોમાં થઈ રહેલા ઘણા બધા વૈજ્ઞાનિક અને તકનિકી વિકાસને કારણે એકબાજુ વિશ્વમાં અકુશળ કામદારોની જગ્યાએ યંત્રો કામ કરવા લાગશે અને બીજી બાજુ ડેટા વિજ્ઞાન કમ્પ્યૂટર સાયન્સ અને ગણિતના ક્ષેત્રોમાં એવા કુશળ વ્યક્તિઓની જરૂરિયાત અને માંગ વધશે.

- ઊર્જા, પાણી, સ્વચ્છતા વગેરેની આવશ્યકતાઓ પૂરી કરવા માટે નવા નવા માર્ગો શોધવા પડશે.
- જીવવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, કૃષિવિજ્ઞાન જળવાયુવિજ્ઞાન અને સમાજવિદ્યાના ક્ષેત્રમાં નવા કુશળ કામદારોની જરૂર રહેશે.

- માનવ વિદ્યાશાખા અને કલાઓની માંગ વધશે કારણ કે ભારત એક વિકસિત દેશ બનવાની સાથે દુનિયાની સૌથી મોટી ત્રણ અર્થવ્યવસ્થાઓ પૈકીની એક બનવા તરફ અગ્રેસર છે.
- બાળકોને જે કંઈ શીખવવામાં આવી રહ્યું હોય તે તો શીખે જ, પણ સાથે સાથે તેઓ શીખતા રહેવાની કલા પણ શીખે.
- બાળકો - સમસ્યા ઉકેલ
  - વિવેચનાત્મક વિચારણા
  - સર્જનાત્મક વિચારણા
  - વિવિધ વિષયો વચ્ચેના આંતર સંબંધો સમજી શકે
  - કંઈક નવું વિચારતા થાય
- નવી બાબતો અને જ્ઞાનને કેવી રીતે આત્મસાત કરવું.
- બદલાતી પરિસ્થિતિઓમાં અથવા ક્ષેત્રોમાં કેવી રીતે પ્રાપ્ત જ્ઞાનનો ઉપયોગ કરવો તે શીખે.

## શિક્ષણનીતિની અધ્યાપન પ્રક્રિયા

- અધ્યેતાકેન્દ્રી
- વધુ પ્રયોગશીલ
- સર્વગ્રાહી
- સંકલિત
- અન્વેષણ આધારિત
- શોધ-પ્રેરિત
- ચર્ચા આધારિત
- લચીલી
- આવશ્યકપણે રુચિપૂર્ણ
- વિવિધ કલાઓ
- શિલ્પ
- માનવવિદ્યાશાખાના વિષયો
- રમતગમત
- શારીરિક સ્વાસ્થ્ય
- ભાષાઓ

- સાહિત્ય
- સંસ્કૃતિ
- મૂલ્ય

- વર્ષ 2040 સુધીમાં ભારતમાં એક એવી શિક્ષણ પ્રણાલીનું નિર્માણ કરવાનું લક્ષ્ય છે કે જે વિશ્વની અન્ય કોઈપણ શિક્ષણ વ્યવસ્થાથી પાછળ ન હોય અને તે ધ્યેયસિદ્ધિ માટે એક એવી વ્યવસ્થાનું નિર્માણ કરીએ કે જેમાં કોઈપણ સામાજિક અને આર્થિક પરિવેશમાંથી આવતા વિદ્યાર્થીઓને સમાન રૂપે સર્વોચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ હોય.

રાષ્ટ્રીય શિક્ષણનીતિ ***પ્રત્યેક વ્યક્તિમાં સમાવિષ્ટ સર્જનાત્મક ક્ષમતાઓના વિકાસ પર વિશેષ ભાર આપે છે.***

આ નીતિ એ સિદ્ધાંતો પર આધારિત છે કે જેમાં શિક્ષણથી માત્ર સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનનું જ નહિ પણ સાથે સાથે ઉચ્ચસ્તરીય તાર્કિક અને સમસ્યા સમાધાન સંબંધી બોધાત્મક ક્ષમતાઓનો પણ વિકાસ થવો જોઈએ.

તેની સાથે નૈતિક, સામાજિક અને સાંવેગિક સ્તર પર પણ વ્યક્તિનો વિકાસ આવશ્યક છે.

પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન અને વિચારોની સમૃદ્ધ પરંપરાના માર્ગદર્શન આધારે નીતિ તૈયાર કરવામાં આવી છે.

પ્રાચીન ભારતમાં શિક્ષણનું લક્ષ્ય સાંસારિક જીવન અથવા શાળા બાદના જીવનની તૈયારી માટે માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવું એટલું જ નહિ પરંતુ સંપૂર્ણ આત્મજ્ઞાન અને મુક્તિના રૂપમાં માનવામાં આવતું હતું.

- તક્ષશિલા, નાલંદા, વિક્રમશિલા અને વલ્લભી જેવા પ્રાચીન ભારતના વૈશ્વિક કક્ષાના સંસ્થાનોમાં અધ્યયનના વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને શોધના ઉંચા માપદંડો પ્રસ્થાપિત કરવામાં આવેલા. આ જ શિક્ષણ વ્યવસ્થાએ-

ચરક
સુશ્રુત
આર્યભટ્ટ
વરાહ મિહિર
ભાસ્કરાચાર્ય
બ્રહ્મગુપ્ત
ચાણક્ય
ચક્રપાણિ
દત્તા
માધવ
પાણિની
પતંજલિ
નાર્ગાજુન
ગૌતમ
પિંગળા
શંકરદેવ
મૈત્રેયી
ગાર્ગી
થિરુવલ્લુવર

જેવા અનેક મહાન વિદ્વાનોને જન્મ આપ્યો છે.

ગણિત, ખગોળવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન, ચિકિત્સા વિજ્ઞાન, શલ્યચિકિત્સા, બાંધકામ, ઈજનેરી, સ્થાપત્ય જહાજ નિર્માણ, દિશાજ્ઞાન, યોગ, લલિત કલા, શતરંજ વગેરેમાં સંરચનાત્મક યોગદાન છે.

ભારતીય સંસ્કૃતિ અને દર્શનનો વિશ્વમાં ઘણો પ્રભાવ રહ્યો છે. વૈશ્વિક મહત્વ ધરાવતા આવા સમૃધ્ધ વારસાને ભાવિ પેઢીઓ માટે માત્ર જાળવણી કે સંરક્ષિત ન કરતા આપણી શિક્ષણ વ્યવસ્થા દ્વારા તેના ઉપર સંશોધનકાર્ય થવાં જોઈએ.

સમુદાયો
વંચિતો ← ***વિશેષ ધ્યાન આપવું પડશે.***
લઘુમતી સમૂહો

**સૂચક પ્રાધાન્યતા**
- રાષ્ટ્રગૌરવ
- આત્મસન્માન
- આત્મજ્ઞાન
- સહકાર
- એકતા

- 1986 - 92 ની નવી શિક્ષણનીતિ પછીએક મુખ્ય બદલાવ બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારનો કાયદો 2009 (RTE-2009) છે કે જે સાર્વત્રિક પ્રારંભિક શિક્ષણના ધ્યેયને સૂચક કાયદાકીય અધિકાર આપવા માટેનો હતો.

❖ ***રાષ્ટ્રીય શિક્ષણનીતિના સિદ્ધાંતો :***

- સારા વ્યક્તિત્વનો વિકાસ
- તર્કસંગત વિચાર
- કરુણા અને સહાનુભૂતિ
- સાહસિક અને અડગ
- વૈજ્ઞાનિક અભિગમ
- સર્જનાત્મક કલ્પનાશક્તિ
- નૈતિક મૂલ્યો પ્રત્યે નિષ્ઠા

❖ ***સારી શૈક્ષણિક સંસ્થાનાં લક્ષણો :***

- પ્રત્યેક વિદ્યાર્થીનિ ભાવપૂર્ણ આવકાર મળે
- વ્યક્તિગત કાળજી લેવાય
- સુરક્ષિત અને પ્રેરણાત્મક શૈક્ષણિક વાતાવરણ
- તમામ વિદ્યાર્થીનિ શીખવા માટેના અનુભવો ઉપલબ્ધ
- સારા મૂળભૂત માળખાં
- જરૂરી સંશાધનો ઉપલબ્ધ હોય.

# સંસ્થાના માર્ગદર્શન માટેના મૂળભૂત સિદ્ધાંતો

→ પ્રત્યેક બાળકની વિશિષ્ટ ક્ષમતાઓની સ્વીકૃતિ ઓળખ અને તેમના વિકાસ માટે પ્રયત્ન કરવો.

→ શિક્ષકો અને વાલીઓને વિદ્યાર્થીઓની શૈક્ષણિક સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવા સંવેદનશીલ બનાવવામાં આવે.

→ તમામ વિદ્યાર્થીઓને ધોરણ-3 સુધીમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત થાય તે બાબતને સર્વાધિક પ્રાથમિકતા આપવી.

→ અધ્યેતા પાસે શીખવાની રીતો અને અભ્યાસક્રમો પસંદ કરવાની ક્ષમતા પોતાની પ્રતિભા અને રુચિને આધારે જીવનનો માર્ગ પસંદ કરે.

→ વિનયન અને વિજ્ઞાન વચ્ચે, શૈક્ષણિક અને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ વચ્ચે, વ્યાવસાયિક અને શૈક્ષણિક વિદ્યાશાખાઓ વચ્ચે કોઈ સ્પષ્ટ ભેદરેખા ઊભી કરવામાં ન આવે.

→ બહુવિદ્યાશાખાકીય જગત માટે વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, વિવિધ કલાઓ, માનવવિદ્યાશાખાઓ, રમતગમતને જોડતું સર્વાંગી શિક્ષણ હોય.

→ ગોખણિયા અને પરીક્ષાલક્ષી અધ્યયનને બદલે સંકલ્પનાત્મક સમજ પર ભાર.

→ નવાચારને પ્રોત્સાહિત કરવા સર્જનાત્મક તથા વિવેચનાત્મક ક્ષમતાનો વિકાસ.

→ નૈતિકતા, માનવીય અને બંધારણીય મૂલ્યો

- સહાનુભૂતિ
- સૌજન્ય
- બીજાઓ માટે સન્માન
- સ્વચ્છતા
- લોકશાહીની ભાવના
- સેવાની ભાવના
- સાર્વજનિક સંપત્તિ પ્રત્યે સન્માન
- વૈજ્ઞાનિક અભિગમ
- સ્વતંત્રતા
- જવાબદારી

- બહુલતાવાદ
- સમાનતા
- ન્યાય

→ અધ્યયન અધ્યાપનના કાર્યમાં બહુભાષિતા અને ભાષાની ભૂમિકાને પ્રોત્સાહન આપવું.

→ ***જીવનકૌશલ્યો :*** ૧. પ્રત્યાયન
૨. સહકાર
૩. જૂથકાર્ય
૪. પરિસ્થિતિને અનુરૂપ કાર્ય

→ ***સતત સર્વગ્રાહી મૂલ્યાંકન :***

→ વાર્ષિક પરીક્ષાપદ્ધતિને બદલે નિયમિત અને સતત પરીક્ષણ પર ભાર

→ અધ્યયન-અધ્યાપન, ભાષા સંબંધી મુશ્કેલીઓને દૂર કરવા, દિવ્યાંગ વિદ્યાર્થીઓને વધુ સુલભતા આપવા શૈક્ષણિક આયોજન અને પ્રબંધનમાં ટેકનોલોજીના ઉપયોગ પર ભાર.

→ બાળસંભાળથી શાળાશિક્ષણ અને ઉચ્ચશિક્ષણ એમ શિક્ષણના તમામ સ્તરે અભ્યાસક્રમમાં સંવાદિતા.

→ શિક્ષકોની નિયુક્તિ, તેમનો સતત વ્યાવસાયિક વિકાસ, કામના સ્થળે સકારાત્મક વાતાવરણ તથા સેવા વિષયક જોગવાઈ.

→ શિક્ષણ પ્રણાલીની નિષ્ઠા, પારદર્શિતા અને સંશાધન, સ્વાયત્તતા, સારું પ્રશાસન અને સશક્તિકરણના માધ્યમથી નવા વિચાર અને ઘરેડ બહારના વિચારોને પ્રોત્સાહિત કરવા.

→ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ અને વિકાસ માટે ઉત્કૃષ્ટ કક્ષાના સંશોધન

→ શિક્ષણ એક જાહેર સેવા છે, ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવું એ દરેક બાળકનો મૂળભૂત અધિકાર છે.

## રાષ્ટ્રીય શિક્ષણનીતિનું દર્શન

→ શિક્ષણવ્યવસ્થાના પાયામાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યો હોય.

→ ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ

→ ભારતને વિશ્વની જ્ઞાન મહાશક્તિ બનાવવી


- → ન્યાયી જ્ઞાનાર્જિત સમાજમાં પરિવર્તિત કરવામાં પ્રત્યક્ષ યોગદાન આપવું.
- → વિદ્યાર્થીઓમાં ભારતના બંધારણની મૂળભૂત ફરજો અને મૂલ્યો પ્રત્યે અત્યંત આદરની ભાવના વિકસાવે.
- → દેશ સાથે પોતાનું વ્યક્તિગત તાદાત્મ્ય અનુભવે.
- → ભારતના વિદ્યાર્થીઓમાં ભારતીય હોવાની એક ઊંડા ગૌરવની ભાવના કેળવવા માંગે છે.
- → માત્ર વિચારોમાં જ નહીં પરંતુ મન, વચન અને કર્મમાં સદૈવ ભાવના જળવાઈ રહેવી જોઈએ.
- → માનવઅધિકારો, સાતત્યપૂર્ણ વિકાસ અને વિશ્વબંધુત્વ જેવા મુદ્દાઓ પ્રત્યે જવાબદારીપૂર્ણ પ્રતિબદ્ધતા કેળવે અને સાચા અર્થમાં વિશ્વ માનવ બને.

શિક્ષકનો પહેલો ધર્મ એ તેનું સત્યનિષ્ઠપણું છે. સત્ય સમાન કોઈ ધર્મ નથી. પ્રત્યેક વ્યક્તિનો પોતાનો મૌલિક સ્વભાવ, ધર્મ એટલે કાનૂન, નીતિનિયમ. દેશકાળની નીતિ પ્રમાણે ઘડેલા કાનૂન-નિયમો તે પણ ધર્મ છે. શિક્ષકનો પ્રથમ ધર્મ એ છે કે તે સત્યનિષ્ઠ હોય. સત્યનિષ્ઠ હોવું અને સત્યનિષ્ઠ રહેવું ઘણું કઠિન છે. ઊંચા આસને ઊંચી ખુરશી પર બેસવું, ઊંચાઇઓ સર કરવી અઘરી નથી, પરંતુ ઊંચા આસને ટકી રહેવું અઘરું છે.

- **'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર**

# પ્રકરણ -૧

## શાળા શિક્ષણ




→ વર્તમાન 10+2 શૈક્ષણિક માળખામાં 3 થી 6 વયજૂથના બાળકોનો સમાવેશ થયો નથી. કારણકે ધોરણ-1 માં પ્રવેશ લેતી વખતે વિદ્યાર્થીઓ 6 વર્ષના હોય છે.

→ નવા 5+3+3+4 માળખામાં 3 વર્ષની ઉંમરથી જ પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

→ ધ્યેય શરૂઆતથી જ બાળકના સર્વાંગી અધ્યયન, વિકાસ, સુખાકારીનો છે.

# પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ : અધ્યયનનો પાયો

1.1 બાળકના મગજનો 85% વિકાસ 6 વર્ષની ઉંમર સુધીમાં થઈ જાય છે. વર્તમાન સમયમાં ખાસ કરીને સામાજિક, આર્થિક રૂપે વંચિત પૃષ્ઠભૂમિ ધરાવતાં કરોડો બાળકો માટે ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ ઉપલબ્ધ નથી. ભારતના દરેક બાળકને મોડામાં મોડું 2030 સુધીમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ મળી રહે જેથી ધોરણ-1 માં પ્રવેશ મેળવનાર દરેક બાળક શાળા શિક્ષણ માટે પૂર્ણ રીતે સજ્જ હોય.

1.2 પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણમાં બહુસ્તરીય, બહુઆયામી, લવચિક, પ્રવૃત્તિ આધારિત રમતગમત અને શોધ આધારિત શિક્ષણનો સમાવેશ કર્યો છે.

સમગ્ર ઉદ્દેશ્ય શારીરિક અને મનોશારિરીક વિકાસ, બોધાત્મક વિકાસ, સામાજિક સાંવેગિક અને નૈતિક વિકાસ, કલાકૌશલ્યો અને સાંસ્કૃતિક વિકાસ પ્રત્યાયન માટે પ્રારંભિક ભાષા સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનના વિકાસમાં મહત્તમ પરિણામો મેળવવાનું છે.

મૂળાક્ષરો, ભાષા, સંખ્યા અને ગણતરી, રંગ અને આકાર, વિવિધ રમતો, ઉખાણાં, તાર્કિક વિચારણા, સમસ્યા ઉકેલની કળા, ચિત્રકામ, વિવિધ હસ્તકલાઓ, નાટક અને કઠપૂતળી, સંગીતકલા, સામાજિક કાર્ય, માનવ સંવેદનશીલતા, યોગ્ય વ્યવહાર, શિષ્ટાચાર, નીતિમત્તા, વ્યક્તિગત અને જાહેર સ્વચ્છતા, સમૂહકાર્ય, પરસ્પર સહકારની ભાવના વિકસાવવા ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

1.3 NCERT દ્વારા 8 વર્ષ સુધીના બાળકો માટે National Curriculum and Pedagogical Framework for Early Childhood Care and Education (NCPFECCE) તૈયાર કરવામાં આવશે.

0-3 વર્ષના બાળકો માટે અને 3 થી 8 વર્ષના બાળકો માટે માતાપિતાની સાથે સાથે આંગણવાડીઓ માટે માર્ગદર્શકના રૂપમાં કામ કરશે.

કલા, વાર્તા, કવિતા, રમત ગીત વગેરે

1.4 સામાજિક અને આર્થિક રીતે પછાત પ્રદેશો અને જિલ્લાઓ પર વિશેષ ધ્યાન અને પ્રાથમિકતા આપવામાં આવશે.

આંગણવાડીઓ, બાલમંદિર, શાળા સંકુલોમાં ખાસ તાલીમ પામેલા શિક્ષકોની ભરતી કરવામાં આવશે.

1.5 આંગણવાડી કેન્દ્રોને ઉચ્ચ ગુણવત્તાવાળા ભૌતિક સંશાધનો, રમતગમતના અદ્યતન સાધનો ઉત્કૃષ્ટ તાલીમ પામેલા શિક્ષકોથી સુસજ્જ કરવામાં આવશે.

→ આંગણવાડીના બાળકોને પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થી સાથે અને શિક્ષકોની સાથે મુલાકાત ગોઠવવામાં આવશે.

→ આંગણવાડી શાળાસંકુલમાં સમાવિષ્ટ કરવામાં આવશે.

→ શાળાના કાર્યક્રમોમાં આંગણવાડીના બાળકો, શિક્ષકો અને વાલીઓને આમંત્રિત કરવામાં આવશે.

1.6 ૫-વર્ષથી ઓછી વયનું દરેક બાળક પૂર્વપ્રાથમિક વર્ગ અથવા બાલવાટિકામાં પ્રવેશ કરશે.

→ મધ્યાહન ભોજન યોજનામાં સમાવિષ્ટ

→ સ્વાસ્થ્ય તપાસ કાર્યક્રમ

1.7 આંગણવાડીમાં પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણ (ECCE) ના શિક્ષકોને તૈયાર કરવા માટે NCERT દ્વારા તૈયાર કરાયેલ અભ્યાસક્રમ અને શૈક્ષણિક માળખાને અનુરૂપ તાલીમ આપવામાં આવશે.

→ 10+2 શૈક્ષણિક લાયકાત ધરાવતા આંગણવાડીના કર્મચારીને શિક્ષણનો **6 *મહિનાનો સર્ટિફિકેટ કોર્સ*** કરાવવામાં આવશે.

→ 10+2 કરતાં ઓછી લાયકાત વાળા ને 1 ***વર્ષનો ડિપ્લોમા કોર્સ*** કરાવવામાં આવશે.

→ DTH ચેનલ્સ તેમજ સ્માર્ટ ફોનના માધ્યમથી ચલાવવામાં આવશે.

→ તાલીમી કાર્યક્રમનું નિરીક્ષણ CRC દ્વારા કરવામાં આવશે.

→ મહિનામાં ઓછામાં ઓછું એક વખત શિક્ષક સંપર્ક વર્ગનું આયોજન.

→ શિક્ષકોને તેમના વ્યવસાય માટે સુસજ્જ બનાવવા તેમજ સતત વ્યાવસાયિક વિકાસ માટે જરૂરી સગવડો અને સવલતો પૂરી પાડવામાં આવશે.

1.8 આદિવાસી વિસ્તારોમાં આવેલી આશ્રમશાળાઓ તેમજ વૈકલ્પિક શિક્ષણની તમામ વ્યવસ્થાઓ તબક્કાવાર શરૂ કરવામાં આવશે.

1.9 પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની અભ્યાસક્રમ સંરચના અને શિક્ષણ વ્યવસ્થા નક્કી કરવાની જવાબદારી MHRD માનવ સંશાધન વિકાસ મંત્રાલયની રહેશે. તેની સાથે મહિલા અને બાળવિકાસ મંત્રાલય (WCD) Women and Child Development, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય (Health and Family Welfare) તથા આદિજાતિ મંત્રાલય (Tribal Affairs) દ્વારા સંયુક્ત રીતે હાથ ધરવામાં આવશે.

→ શાળામાં દાખલ કરવા માટે એક ટાસ્ક ફોર્સ (Task Force) ની રચના કરવામાં આવશે.

# પ્રકરણ-૨

## મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન : અધ્યયનની તાતી અને આવશ્યક પૂર્વશરત

2.1 વર્તમાન સમયમાં પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતાં 5 કરોડથી પણ વધુ બાળકો આજે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન ધરાવતા નથી.

એવા બાળકો સરળ લેખનું વાચન અને અર્થગ્રહણ અને ભારતીય અંકના સરવાળા અને બાદબાકી જેવી સાદી ગણન ક્રિયાઓ કરી શકતા નથી.

2.2 તમામ બાળકો વાચન-ગણન-લેખનમાં પારંગતતા મેળવે તે માટે દેશનું તાકીદનું રાષ્ટ્રીય અભિયાન ચલાવવામાં આવશે.

→ ધોરણ 3 સુધી મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરે.

→ વર્ષ-2025 સુધીમાં પ્રાથમિક શાળાઓના બાળકો સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન મેળવે તે બાબત સર્વોચ્ચ પ્રાથમિકતા હશે.

→ માનવસંશાધન વિકાસ મંત્રાલય MHRD દ્વારા તાત્કાલિક ધોરણે National Mission on Foundational Literacy and Numeracy ની સ્થાપના કરવામાં આવશે.

→ રાજ્ય સરકાર 2025 સુધીમાં સાર્વત્રિક મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સિદ્ધ કરવા અમલીકરણ તાત્કાલિક ધોરણે શરૂ કરશે.

2.3 શિક્ષકોની ખાલી જગ્યાઓ તાત્કાલિક ધોરણે સમયબદ્ધ રીતે ભરવામાં આવશે.

→ દરેક શાળામાં વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તર (Pupil-Techer Ratio) 30:01 થી ઓછો હોય તેવી વ્યવસ્થા

→ જ્યાં મોટી સંખ્યામાં સામાજિક અને આર્થિક રીતે વંચિત વિદ્યાર્થીઓ છે તે ક્ષેત્રની સંસ્થાઓમાં શિક્ષક વિદ્યાર્થી ગુણોત્તર 25:01 ની નીચે રાખવાનું લક્ષ્ય રહેશે.

→ મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન માટે સતત વ્યાવસાયિક તાલીમ શિક્ષકોને આપવામાં આવશે.

2.4 અભ્યાસક્રમમાં વાચન-લેખન-કથન ગણતરી, અંકગણિત, અને ગાણિતિક વિચારોનો સમાવેશ કરવામાં આવશે.

→ સમગ્ર પૂર્વ પ્રાથમિક, પ્રારંભિક અને ઉચ્ચ પ્રાથમિક શાળાના દરેક વિદ્યાર્થીના વ્યક્તિગત અધ્યયન ધ્યેયોને સિદ્ધ કરવા સતત સર્વગ્રાહી અધ્યયનલક્ષી મૂલ્યાંકનની

એક કાર્યક્ષમ પ્રણાલી ઊભી કરવામાં આવશે.

→ દરરોજ નિયત કરેલા કલાકો અને જે તે વિષયની પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન આપતા રહેશે.

→ પ્રાથમિક ધોરણોનો અભ્યાસક્રમ નવો આવશે.

2.5 હાલમાં પ્રારંભિક સારસંભાળ અને શિક્ષણ (ECCE) ની સાર્વત્રિક ઉપલબ્ધિ ન હોવાના કારણે ધોરણ-1 ના મોટાભાગનાં બાળકો શરૂઆતના થોડાં અઠવાડિયામાં જ પોતાની/પોતાના સાથી વિદ્યાર્થીઓથી અભ્યાસમાં પાછળ રહી જાય છે.

→ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે NCERT અને SCERT દ્વારા ટૂંકાગાળાનું 3 મહિનાનું રમતગમત આધારિત 'શાળા તૈયારી મોડ્યુલ' ધોરણ-1 ના બધા વિદ્યાર્થીઓ માટે વિકસિત કરવામાં આવશે.

→ જેમાં મૂળાક્ષરો, ધ્વનિ, રંગ, આકાર અને સંખ્યા આધારિત પ્રવૃત્તિઓ અને વર્કબુકનો સમાવેશ થાય છે.

→ આ મોડ્યુલના ઉપયોગ માટે સહપાઠીઓ તથા માતાપિતાનો સહયોગ મેળવવામાં આવશે.

2.6 મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન શીખવા માટેના ઉચ્ચ ગુણવત્તાવાળા સંસાધનો ડિજિટલ પ્લેટફોર્મ (Digital Infrastructure for Knowledge Sharing - DIKSHA) પર રાષ્ટ્રીય જ્ઞાનભંડોળ ઉપલબ્ધ કરવામાં આવશે.

→ શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચેના કોઈપણ ભાષા અને પ્રત્યાયન સંબંધી અવરોધોને દૂર કરવા વિશિષ્ટ તકનિકી સહાય કરવામાં આવશે.

2.7 પોતાના વર્ગમાં સહપાઠી સાથે વાતચીત કે પ્રવૃત્તિ દ્વારા થતું અધ્યયન (One to One Peer Tutoring) ફક્ત અધ્યેતાઓને જ નહિ પણ શિક્ષકના પક્ષે પણ ખૂબ અસરકારક સાબિત થશે.

→ સમુદાયની દરેક સાક્ષર વ્યક્તિ એક વિદ્યાર્થી/વ્યક્તિને વાચન શીખવવા માટે સંકલ્પિત બને તો દેશનું ચિત્ર ખૂબ જ ઝડપથી બદલાઈ જાય.

→ રાજ્ય સરકાર પીઅર ટ્યૂટરિંગ અને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓને વેગ આપવા માટે નવીન મૉડેલ વિકસાવવાનું સુનિશ્ચિત કરે છે.

2.8 બધા જ સ્તરના વિદ્યાર્થીઓ માટે તમામ સ્થાનિક અને ભારતીય ભાષાઓમાં ઉચ્ચ ગુણવત્તાવાળા અનુવાદ દ્વારા આનંદપ્રદ અને પ્રેરણાદાયી પુસ્તકો વિકસાવવામાં આવશે.

→ વાંચનનું વાતાવરણ ઊભું કરવા માટે જાહેર અને શાળાના પુસ્તકાલયોનું નોંધપાત્ર રીતે વિસ્તરણ

→ ડિજિટલ લાયબ્રેરીઓ પણ પ્રસ્થાપિત થશે.

→ ગામડાંઓમાં શાળાપુસ્તકાલયો સ્થાપવામાં આવશે.

→ બહોળા વાચનને પ્રોત્સાહન આપવા બુક ક્લબની સ્થાપના.

2.9 સમુદાયની સહભાગિતાથી 'પૌષ્ટિક ભોજન'

→ નિયમિત આરોગ્ય ચકાસણી કરી બાળકોને આરોગ્ય કાર્ડ આપવામાં આવશે.

→ રોગ પ્રતિકારક શક્તિ વિકસાવવા માટે નિયમિત આરોગ્ય ચકાસણી કરી અને તેનું નિરીક્ષણ કરવા માટે આરોગ્ય કાર્ડ આપવામાં આવશે.

→ સવારના પૌષ્ટિક નાસ્તા પછી કેટલાક કલાકોમાં ઘણા અઘરા વિષયોનું અધ્યયન વધુ અસરકારક રહે છે.

✤ ✤ ✤ ✤ ✤

બાળક અલ્પકાળમાં જ વિદ્યા પ્રાપ્ત કરી લે છે. બાળકોએ જે કંઈ પ્રાપ્ત કર્યું હશે તે અલ્પકાળમાં જ કરી લીધું હશે. શિક્ષણવિદો એમ પણ કહે છે કે બાળકો અલ્પકાળમાં જ શિક્ષણ મેળવે છે. પણ બાકીનું તો આપણે એને મઠારવાનું હોય છે.

**- *'મોરારિબાપુની શિક્ષણસંહિતા'* માંથી સાભાર**

# પ્રકરણ-૩

## અપવ્યય (ડ્રોપ આઉટ) દર ઘટાડવો અને તમામ સ્તરે શિક્ષણનું સાર્વત્રીકરણ સુનિશ્ચિત કરવું

3.1 ધોરણ-6 થી 8 માટેનો કુલ નોંધણી ગુણોત્તર (GER) 90.9% છે. જ્યારે ધોરણ-9-10 અને 11-12 માટે તે અનુક્રમે માત્ર 79.3% અને 56.5% હતો. આ આંકડા દર્શાવે છે કે નોંધપાત્ર પ્રમાણમાં વિદ્યાર્થીઓ ધોરણ-5 પછી અને ખાસ કરીને ધોરણ-8 પછી શાળા છોડી દે છે.

→ NSSO દ્વારા 2017-18 માં કરવામાં આવેલા પંચોતેરમાં ઘરેલું સર્વે મુજબ ભારતમાં 6 થી 17 વર્ષની વય જૂથના અને શાળા છોડી દીધી હોય કે ના આવતા હોય એવા બાળકોની સંખ્યા 3.22 કરોડ છે.

→ આ બાળકોને વહેલી તકે શિક્ષણ પ્રણાલીમાં પાછા લાવવા.

→ 2030 સુધીમાં પૂર્વ પ્રાથમિકથી માધ્યમિક સ્તરે 100% કુલ નોંધણી ગુણોત્તર (GER) ને પ્રાપ્ત કરવાના લક્ષ્ય સાથે ડ્રોપઆઉટ દર પૂર્વ પ્રાથમિકથી ધો-12 સુધીના શિક્ષણ અને વ્યવસાયિક શિક્ષણ-ગુણવત્તાયુક્ત સર્વાંગી શિક્ષણ દેશના તમામ બાળકોને સમાન તકો મળે એ માટે સંગઠિત રાષ્ટ્રીય પ્રયાસ કરવામાં આવશે.

3.2 (૧) શાળા છોડી ગયેલા બાળકોને શાળાએ પાછા લાવવા.

(૨) શાળામાં અત્યારે અધ્યયન કરતાં બાળકોને શાળા છોડી જતા અટકાવવા.

આમ, આ બે અભિયાન હાથ ધરવામાં આવશે.

→ તમામ વિદ્યાર્થીઓ પૂર્વપ્રાથમિકથી ધોરણ-12 સુધીના તમામ સ્તરે સલામત અને અસરકારક શાળા શિક્ષણ મેળવી શકે.

→ કોઈપણ શાળામાં કાયમી પ્રશિક્ષિત શિક્ષકની વ્યવસ્થા ઉપરાંત માળખાગત સુવિધાઓની ઉણપ ન રહે તેની ખાસ કાળજી લેવામાં આવશે.

→ સરકારી શાળાઓની વિશ્વસનીયતા ફરીથી પ્રસ્થાપિત કરવામાં આવશે. જે શાળાઓ પહેલેથી અસ્તિત્વમાં છે તે શાળાઓને અદ્યતન અને વિસ્તૃત કરવામાં આવશે.

→ સલામત અને યથાયોગ્ય વાહનવ્યવહાર

→ છાત્રાલયોની વ્યવસ્થા

→ પ્રવાસી મજૂરોનાં બાળકો, વિવિધ સંજોગોને લીધે શાળા છોડી દેનારા અન્ય બાળકોને ફરીથી મુખ્ય શિક્ષણ પ્રવાહમાં લાવવા માટે વૈકલ્પિક અને નાવિન્યપૂર્ણ શિક્ષણ કેન્દ્રો

સમાજના સહયોગથી ઊભાં કરવામાં આવશે.

3.3 વિદ્યાર્થીઓના અધ્યયન અને શાળામાં હાજરીની ઝીણવટ ભરી અને ચોકસાઈપૂર્વક દેખરેખ રાખીને શિક્ષણમાં સાર્વત્રીકરણનું ધ્યેય સિદ્ધ કરવું. એ દ્વિતીય અભિયાન રહેશે.

(૧) શાળામાં જે વિદ્યાર્થીઓ દાખલ થાય છે અને તે ઉપસ્થિત રહે.

(૨) ડ્રોપ આઉટ બાળકો પાછાં આવે અને ભણવામાં પાછળ રહ્યાં હોય તો તેમને મુખ્ય ધારામાં પુનઃ જોડવા માટે પર્યાપ્ત સુવિધાઓ પૂરી પાડવી.

→ શાળાઓ, શિક્ષકો સાથે જોડાયેલા સલાહકારો અથવા સારી રીતે પ્રશિક્ષિત સામાજિક કાર્યકરો વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા સાથે સતત સંપર્કમાં રહેશે.

→ જાગૃત નાગરિકો

→ સામાજિક સંસ્થાઓ

→ સરકારના સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગના પ્રશિક્ષિત અને લાયક સામાજિક કાર્યકરો

→ રાજ્ય/જિલ્લા કક્ષાએ વિકલાંગોના સશક્તિકરણ સાથે કામ કરતા સરકારી કાર્યકરો

3.4 ડ્રોપઆઉટ રેટ ઘટાડવા માટે અન્ય સામાજિક આર્થિક રીતે વંચિત જૂથોની વિદ્યાર્થીનીઓ અને તેમના વાલીઓ શાળાએ જવાનો અને સહભાગિતાનો રસ ન ગુમાવે. આ ધ્યેય સિદ્ધ કરવા માટે એવા વિસ્તારોમાં એવા શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે કે જે ત્યાંની લોકબોલીથી પરિચિત હોય સાથે સાથે અભ્યાસક્રમમાં પણ ફેરફાર કરીને તેને વધુ રસપ્રદ અને રોજિંદા જીવનમાં ઉપયોગી બનાવવો પડે.

3.5 સામાજિક-આર્થિક રીતે વંચિત જૂથો (SEPGs) પર વિશેષ ભાર મૂકીને તમામ વિદ્યાર્થીઓ માટે શીખવાની સુવિધા આપવા માટે ઔપચારિક અને બિનઔપચારિક બંને શિક્ષણ પદ્ધતિઓનો સમાવેશ કરીને બહુમાળી અધ્યયન પ્રણાલી ઊભી કરવા માટે શાળા શિક્ષણનો વિસ્તાર વધારવામાં આવશે.

→ A, B અને C સ્તરના અભ્યાસક્રમ કે જે ઔપચારિક શાળા શિક્ષણના ધોરણ 3, 5 અને 8 ની સમકક્ષ હોય.

→ ધોરણ-10 અને 12 ની સમકક્ષ માધ્યમિક શિક્ષણ અભ્યાસક્રમો, વ્યવસાયિક શિક્ષણ અભ્યાસક્રમો અને પુખ્ત વયના સાક્ષરતા અને જીવન સમૃદ્ધિ કાર્યક્રમો.

→ રાજ્યોને સ્ટેટ ઈન્સ્ટિટ્યૂશન્સ ઓફ ઓપન સ્કૂલીંગ (SIOs) ની નવી સ્થાપના કરીને

# પ્રકરણ-૪

## શાળામાં અભ્યાસક્રમ અને અદયાપન શાસ્ત્રઅદયયન સર્વાંગી, અનુબંધિત, આનંદપ્રદ અને પ્રવૃત્તિમય હોવું જોઈએ

**4.1** નવી 5+3+3+4 સંરચનામાં શાળા અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્રનું પુનર્ગઠન

3 થી 8 વર્ષ, 8 થી 11 વર્ષ

11 થી 14 વર્ષ, 14 થી 18 વર્ષ

→ શાળા શિક્ષણના અભ્યાસક્રમમાં અને અધ્યાપનનું માળખુ 4+3+3+4 પ્રમાણે તૈયાર થશે.

પૂર્વ પ્રાથમિક પ્રથમ સોપાન મૂળભૂત કે પાયાનું સોપાન છે તે બે ભાગમાં એટલે કે -

(૧) આંગણવાડી અથવા પ્રિ સ્કૂલ 3 વર્ષ

(૨) પ્રાથમિક શાળાનો ધો. 1 અને ધો. 2

આ બંને મળીને વિદ્યાર્થીઓના 3 થી 8 વર્ષના વયજૂથને આવરી લે છે.

દ્વિતીય સોપાન એટલે ધો. 3 અને ધો. 4 તથા 8-10 વર્ષના વયજૂથને આવરી લે છે.

તૃતીય સોપાન એટલે ઉચ્ચ પ્રાથમિક સોપાન કે જે 11-14 ના વયજૂથ અને ધો. 6-8 ને આવરી લે છે.

ચતુર્થ સોપાન- માધ્યમિક શિક્ષણ જે 14-18 વર્ષના વયજૂથને તથા ધો. 9-12 બે તબક્કામાં આવરી લેવાયાં છે.

પ્રથમમાં 9 અને 10 ધોરણ

બીજામાં 11 અને 12 ધોરણ

4.2 NEP ના મુદ્દાક્રમાંક પ્રમાણે પૂર્વપ્રાથમિક સોપાનમાં 4 વર્ષ પરિવર્તનક્ષમ

→ બહુસ્તરીય

→ પ્રવૃત્તિ આધારિત

→ પ્રારંભિક બાળસંભાળ

→ શિક્ષણ (ECCE)

→ હળવું વર્ગકાર્ય પણ કરાવવામાં આવશે જેમાં વાચન, ગણન જેવાં ભાષા કૌશલ્યો તેમજ શારીરિક શિક્ષણ, વિવિધ કલાઓ, ગણિત અને વિજ્ઞાન જેવા વિષયનો સમાવેશ કરવામાં આવશે.

ઉચ્ચ પ્રાથમિક તબક્કામાં પ્રાથમિક તબક્કાના અધ્યાપનશાસ્ત્ર અને અભ્યાસક્રમની શૈલીને અનુસરીને જ 3 વર્ષ શિક્ષણકાર્ય કરવામાં આવશે.

→ દરેક વિષયમાં અમૂર્ત ખ્યાલો શીખવવા અને ચર્ચા માટે વિષય નિષ્ણાત શિક્ષકોની ખાસ નિમણૂક કરવામાં આવશે.

→ ગણિત-વિજ્ઞાન, વિવિધ કલાઓ, સામાજિક વિજ્ઞાન અને માનવ વિદ્યાશાખાનો વિષયોનો સમાવેશ થયો.

→ માધ્યમિક શિક્ષણના ચાર વર્ષમાં બહુવિદ્યાશાખાકીય અભ્યાસ પર વધુ ભાર મૂકાશે.

→ દરેક વિષય વધુ ઉંડાણપૂર્વક, વધુ વિવેચનાત્મક અને વિશ્લેષણ વિચારણા સાથે, જીવનના ઉચ્ચ ધ્યેયો સાથે અનુસંધાન સાધીને તેમજ વિદ્યાર્થીને કેટલાક વિષયોની પસંદગીની તક આપીને શિક્ષણકાર્ય કરવામાં આવશે.

→ જો કોઈ વ્યાવસાયિક કોર્સ કરવો હોય તો વિદ્યાર્થીઓ પાસે ધોરણ-10 પછી બહાર નીકળવાનો વિકલ્પ રહેશે અને પછી જો ફરીથી તેમની ઈચ્છા હોય તો ધોરણ 11-12 માં પણ જોડાઈ શકશે.

→ ઉપરના તમામ અભ્યાસક્રમ અને અધ્યાપનશાસ્ત્ર સંબંધિત છે જે બાળકોના બોધાત્મક વિકાસના આધારે વિદ્યાર્થીઓના અધ્યયનને શ્રેષ્ઠ બનાવવા માટે રચાયેલ છે.

### 4.3 *અધ્યેતાઓનો સર્વાંગી વિકાસ :*

→ વર્તમાન ગોખણપટ્ટી આધારિત અધ્યનને દૂર કરવાનો છે.

→ શિક્ષણનો મુખ્ય ધ્યેય માત્ર બોધાત્મક વિકાસ જ નહીં પણ ચારિત્ર્યનું નિર્માણ, સર્વાંગી વિકાસ અને 21મી સદી માટે જરૂરી બધા કૌશલ્યોથી સજ્જ વ્યક્તિઓનું નિર્માણ કરવાનો રહેશે.

### 4.4 *જ્ઞાન એ અંતરના ઊંડાણમાં રહેલો ભીતરનો ખજાનો છે :*

જે વ્યક્તિમાં પહેલેથી જ છે અને શિક્ષણ તેને સંપૂર્ણ રીતે અભિવ્યક્તિ થવામાં મદદ કરે છે.

→ પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચ શિક્ષણ સુધીના દરેક તબક્કે એક ચોકકસ પ્રકારના મૂલ્યો અને કૌશલ્યોની યાદી તૈયાર કરવામાં આવશે. જેને અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિ સાથે સાંકળી લેવામાં આવશે.

→ NCERT આ આવશ્યક મૂલ્યોની યાદી, કૌશલ્યોની યાદી તૈયાર કરશે.

### 4.5 *આવશ્યક અધ્યયન અને નિર્ણાયક વિચારસરણીને વધારવા માટે અભ્યાસક્રમની સામગ્રીમાં ઘટાડો :*

વિશ્લેષણ આધારિત, ચર્ચા આધારિત, અન્વેષણ આધારિત, પ્રશ્નપદ્ધતિ આધારિત,

વિવેચનાત્મક વિચારણા આધારિત અને સર્વાંગી અધ્યયન માટે જરૂરી સમય મળે તે માટે અભ્યાસક્રમના વિષયવસ્તુને ઘટાડી માત્ર ચાવીરૂપ અને અતિ આવાયક બાબતોનો જ સમાવેશ કરાશે.

આ અતિઆવશ્યક વિષયવસ્તુ મુખ્ય સંકલ્પનાઓ, વિચારો તેના ઉપયોજન અને સમસ્યા નિરાકરણ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### 4.6 *અનુભવ આધારિત અધ્યયન :*

શાળા શિક્ષણના બધા તબક્કાઓમાં અનુભવ આધારિત અધ્યયન આપવામાં આવશે. સાથે સાથે ક્રિયામૂલક શિક્ષણ, વિવિધ કલાઓ અને રમતોનો શિક્ષણમાં સમાવેશ. વાર્તાકથન દ્વારા અધ્યયન વિવિધ વિષયો સાથેનો અનુબંધ સાધીને શિક્ષણ વિગેરે પદ્ધતિઓને દરેક વિષયના શિક્ષણમાં સમાવિષ્ટ કરવામાં આવશે.

અધ્યયન નીપજોને સિદ્ધ કરવામાં જે અધૂરપ રહી જાય છે તેને દૂર કરવા માટે ક્ષમતા આધારિત શિક્ષણ પદ્ધતિને અનુસરવામાં આવશે. અને મૂલ્યાંકન પણ દરેક વિષય માટે નક્કી કરેલી ક્ષમતાઓ અને અધ્યયન નીપજોના આધારે જ કરવામાં આવશે.


### 4.7 *કલા દ્વારા શિક્ષણ એ આંતર-અભ્યાસક્રમ અધ્યાપન અભિગમ છે.*

આનુભવિક અધ્યયનના ભાગરૂપે, કલા દ્વારા શિક્ષણને વર્ગખંડમાં થતાં અધ્યયનને વધુ આનંદપ્રદ બનાવવા માટે રોજબરોજના વર્ગ વ્યવહારમાં સામેલ કરવામાં આવશે.

કલા દ્વારા ભારતીય સંસ્કૃતિ અને મૂલ્યોને જોડીને વિદ્યાર્થીઓની જીવનમાં તેને ઉતારી શકાય કલા દ્વારા શિક્ષણનો આ અભિગમ શિક્ષણ અને સંસ્કૃતિના સંબંધને વધુ મજબૂત કરશે.

### 4.8 *રમતગમત દ્વારા શિક્ષણ એ બીજો આંતર-અભ્યાસક્રમ અધ્યાપન અભિગમ છે.*

જેમાં...



રમતગમત શિક્ષણને સામેલ કરીને વિદ્યાર્થીમાં જીવનભર શારીરિક રીતે સક્ષમ રહેવાનો, જીવનભર નિરોગી અને સ્વચ્છ રહેવાનો અભિગમ કેળવવામાં આવશે.

જે Fit India Movement અંતર્ગત નક્કી કરેલાં બીજાં જીવન કૌશલ્યો સિદ્ધ કરવામાં પણ મદદરૂપ થશે.

**4.9 *અભ્યાસક્રમમાં પસંદગીમાં લવચિકતા મારફતે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવવા :***

માધ્યમિક શાળાઓમાં અભ્યાસ માટે વિષયોની વધુ અનુકુળતા અને પસંદગી આપવામાં આવશે.

→ શારીરિક શિક્ષણ, કલા, હસ્તકલા, વ્યાવસાયિક શિક્ષણ કૌશલ્યો, અભ્યાસિક પ્રવૃત્તિઓ, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અથવા અભ્યાસેતર પ્રવૃત્તિઓ વચ્ચે વધુ અંતર નહીં રહે.

→ કલા, માનવવિદ્યાઓ અને વિજ્ઞાન વચ્ચે વધુ અંતર નહીં રહે.

→ 'વ્યાવસાયિક' અથવા 'શૈક્ષણિક' વિદ્યાશાખાઓ વચ્ચે પણ બહુ અંતર નહીં રહે.

→ વિદ્યાર્થીઓની વયને અનુરૂપ તેમની રસ, રુચિ અને સલામતીને ધ્યાનમાં રાખીને સમગ્ર શાળા શિક્ષણના બધાં સોપાનો કે તબક્કાઓ ગણિત, વિજ્ઞાન, માનવવિદ્યાઓ જેવા ફરજિયાત વિષયો ઉપરાંત શારીરિક શિક્ષણ કલા અને હસ્તકલા અને વ્યાવસાયિક કૌશલ્યો જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવશે.

4.10 શાળા શિક્ષણના ચાર તબક્કામાંથી પ્રત્યેકમાં વિવિધ પ્રદેશોમાં જો શક્ય હોય તો એક સત્ર અથવા અન્ય એવી પ્રણાલી તરફ આગળ વધવા પર રાજ્ય સરકારો કોઈ નવીન પદ્ધતિઓ કે પ્રણાલીઓ વિકસાવે તે ઈચ્છનીય છે.

**4.11 *બહુભાષાવાદ અને ભાષાની ક્ષમતા***

નાના બાળકો તેમના ઘરમાં બોલાવી ભાષા એટલે કે માતૃભાષામાં મહત્વના મૂર્ત કે અમૂર્ત ખ્યાલોને વધુ ઝડપથી શીખે છે અને ગ્રહણ કરે છે.

ઘરોમાં સામાન્ય રીતે માતૃભાષા અથવા સ્થાનિક દ્વારા બોલાવવામાં આવતી ભાષાનો ઉપયોગ થાય છે. જો કે કેટલીક વખત બહુભાષી કુટુંબમાં કુટુંબના અન્ય સભ્યો દ્વારા બોલાતી ભાષા ઘરેલુ ભાષા હોઈ શકે છે.

જ્યાં સુધી શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછા ધોરણ-4 સુધી પણ વધુ યોગ્ય તો ધોરણ-8 સુધી શિક્ષણનું માધ્યમ ઘરની ભાષા, માતૃભાષા, સ્થાનિકભાષા, પ્રાદેશિકભાષા હશે.

સરકારી અને ખાનગી બંને પ્રકારની શાળાઓને આ સૂચનાનું પાલન કરવાનું રહેશે.

બધી જ ભાષાઓ તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તા સાથે શીખવવામાં આવશે.

એક ભાષાને સારી રીતે શીખવવા અને શીખવા માટે તેને શિક્ષણનું માધ્યમ બનાવવું જ પૂરતું નથી તેને એક વિષય તરીકે ઊંડાણપૂર્વક શીખવવી જોઈએ.

4.12 બાળકો 2 થી 8 વર્ષની ઉંમર વચ્ચે અત્યંત ઝડપથી ભાષાઓ શીખી લે છે અને બહુભાષિકતાથી આ ઉંમરના વિદ્યાર્થીઓને ઘણા બધા જ્ઞાનાત્મક લાભો થયા છે.

દરેક ભાષાઓને એક મનોરંજક અને સંવાદાત્મક શૈલીમાં ભણાવવામાં આવશે.

માતૃભાષામાં લખવાની સાથે ધોરણ-3 અને આગળની કક્ષાઓમાં અન્ય ભાષામાં વાંચવા અને લખવા માટે કૌશલ્યો વિકસિત કરવામાં આવશે.

મોટી સંખ્યામાં ભાષાશિક્ષકોની ભરતી કરીને ભાષાશિક્ષણને વધુ સુદૃઢ બનાવવાનો એક મહાપ્રયાસ થશે.

ભાષા શિક્ષણને લોકપ્રિય બનાવવા માટે તકનિકીનો વ્યાપક ઉપયોગ કરવામાં આવશે.

4.13 ત્રિ-ભાષા સૂત્રમાં વધુ લવચિકતા રાખવામાં આવશે. કોઈપણ રાજ્ય પર કોઈ ભાષા લાદવામાં આવશે નહીં.

જે વિદ્યાર્થીઓ ત્રણમાંથી એક અથવા વધારે ભાષાને બદલવા માંગે છે તેઓએ 6 અથવા 7 ધોરણમાં કરી શકે છે. ત્રણ ભાષામાંથી કોઈપણ એક ભાષામાં પ્રાવીણ્ય પ્રાપ્ત કરવું પડે જે માધ્યમિક સુધી લાગુ પડશે.

4.14 વિજ્ઞાન અને ગણિતના અધ્યન માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત દ્વિભાષિક પાઠ્યપુસ્તકો અને અધ્યયન-અધ્યાપન સામગ્રી તૈયાર કરવામાં આવશે.

4.15 ભારતની ભાષાઓ વિશ્વમાં સૌથી સમૃદ્ધ સૌથી વધુ વૈજ્ઞાનિક, સૌથી સુંદર અને સૌથી વધુ અભિવ્યક્ત વૈભવ ધરાવનારી છે.

સંસ્કૃતિના સંરક્ષણ માટે અને સંવર્ધન માટે રાષ્ટ્રીય એકતાની ભાવના જગાડવા માટે દરેક યુવા ભારતીયને પોતાના દેશની ભાષાઓ અને સાહિત્યરૂપી વિશાળ અને સમૃદ્ધ ખજાના વિશે માહિતગાર અને સભાન થવું જોઈએ.

4.16 દેશનો દરેક વિદ્યાર્થી 'ભારતની ભાષાઓ' પર ક્યારેક ''એક ભારત શ્રેષ્ઠ ભારત'' પહેલ હેઠળ ભારતની ભાષાઓ પર ફન પ્રોજેક્ટ/પ્રવૃત્તિમાં ભાગ લેશે.

વિદ્યાર્થીઓ મોટાભાગની મુખ્ય ભાષાઓ (ભારતીય) નોંધપાત્ર એકતા વિશે શીખવે છે.

ભારતની એકતા અને સુંદર સાંસ્કૃતિક વારસા અને વિવિધતા બંનેનો અહેસાસ કરાવશે.

4.17 ભારત સંસ્કૃત સિવાયની અન્ય શાસ્ત્રીય ભાષાઓમાં પણ સમૃદ્ધ સાહિત્ય ધરાવે છે. જેમાં શાસ્ત્રીય તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયાનો સમાવેશ થાય છે.

જેમ જેમ ભારત સંપૂર્ણપણે વિકસિત દેશ બનશે તેમ તેમ નવી પેઢી ભારતના વ્યાપક અને સુંદર શાસ્ત્રીય સાહિત્યથી સમૃદ્ધ બનતી જશે.

સંસ્કૃત ઉપરાંત તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, ઉડિયા, પાલી, ફારસી અને પ્રાકૃત સહિત ભારતની અન્ય શાસ્ત્રીય ભાષાઓ અને સાહિત્ય પણ વિદ્યાર્થીઓ માટે વિષયો તરીકે વિકલ્પો તરીકે વ્યાપકપણે ઉપલબ્ધ રહેશે.

4.18 બાળકોની જ્ઞાનસમૃદ્ધિ માટે અને આ સમૃદ્ધ ભાષાઓ અને તેમના કલાત્મક ખજાનાની જાળવણી માટે તમામ શાળાઓમાં, સરકારી કે ખાનગી તમામ વિદ્યાર્થીઓ પાસે ભારતની શાસ્ત્રીય ભાષા અને તેનું સાહિત્ય શીખવા માટે ધોરણ 6 થી 12 ના સમયગાળા દરમ્યાન ઓછામાં ઓછા બે વર્ષનો વિકલ્પ રહેશે.

જો તે ઇચ્છે તો માધ્યમિક શાળા દરમ્યાન પણ તે ભાષાની ઉચ્ચઅભ્યાસ ચાલુ રાખી શકશે.

4.19 જે વિદ્યાર્થીઓને વિશ્વની બીજી ભાષાઓ અને સંસ્કૃતિઓ વિષે જાણવું છે કે જેમને વિશ્વ કક્ષાનું જ્ઞાન પ્રાપ્ત કરવું છે તે ભારતીય ભાષાઓ અને અંગ્રેજીમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરું પાડવા ઉપરાંત કોરિયલ, જાપાનીઝ, થાઈ, ફ્રેન્ચ, જર્મન, સ્પેનિશ, પોર્ટુગીઝ અને રશિયન જેવી વિદેશી ભાષાઓ શીખવાનો વિકલ્પ પણ માધ્યમિક શાળા શિક્ષણના સ્તરે આપવામાં આવશે.

4.20 ફિલ્મો, નાટક, કથા, વાર્તા, કવિતા અને સંગીત જેવા ભાષાઓના સાંસ્કૃતિક પાસાઓનો ઉપયોગ કરીને ભાષા, રમતો એ ભાષા અધ્યયન માટેની એપ્લિકેશન સહિતની નવીન અને અનુભવી પદ્ધતિઓનો ઉપયોગ કરીને રોજબરોજના જીવનના અનુભવો અને બીજા વિષયો સાથે સાંકળીને તમામ ભાષાઓના શિક્ષણને વધુ અસરકારક બનાવવામાં આવશે.

ભાષાઓનું શિક્ષણ પણ આનુભવિક શિક્ષણના અધ્યાપન શાસ્ત્ર પર આધારિત હશે.

4.21 સાંભળવાની ખામી ધરાવતા વિદ્યાર્થીઓ માટે સમગ્ર દેશમાં ભારતીય સાંકેતિક ભાષા (Indian Sign Language) ની પ્રમાણી કરેલી આવૃત્તિ તૈયાર કરવામાં આવશે.

4.22 અભ્યાસક્રમ આવશ્યક વિષયો, કૌશલ્યો અને ક્ષમતાઓનું સંકલન

- વિદ્યાર્થીઓને વ્યક્તિગત અભ્યાસ માટેની પસંદગીની વધારે તકો આપવામાં આવશે.
- ભાષાઓમાં કુશળતા ઉપરાંત
- કૌશલ્યોમાં વૈજ્ઞાનિક અભિગમ
- તાર્કિક પુરાવા આધારિત વિચારણાનો સમાવેશ થાય છે.
- સર્જનાત્મકતા અને નવીનતા

- સૌંદર્યશાસ્ત્ર અને કલાની ભાવના
- મૌખિક અને લેખિત પ્રત્યાયન
- સ્વાસ્થ્ય અને પોષણ
- શારીરિક શિક્ષણ
- તંદુરસ્તી
- શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અને રમતગમત
- સહયોગ અને સંઘ ભાવના
- સમસ્યાઓનું સમાધાન
- તાર્કિક વિચારણા
- વ્યાવસાયિક અનુભવો અને કૌશલ્યો
- ડિજિટલ સાક્ષરતા
- કોડિંગ અને ગાણિતિક વિચારણા કૌશલ્યો
- નીતિગત અને નૈતિક તક
- માનવીય અને બંધારણીય મૂલ્યોનું જ્ઞાન
- વાણી - વર્તન - વ્યવહારમાં તેમનું ઉપયોજન જાતીયતા પ્રત્યે સંવેદનશીલતા મૂળભૂત ફરજો
- નાગરિકતા કૌશલ્યો અને મૂલ્યો
- ભારતીય જ્ઞાન
- પર્યાવરણીય જાગૃતિ

સ્થાનિક સમુદાયો, રાજ્યો, દેશ અને દુનિયા સામેના પડકારો, પ્રશ્નો અને વર્તમાન જગતમાં બનતી ઘટનાઓના જ્ઞાનનો પણ સમાવેશ થાય છે.

4.23 શાળા શિક્ષણના યોગ્ય તબક્કે

- કૃત્રિમ બુદ્ધિમતા
- સંરચના વિચારણા
- સર્વાંગી સ્વાસ્થ્ય
- પ્રાકૃતિક જીવનશૈલી
- પર્યાવરણ શિક્ષણ

- વૈશ્વિક નાગરિકત્વનું શિક્ષણ અભ્યાસક્રમમાં આવશે.

4.24 ગણિત અને ગાણિતિક વિચારસરણી અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે.

- (૧) કૃત્રિમ બુદ્ધિમતા (AI)

  (૨) યંત્ર આધારિત અધ્યયન (મશીન લર્નિંગ)

  (૩) માહિતી વિજ્ઞાન (ડેટા સાયન્સ)

- નવીનતમ અધ્યાપન પદ્ધતિઓ દ્વારા શાળા શિક્ષણના પૂર્વ પ્રાથમિક તબક્કાથી જ ગણિત અને ગાણિતિક કૌશલ્યો શીખવવાની શરૂઆત કરવામાં આવશે.
- ગાણિતિક વિચારોને વધુ આનંદદાયક અને આકર્ષક બનાવતા કોયડાઓ અને રમતોના નિયમિત ઉપયોગ, માધ્યમિક તબક્કામાં કોડિંગ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવશે.

4.25 દરેક વિદ્યાર્થી 6 થી 8 ધોરણ દરમિયાન એક આનંદદાયક અને રસપ્રદ અભ્યાસક્રમ દ્વારા મહત્વપૂર્ણ વ્યાવસાયિક હસ્તકલાના નમૂના જેવા કે,

સુથારીકામ

ઈલેક્ટ્રીક વર્ક

મેટલ વર્ક-ધાતુકામ

બાગકામ

માટીકામ

- ધો. 6 થી 8 માટે પ્રેક્ટીસ આધારિત અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવશે.
- 6 થી 8 ધોરણના વિદ્યાર્થીઓને 10 દિવસના દફતર વગરના તાસ (Bagless Period) માં ભાગ લેશે.

| | | |
|---|---|---|
| 6 to 8 Std. | સુથાર<br>માળી<br>કુંભાર<br>કલાકારો | સ્થાનિક વ્યસાયિક નિષ્ણાતો પાસે તાલીમ લેશે |

- વ્યાવસાયિક તાલીમો Online માધ્યમથી પણ ઉપલબ્ધ કરવામાં આવશે.
- બાળકો ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રવાસની દૃષ્ટિએ મહત્વનાં સ્થળો/સ્મારકોની મુલાકાત લેશે.
- સ્થાનિક કલાકારો અને કારીગરોને મળશે.

4.26 'ભારતનું જ્ઞાન' વિષય અંતર્ગત પ્રાચીન ભારતના જ્ઞાન અને આધુનિક ભારતમાં તેના યોગદાન, તેની સફળતાઓ અને પડકારોનો સમાવેશ કરાશે.

- શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ વગેરે અંગેની ભારતની આંકાક્ષાઓની સ્પષ્ટ સમજનો સમાવેશ.
- શાળાના સમગ્ર અભ્યાસક્રમમાં જ્યાં પ્રસ્તુત હોય ત્યાં સચોટ અને વૈજ્ઞાનિક રીતે સામેલ કરવામાં આવશે.
- આદિવાસી લોકોનું જ્ઞાન અને સ્થાનિક તેમજ પરંપરાગત શિક્ષણ પદ્ધતિઓ સહિત ભારતીય વ્યવસ્થાઓને

ગણિત

ખગોળશાસ્ત્ર

તત્વજ્ઞાન

યોગ

સ્થાપત્ય

ચિકિત્સા

કૃષિ

ઈજનેરી

ભાષાશાસ્ત્ર

સાહિત્ય

રમતગમત

પ્રવાસન

રાજકારણ

સંરક્ષણમાં આવરી લેવાશે.

- આદિવાસી લોકોની ઔષધીય પદ્ધતિઓ, વન વ્યવસ્થાપન, પરંપરાગત (ઓર્ગેનિક) પાકની ખેતી, કુદરતી ખેતી વગેરેના અભ્યાસક્રમો પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- ભારતીય જ્ઞાન પ્રણાલી પર આધારિત એક આકર્ષક અભ્યાસક્રમ પણ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પસંદગી તરીકે ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- સ્વદેશી રમતો પર વિશેષ ભાર.

- સમગ્ર શાળા અભ્યાસક્રમમાં ભારતના પ્રેરણાદાયી મહાનુભાવો, પ્રાચીન અને આધુનિક, વિજ્ઞાન અને તેના સિવાયના વિષયો પર દસ્તાવેજી ફિલ્મ કે વિડીયો શાળા શિક્ષણના દરેક તબક્કે વિદ્યાર્થીઓને બતાવવામાં આવશે.
- સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમોના ભાગરૂપે વિદ્યાર્થીઓને વિવિધ રાજ્યોની મુલાકાત લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવશે.

4.27 વિદ્યાર્થીઓને નાની ઉંમરે ***"જે યોગ્ય છે તે કરવાનું મહત્વ"*** શીખવવામાં આવશે.

- બાળકોને પોતાના જીવનનું સંચાલન કરવા માટે નૈતિક મૂલ્યોને અપનાવવા સક્ષમ બનાવવા, પરંપરાગત ભારતીય મૂલ્યો, તમામ મૂળભૂત માનવ અને બંધારણીય મૂલ્યો (જેવા કે સેવા, અહિંસા, સ્વચ્છતા, સત્ય, નિષ્કામકર્મ, શાંતિ, બલિદાન, સહિષ્ણુતા, વિવિધતા, બહુવચનવાદ, સાચું વર્તન, જાતિયતા પ્રત્યે સંવેદનશીલતા, વડીલો પ્રત્યે આદર, પર્યાવરણ પ્રત્યે આદર, મદદરૂપ થવાની ભાવના, સૌજન્ય, ધીરજ, ક્ષમા, સહાનુભૂતિ, કરૂણા, દેશભક્તિ, લોકશાહી દૃષ્ટિકોણ, સત્યનિષ્ઠા, સ્વાતંત્ર્ય, સમાનતા અને બંધુત્વનો વિદ્યાર્થીઓમાં વિકાસ કરવામાં આવશે)
- બાળકોને પંચતંત્ર, જાતક કથા, હિતોપદશ અને ભારતીય પરંપરાની અન્ય રમૂજી કથાઓ અને પ્રેરણાદાયી વાર્તાઓ વાંચવાની અને શીખવાની તક મળશે.
- આરોગ્યની મૂળભૂત તાલીમ જેમાં નિવારણાત્મક આરોગ્ય, માનસિક સ્વાસ્થ્ય આપત્તિ પ્રતિચાર અને પ્રાથમિક સારવારનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવશે.
- આલ્કોહોલ, તમાકુ અને અન્ય નશાઓની હાનિકારક અને નુકશાનકારક અસરોના વૈજ્ઞાનિક ખુલાસાઓનો સમાવેશ.

4.28 પૂર્વ પ્રાથમિક તબક્કાથી ઉચ્ચ શિક્ષણ સુધીના તમામ અભ્યાસક્રમો અને શિક્ષણને સંસ્કૃતિ પરંપરાઓ, વારસા, રીત-રિવાજ, ભાષા તત્વજ્ઞાન, ભૂગોળ, પ્રાચીન અને સમકાલીન જ્ઞાન સામાજિક અને વૈજ્ઞાનિક જરૂરિયાતો સામાજિક અને પરંપરાગત રીતે સુનિશ્ચિત કરવા માટે પુનઃરચના કરવામાં આવશે.

- જે આપણા વિદ્યાર્થીઓના શિક્ષણ માટે સૌથી વધારે સંબંધિત, સુસંગત, રસપ્રદ અને અસરકારક હોય તેનું ધ્યાન રાખવામાં આવશે.
- વાર્તાઓ, કલા, રમતો, રમતગમત, ઉદાહરણો, સમસ્યાઓ વગેરેની પસંદગી ભારતીય અને સ્થાનિક ભૌગોલિક સંદર્ભમાં શક્ય તેટલી વધુ કરવામાં આવશે.

## શાળા માટે રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું (NCFSE)

4.29 શાળા શિક્ષણ માટે નવા અને વ્યાપક રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખાની રચના NCFSE-2020-21, રાષ્ટ્રીય શિક્ષણનીતિ : 2020 ના સિદ્ધાંતો, અભ્યાસક્રમની તાકીદની આવશ્યકતાઓ, રાજ્ય સરકારો, મંત્રાલયો, કેન્દ્ર સરકારના સંબંધિત વિભાગો સહિતના હોદ્દેદારો, નિષ્ણાંત, સંસ્થાઓ આ તમામ સાથે ચર્ચા કર્યા પછી તેના આધારે NCERT દ્વારા હાથ ધરવામાં આવશે.

- બધી જ પ્રાદેશિક ભાષાઓમાં અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવામાં આવશે.
- NCFSE દસ્તાવેજ દર 4-10 વર્ષમાં ફરી હાથ પર લઈ જે તે સમયને અનુરૂપ સુધારા-વધારા કરવામાં આવશે. જેનો આધાર તત્કાલીન અભ્યાસક્રમ રહેશે.

## સ્થાનિક વિષયવસ્તુ અને પરિપ્રેક્ષ્ય ધરાવતા રાષ્ટ્રીય પાઠ્યપુસ્તકો

4.30 પાઠ્યપુસ્તકોમાં બદલાવની સાથે શાળાના પાઠ્યક્રમ તેમજ વિષયવસ્તુના ભારણમાં ઘટાડો

- ગોખીને યાદ કરવાના બદલે સંરચનાત્મક અધ્યયન પર ભાર
- તમામ પાઠ્યપુસ્તકોમાં રાષ્ટ્રીય સ્તર પર મહત્વપૂર્ણ બાબતો (ચર્ચા, વિશ્લેષણ, ઉદાહરણો અને ઉપયોગ) સામેલ કરવામાં આવશે.
- શિક્ષકની અનુકૂળ અધ્યાપન પદ્ધતિ તેમજ વિદ્યાર્થીઓની અને સમુદાયની જરૂરિયાતો અનુસાર શિક્ષણકાર્ય

4.31 ગુણવત્તાયુક્ત અને ઓછામાં ઓછા ખર્ચે પાઠ્યપુસ્તકો તૈયાર કરવામાં આવશે.

- દરેક રાજ્યો પોતાનો અભ્યાસક્રમ તૈયાર કરશે. જે (NCERT દ્વારા તૈયાર કરેલ NCFSE પર આધારિત હશે.)
- બધી પ્રાદેશિક ભાષાઓમાં પાઠ્યપુસ્તકોની રચના કરી બધી જ શાળાઓમાં ઉપલબ્ધતાને પ્રાથમિકતા આપવામાં આવશે.
- NCERT, SCERT શાળાઓ અને શિક્ષકો દ્વારા અભ્યાસક્રમ અને અધ્યાપન પદ્ધતિમાં યોગ્ય ફેરફારો કરીને દતર અને પાઠ્યપુસ્તકોના વજનમાં નોંધપાત્ર ઘટાડો કરવા માટે નક્કર પ્રયાસો.

## વિદ્યાર્થી વિકાસ માટે મૂલ્યાંકન પદ્ધતિમાં પરિવર્તન

4.33 નિયમિત સમયાંતરે ક્ષમતા આધારિત અને અધ્યયન કેન્દ્રી મૂલ્યાંકન તરફ લઈ જવાનો રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો મુખ્ય ઉદ્દેશ્ય છે.

- બોધાત્મક કૌશલ્યો જેવા કે, પૃથક્કરણ વિવેચનાત્મક ચિંતન અને સંકલ્પનાત્મક સ્પષ્ટતાનું મૂલ્યાંકન
- વિદ્યાર્થીના અધ્યયન અને વિકાસને મહત્તમ અસરકારક બનાવવા સતત સુધારા વધારા કરી અધ્યયન અધ્યાપન પ્રક્રિયાને સતત પ્રેરિત કરવામાં આવશે.
- શિક્ષણના તમામ સ્તરે મૂલ્યાંકન માટેનો આ મૂળ સિદ્ધાંત હશે.

4.34 તમામ વિદ્યાર્થીઓના પ્રગતિ કાર્ડ એક સમગ્રદર્શી અને 360 ડિગ્રીનો બહુ પરિમાણવીય અહેવાલ હશે.

- જેમાં વિદ્યાર્થીના જ્ઞાનાત્મક
  ભાવાત્મક
  મનો ક્રિયાત્મક

ક્ષેત્રના વિકાસનું બારીકાઈપૂર્વક કરેલ વિશ્લેષણનું વર્ણન પ્રગતિકાર્ડમાં હશે.

- વિદ્યાર્થીના પ્રોજેક્ટ આધારિત
  પૂછપરછ આધારિત અધ્યયન
  ક્વિઝ
  રોલ પ્લે
  જૂથકાય વગેરેનું સ્વ-મૂલ્યાંકન
- સહપાઠી દ્વારા મૂલ્યાંકન
- શિક્ષક દ્વારા મૂલ્યાંકન
- સમગ્રતાદર્શી પ્રગતિ કાર્ડ વાલી અને શિક્ષક મુલાકાત ઉપરાંત શાળા અને ઘરને જોડતી એક મહત્વની કડી રચશે. જેથી વાલીઓને બાળકના સર્વાંગીણ વિકાસમાં અને શિક્ષણમાં સક્રિય રીતે સામેલ કરી શકાય.
- પ્રગતિ કાર્ડ શિક્ષકોને અને માતાપિતાને વર્ગખંડમાં અને વર્ગખંડ બહાર દરેક વિદ્યાર્થીને અધ્યયનમાં કેવી રીતે મદદ કરવી તે વિશેની મૂલ્યવાન માહિતી પ્રદાન કરશે.
- કૃત્રિમ બુદ્ધિમતા(AI) ના ઉપયોગથી વિદ્યાર્થીઓ સોફ્ટવેર બનાવી શકે જે તેમને અધ્યયનમાં પ્રગતિની સંભાળ લેવામાં, શ્રેષ્ઠ કારકિર્દીની પસંદગી કરવામાં સહાયક થશે.

4.35 બોર્ડની પરીક્ષાઓ અને પ્રવેશ પરીક્ષાઓ સાચા અધ્યયન માટેના મૂલ્યવાન સમયને વિદ્યાર્થીઓ કોચિંગ અને વધુ પડતી પરીક્ષાઓ આપી રહ્યા છે જેથી પરીક્ષા પદ્ધતિમાં આમૂલ પરિવર્તન કરવામાં આવશે.

4.36 ધો. 10 અને ધો. 12 માટે બોર્ડની પરીક્ષા ચાલુ રહેશે.

- બોર્ડની પરીક્ષાઓના માળખાની પુનઃરચના
- બોર્ડની પરીક્ષાના વિષયોની પસંદગી વ્યક્તિગત ધોરણે
- બોર્ડની પરીક્ષાઓને 'સરળ' બનાવવામાં આવશે. ગોખણપટ્ટીને આધારે નહિ પરંતુ ક્ષમતા આધારિત મૂલ્યાંકન
- બોર્ડની પરીક્ષાઓના 'વર્ષ બગડવાના સંકટ' ને દૂર કરવા માટે બધા વિદ્યાર્થીઓ કોઈપણ શાળાકીય વર્ષ દરમિયાન બે વખત બોર્ડની પરીક્ષા આપી શકશે.
- એક મુખ્ય પરીક્ષા અને એક સુધારણા માટે જો વિદ્યાર્થી ઇચ્છે તો આપી શકે છે.

4.37 વિદ્યાર્થીને પસંદગીની તક અને તેમના કુલ પ્રદર્શનમાંથી કોઈપણ બે શ્રેષ્ઠ પ્રદર્શનના આધારે મૂલ્યાંકન, પાયાની મુખ્ય ક્ષમતાઓની ચકાસણી વગેરે જેવી બાબતો આવરી લેવામાં આવશે. જેથી વિદ્યાર્થીનો પરીક્ષા તણાવ ઘટાડી શકાશે. ગણિતથી લઈને દરેક વિષય સંબંધિત મૂલ્યાંકન બે સ્તર પર કરવામાં આવે, એક વર્ગ કક્ષાએ અને બીજી ઉચ્ચ કક્ષાએ, કેટલાક વિષયોમાં બોર્ડની પરીક્ષાઓ બે ભાગમાં રાખી શકાય.

(૧) બહુવિકલ્પ પ્રશ્નો

(૨) વિસ્તૃત ઉત્તરના પ્રશ્નો

4.38 રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, બોર્ડ ઓફ એસેસમેન્ટ અને શિક્ષકો સાથે પરામર્શના આધારે દિશા નિર્દેશો તૈયાર કરવામાં આવશે. જેથી શૈક્ષણિક સત્ર 2022-23 સુધીમાં NCFSE 2020-21 ને અનુરૂપ મૂલ્યાંકન પધ્ધતિને સંપૂર્ણરીતે બદલી શકાય.

4.39 શાળાના વર્ષો દરમ્યાન વિદ્યાર્થીની પ્રગતિની દેખરેખ રાખવા માટે વિદ્યાર્થીઓ, માતાપિતા, શિક્ષકો, આચાર્યો અને સમગ્ર પ્રણાલીના લાભ માટે, શાળાકીય આયોજન અને અધ્યાપન-અધ્યયન પ્રક્રિયાઓમાં સુધારણા માટે માત્ર ધો. 10 અને ધો. 12 ના અંતમાં જ નહીં પણ વિદ્યાર્થીઓ ધો. 3, ધો. 4, ધો. 8 માં શાળા પરીક્ષા આપશે જે યોગ્ય ઓથોરીટી દ્વારા લેવામાં આવશે.

- સ્મૃતિ આધારિત ગોખણીયા જ્ઞાનને બદલે પાયાની સંકલ્પનાઓનું મૂલ્યાંકન સ્થાનિકથી લઈને રાષ્ટ્રીય સ્તરના અભ્યાસક્રમનું જ્ઞાન અને તેને લઈને અનુરૂપ ઉચ્ચ કક્ષાના બોધાત્મક કૌશલ્યો જેવા કે જ્ઞાનનો વાસ્તવિક જીવનમાં ઉપયોગ, વિવેચનાત્મક વિચારણા સર્જનાત્મક વિચારણા વગેરેનું મૂલ્યાંકન કરવામાં આવશે.
- ધોરણ- 3 ની પરીક્ષા મૂળભૂત સાક્ષરતા, સંખ્યાજ્ઞાન અને અન્ય પાયાની કુશળતાનું પરીક્ષણ કરશે.

4.40 MHRD અંતર્ગત એક પ્રમાણભૂત - નિર્ધારક સમિતિની એક રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર. PARAKH (સમગ્ર વિકાસ માટે જ્ઞાનનું પ્રદર્શન મૂલ્યાંકન, સમીક્ષા અને વિશ્લેષણ) સ્થાપિત કરવાનો પ્રસ્તાવ છે જે ભારતના તમામ માન્યતા પ્રાપ્ત શાળા બોર્ડ માટે વિદ્યાર્થી મૂલ્યાંકન અને મૂલ્યાંકન માટે માપદંડ, પ્રમાણભૂત અને દિશા નિર્દેશ જેવા કેટલાક મૂળ ઉદ્દેશ્યો પૂર્ણ કરશે.

- PARAKH સ્ટેટ અચિવમેન્ટ સર્વે (SAS) અને નેશનલ અચિવમેન્ટ સર્વે (NAS) નું પણ સંચાલન કરશે.
- જુદા જુદા બોર્ડ એક બીજાની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ અને પ્રક્રિયાઓને જાણે તથા બધા જ બોર્ડના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનું સ્તર સમાન રહે તે માટે રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર, PARAKH એક માધ્યમ રહેશે.

4.41 વિશ્વ વિદ્યાલય પ્રવેશ પરીક્ષાઓ માટેના સિદ્ધાંતો સમાન હશે.

- રાષ્ટ્રીય પરીક્ષણ એજન્સી (National Testing Agency) ઉચ્ચગુણવત્તાયુક્ત સામાન્ય અભિયોગ્યતા પરીક્ષા, તેમજ વિજ્ઞાન, માનવવિદ્યાઓ, ભાષા, વિવિધ કલાઓ અને વ્યવસાયિક વિષયોમાં વિશિષ્ટ સામાન્ય વિષયની પરીક્ષાઓ વર્ષમાં ઓછામાં ઓછી બે વખત લેવાનું કામ કરશે.
- આ પરીક્ષાઓમાં સંકલ્પનાની સમજ અને જ્ઞાનના ઉપયોજન કરવાની ક્ષમતાનું પરીક્ષણ કરવામાં આવશે.
- સેંકડો વિશ્વ વિદ્યાલયો દરેક પોતપોતાની પ્રવેશ પરીક્ષાઓ યોજે તેના કરતાં NTA દ્વારા આ કામ કરવાથી વિદ્યાર્થીઓ વિશ્વ વિદ્યાલયો અને કોલેજો તેમજ સમગ્ર શિક્ષણ વ્યવસ્થા પરના ભારણમાં તીવ્ર ઘટાડો થઈ શકશે.

## વિશિષ્ટ પ્રતિભાવાળા અને હોશિયાર વિદ્યાર્થીઓ માટે સહાય

4.42 દરેક વિદ્યાર્થીમાં જન્મજાત પ્રતિભાઓ હોય છે. જેને શોધવી જોઈએ. તેનું પોષણ કરવું જોઈએ. તેને પ્રોત્સાહન આપવું જોઈએ અને તેનો વિકાસ કરવો જોઈએ. આ પ્રતિભાઓ વ્યક્તિની વિવિધ રુચિઓ સ્વભાવ અને ક્ષમતાઓ રૂપે વ્યક્ત થતી હોય છે.

- શિક્ષક પ્રશિક્ષણમાં વિદ્યાર્થીઓની પ્રતિભાઓ અને રુચિઓની ઓળખ અને તેના પ્રોત્સાહન માટેની શિક્ષણ પધ્ધતિઓ સામેલ કરાશે.
- NCERT અને NCTE આવા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓના શિક્ષણ માટેની માર્ગદર્શિકા વિકસાવશે.

4.43 શિક્ષકોનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને પૂરક અધ્યયન સામગ્રી, માર્ગદર્શન અને પ્રોત્સાહન આપીને વર્ગમાં એમની પ્રતિભાને પ્રોત્સાહિત કરવાનો રહેશે.

- વિજ્ઞાન વર્તુળો, ગણિત વર્તુળો, સંગીત અને નૃત્ય પ્રદર્શન વર્તુળો, ચેસ વર્તુળો, કવિતા વર્તુળો, ભાષા વર્તુળો, નાટક વર્તુળો, ચર્ચા વર્તુળો, રમત વર્તુળો, ઈકો કલબ્સ, આરોગ્ય અને સ્વાસ્થ્ય કલબ, યોગા કલબ અને બીજાં ઘણાં વર્તુળો રચી શકાય.
- વિવિધ વિષયોમાં માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ ગુણવત્તાવાળા રાષ્ટ્રીય નિવાસી ઉનાળું કાર્યક્રમોને પ્રોત્સાહિત કરવામાં આવશે.

4.44 દેશભરમાં વિવિધ વિષયોની ઓલિમ્પિયાડ અને સ્પર્ધાઓનું આયોજન કરાશે.

- તમામ વિદ્યાર્થીઓ પોતપોતાની લાયકાત અનુસાર જે તે સ્તરે ભાગ લઈ શકે.

4.45 એકવાર ઈન્ટરનેટ જોડાણવાળા સ્માર્ટફોન અથવા ટેબલેટ બધા જ ઘરો અને શાળાઓમાં ઉપલબ્ધ હશે તે ક્વિઝ, વિવિધ સ્પર્ધાઓ પૂરક અધ્યયન સામગ્રી, મૂલ્યાંકન પત્રો અને સમાન શૈક્ષણિક અને સહશૈક્ષણિક રુચિ ધરાવતા લોકોના ઓનલાઈન સમુદાયો સાથે સંપર્ક થઈ શકે તેવી મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરવામાં આવશે.

- ઓનલાઈન સંસાધનો અને સહયોગની સાથે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા વધુ અસરકારક અને ગુણવત્તાયુક્ત બનાવી શકાશે.

શિક્ષક માટે બહુ જ પુણ્યનું કામ એ છે કે એણે અભય વાવવાનું કર્મ કરવાનું છે. વિદ્યાર્થીમાં પડેલી કેટલીય ચેતનાને જાગ્રત કરવાની છે. મા-બાપ તો છૂટી જાય. જવાબદારી શિક્ષકની વધી જાય છે. મોટા ભાગના વાલીઓ શિક્ષણનો અર્થ સમજતા નથી.

- ***'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર***

# પ્રકરણ-૫

## શિક્ષક

5.1 શિક્ષકો વાસ્તવમાં બાળકોના ભવિષ્યને ઘડે છે અને તેથી તેઓ રાષ્ટ્રનિર્માણ પણ કરે છે.

- શિક્ષકો માટે ઉચ્ચ દરજ્જો અને શિક્ષણના વ્યવસાય પ્રત્યેના આદર અને સન્માનના ભાવને પુનઃ સ્થાપિત કરવા પડશે.

### ભરતી અને પદનિયુક્તિ

5.2 ઉત્કૃષ્ટ વિદ્યાર્થીઓ જ શિક્ષણના વ્યવસાયમાં જોડાય એટલે ચાર વર્ષીય સંકલિત બી.એડ્. કાર્યક્રમમાં અભ્યાસ માટે મોટી સંખ્યામાં અગ્રતાક્રમ આધારિત શિષ્યવૃત્તિ સમગ્ર દેશમાં શરૂ કરવામાં આવશે.

- સ્થાનિક નોકરીઓની તક પૂરી પાડશે.
- ગ્રામીણ ક્ષેત્રમાં શિક્ષણ કાર્ય કરવા માટે ઉત્કૃષ્ટ શિક્ષકોને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ગ્રામીણ ક્ષેત્રમાં સ્થાનિક નિવાસ માટે રહેઠાણ રાખવા માટે મદદના ભાગરૂપે નિવાસ ભરવામાં વધારો થશે.

5.3 શિક્ષક બદલીની હાનિકારક પ્રક્રિયા પર અંકુશ મૂકવામાં આવશે. જેથી શિક્ષક અને સમાજની વચ્ચે સંબંધ જળવાઈ રહે.

- પારદર્શિતા જાળવી રાખવા માટે એક ઓનલાઈન સોફ્ટવેર આધારિત વ્યવસ્થા દ્વારા બદલી કરવામાં આવશે.

5.4 શિક્ષક યોગ્યતા પરીક્ષા (TET) વિષયવસ્તુ અને અધ્યાપનશાસ્ત્ર બન્નેના સંદર્ભમાં વધુ સક્ષમ બનાવવામાં આવશે.

- શિક્ષણ માટેની અભિયોગ્યતા અને ઉત્સાહને તપાસવા માટે રૂબરૂ મુલાકાત કે વર્ગમાં ભણાવવા સંબંધી નિદર્શન કરવા જેવી બાબતો શાળાઓ અને શાળા સંકુલોમાં શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં અભિન્ન અંગ બની જશે.
- દરેક શાળામાં ઓછામાં ઓછા કેટલાક શિક્ષકો હશે જે સ્થાનિક ભાષામાં વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી શકે.

- ખાનગી શાળાઓના શિક્ષકો પણ TET, અધ્યાપન કૌશલ્યો, મુલાકાત અને સ્થાનિક ભાષાના જ્ઞાનની બાબતમાં સમાન લાયકાત ધરાવતા.

5.5 કલા, શારીરિક શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને ભાષાઓ જેવા વિષયોમાં બાળકોને એક શાળા અથવા શાળા સંકુલમાં ભરતી કરી શકાશે.

5.6 સ્થાનિક જ્ઞાન અને તજજ્ઞતાનો લાભ શાળાઓ લે તે માટે વિવિધ વિષયો જેવા કે કલાઓ, વ્યાવસાયિક શિલ્પકલા, ઉદ્યોગ સાહસિકતા, કૃષિ અથવા અન્ય કોઈપણ વિષયમાં, સ્થાનિક પ્રતિષ્ઠિત વ્યક્તિઓ અથવા નિષ્ણાતોને 'ખાસ પ્રશિક્ષકો' તરીકે રાખવા માટે શાળાઓને પ્રોત્સાહિત કરવામાં આવશે.

5.7 આગામી સમયમાં બધી ખાલી જગ્યાઓ પર સ્થાનિક શિક્ષકોની સાથે યોગ્ય લાયકાતવાળા શિક્ષકોને કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ માટેના યોગ્ય પ્રોત્સાહનો આપવા સાથે ભરતી કરવામાં આવશે.

## સેવાકાળ દરમ્યાન કાર્ય સંસ્કૃતિ અને પર્યાવરણ

5.8 શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, આચાર્યો અને અન્ય સહાયક કર્મચારીઓ એક સર્વ સમાવેશક સમુદાયોનો ભાગ બની શકે. જેનું એક સમાન લક્ષ્ય એ સુનિશ્ચિત કરવાનું હશે. જેમાં બધા જ બાળકો શીખી રહ્યા છે.

5.9 શાળાઓ પર્યાપ્ત અને સુરક્ષિત ભૌતિક સંસાધનો, શૌચાલય, પીવાનું ચોખ્ખું પાણી શીખવા માટે સ્વચ્છ અને આકર્ષક જગ્યા વીજળી, કમ્પ્યુયંત્ર સાધનો, ઇન્ટરનેટ, પુસ્તકાલય અને રમત તથા મનોરંજનના સાધનો ઉપલબ્ધ કરાવવા પડશે.

- શાળામાં બધી જ જાતીયતા (લિંગ)ના વિદ્યાર્થીઓ અને દિવ્યાંગ બાળકો સહિત, શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે એક સુરક્ષિત, સમાવિષ્ટ અને પ્રભાવી શિક્ષણનું વાતાવરણ મળે.

## પ્રભાવશાળી શાળાપ્રશાસન

5.10 સંશાધનોની ભાગીદારી અને સમુદાયના નિર્માણ માટે રાજ્ય સરકાર નાવીન્યપૂર્ણ માળખા એટલે કે શાળા સંકુલો, વિદ્યાર્થીઓની હાજરીઓની અસર ન થાય તે રીતે શાળાઓને વધુ ઉન્નત, તર્ક અંગત અને વૈજ્ઞાનિક રીતે વિકસાવી શકાય તેવી છે.

- શાળા સંકુલમાં શિક્ષકોની નિયુક્તિ શાળા સંકુલની શાળાઓમાં આપોઆપ સંબંધો વિકસી શકે છે. જેથી વિષયદીઠ શિક્ષકોનું ઉત્કૃષ્ટ વિતરણ સુનિશ્ચિત કરવામાં પણ મદદ મળશે.

- નાની શાળાઓના શિક્ષકો હવે અટૂલા નહીં શકે.
- શાળા સંકુલો શિક્ષકોને વધુ પ્રોત્સાહન આપવા અને અસરકારક શીખવાનું વાતાવરણ ઉભું કરવામાં મદદ કરવા માટે સલાહકાર, તાલીમબદ્ધ સામાજિક કાર્યકર્તાઓ, તકનિકી અને મરમ્મત સ્ટાફ વગેરેનું આદાન-પ્રદાન કરી શકે છે.

5.11 વાલીઓ શાળા વ્યવસ્થાપન સમિતિમાં તથા શાળા સંકુલ વ્યવસ્થાપન સમિતિઓના સભ્ય તરીકે વધુ જોડાશે.

5.12 શિક્ષકોને મોટાભાગનો સમય બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓ પર વ્યય થતો અટકાવવા માટે શિક્ષકોને હવે એવા કાર્યમાં સામેલ કરવામાં આવશે નહીં. જેનો શિક્ષણ સાથે સીધો સંબંધ નથી.

5.13 શાળાઓમાં શિક્ષણનું હકારાત્મક વાતાવરણ મળે તે સુનિશ્ચિત કરવામાં મદદ કરવા માટે આચાર્યો અને શિક્ષકોની અપેક્ષિત ભૂમિકામાં એ સ્પષ્ટ પણે સામેલ હશે કે તેઓ પોતાની શાળામાં અસરકારક પ્રણાલી દ્વારા સંવેદનશીલ અને સમાવેશી સંસ્કૃતિનું નિર્માણ કરશે જેનો લાભ બધા જ હિત ધારકોને મળશે.

5.14 શિક્ષકોને શિક્ષણના પાસાંઓ અને પાઠ્યક્રમની પસંદગી કરવામાં વધુ સ્વાયત્તતા આપવામાં આવશે.

- શિક્ષકો સામાજિક - ભાવનાત્મક પાસાં પર પણ ધ્યાન આપશે જે વિદ્યાર્થીઓના સર્વાંગીણ વિકાસની દૃષ્ટિએ હંમેશા આવશ્યક બાબત છે.
- શિક્ષકોને એવી શિક્ષણ પ્રક્રિયા અપનાવવા માટે સન્માનિત કરવામાં આવશે જે વર્ગખંડમાં વિદ્યાર્થીઓને શીખવવામાં વધુ લાભદાયી થતી હોય.

## સતત વ્યાવસાયિક વિકાસ (CPD)

5.15 શિક્ષકોને સ્વ-સુધારણા માટે અને તેમના વ્યવસાયમાં સાંપ્રત નવીનતાઓના અધ્યયનની શિક્ષકોને સતત તક આપવામાં આવશે.

- ઓનલાઈન પ્લેટફોર્મ વિકસાવવામાં આવશે જેતી શિક્ષકો વિચારો અને શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચી શકે.
- દરેક શિક્ષક તેમના પોતાના હિતોથી પ્રેરિત થઈ પોતાના વ્યાવસાયિક વિકાસ માટે દર વર્ષે ઓછામાં ઓછા 40 કલાક સતત વ્યાવસાયિક વિકાસ (CPD) અંતર્ગત મળતી તકોમાં ભાગ લેશે.

- મૂળભૂત સાક્ષરતા
- અંકશાસ્ત્રનું નવીનતમ શિક્ષણશાસ્ત્ર
- પરિણામોનું રચનાત્મક અને અનુકૂળ મૂલ્યાંકન
- ક્ષમતા આધારિત શિક્ષણ
- સંબંધિત અધ્યાપન શાસ્ત્ર
- પ્રાયોગિક અનુભવજન્ય શિક્ષણ
- કલા
- સંકલિત રમત
- વાર્તા આધારિત દૃષ્ટિકોણ વગેરેને ક્રમબદ્ધ સામેલ કરવામાં આવશે.

5.16 શાળાના આચાર્યો અને શાળા સંકુલ પ્રમુખો માટે તેઓના નેતૃત્વ અને સંચાલન કૌશલ્યોને સતત વિકસાવવા માટે સમાન મોડ્યુલર લીડરશીપ મેનેજમેન્ટ વર્કશોપ અને ઓનલાઇન વિકાસની તકો અને પ્લેટફોર્મ હશે.

- આવા પ્રમુખો પાસે એ પણ અપેક્ષિત છે કે તેઓ પ્રતિવર્ષ 40 કલાક કે તેથી વધુ CPD કાર્યક્રમમાં ભાગ લેશે.

## *કારકિર્દી વ્યવસ્થાપન અને પ્રગતિ* (CMP)

5.17 ઉત્કૃષ્ટ કાર્ય કરતા શિક્ષકોની ઓળખ કરી તેઓને માન્યતા, બઢતી અને પગાર વધારો આપવો જોઈએ. જેથી તમામ શિક્ષકોને તેમનું શ્રેષ્ઠ કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય.

- કાર્યકાળ, પ્રમોશન અને પગાર માળખાનું મજબૂત ગુણવત્તા આધારિત માળખું વિકસાવવામાં આવશે. જેમાં દરેક શિક્ષક તબક્કામાં બહુવિધ સ્તરો હશે. જે ઉત્કૃષ્ટ શિક્ષકોને પ્રોત્સાહન અને માન્યતા આપશે.

5.18 કારકિર્દી વૃદ્ધિ (કાર્યકાળ, બઢતી, પગારવધારો વગેરેની દૃષ્ટિએ) એક જ શાળાના તબક્કામાં એટલે કે મૂળભૂત પ્રારંભિક, ઉચ્ચ પ્રાથમિક કે માધ્યમિક) ની અંદર શિક્ષકોને ઉપલબ્ધ થશે.

- શરત એ છે કે શિક્ષક પાસે આ પ્રકારના પગલાં લેવાની ઈચ્છા અને લાયકાત હોય.
- શાળા શિક્ષણના તમામ તબક્કાઓમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષકોની જરૂર પડશે અને અન્ય કોઈપણ તબક્કાને બીજાથી વધુ મહત્વપૂર્ણ ગણવામાં આવશે નહિ.

5.19 સેવાની ગુણવત્તાને લઈને શિક્ષકોને શિક્ષણ પ્રણાલીમાં બઢતી આપી શૈક્ષણિક નેતૃત્વ આપવામાં આવશે.

- વ્યવસ્થાપન કૌશલ્ય ધરાવતા ઉત્કૃષ્ટ શિક્ષકોને શાળાઓ, શાળા સંકુલો, BRC, CRC, DIET તેમજ સંબંધિત સરકારી વિભાગોમાં શૈક્ષણિક નેતૃત્વના હોદ્દાઓ સંભાળવા માટે સમય જતાં તાલીમ આપવામાં આવશે.

## શિક્ષકો માટે વ્યાવસાયિક ધોરણો

5.20 NCERT દ્વારા GCERT બધા સ્તર અને ક્ષેત્રોના શિક્ષકો, શિક્ષકોની તૈયારી અને વિકાસ હેતુ સંસ્થાનો અને ઉચ્ચતર શિક્ષણ સંસ્થાનો સાથે વાતચીતથી સામાન્ય ધોરણ પરિષદ (GEC) હેઠળ નવા સ્વરૂપમાં નેશનલ પ્રોફેશનલ સ્ટાર્ન્ડર્સ ફોર ટીચર્સ (NPST) નો એક સામાન્ય માર્ગદર્શન સમૂહ વર્ષ 2022 સુધીમાં વિકસાવવામાં આવશે.

- બઢતી અને પગાર વધારો કાર્યકાળ કે વરિષ્ઠતાના આધારે નહીં થાય, પરંતુ આવા મૂલ્યાંકનના આધારે જ થશે.
- વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા કરવામાં આવશે અને વર્ષ 2030 માં રાષ્ટ્રીય સ્તરે વ્યાવસાયિક ધોરણોની સમીક્ષા અને સંશોધન કરવામાં આવશે.

## વિશેષ જરૂરિયાતવાળા બાળકો માટેના શિક્ષકો

5.21 શાળા શિક્ષણના કેટલાક ક્ષેત્રો માટે વધારાના વિશેષ શિક્ષકોની તાત્કાલિક જરૂર છે.

- શાળા સ્તરે વિકલાંગ / દિવ્યાંગ બાળકો જેઓને શીખવામાં મુશ્કેલી હોય છે તેઓ માટે વિષય શિક્ષણનો સમાવેશ થાય છે. બાળકોની વિશેષ જરૂરિયાતોને સમજવા માટે તેને સંબંધિત કૌશલ્યોની પણ જરૂર પડશે.
- પર્યાપ્ત ઉપલબ્ધના NCTE અને RCI પાઠ્યક્રમ વચ્ચે વધુમાં વધુ તાલમેલ લાવશે.

## શિક્ષક પ્રશિક્ષણનો અભિગમ

5.22 શિક્ષકોને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સામગ્રી તેમજ શિક્ષણશાસ્ત્રમાં તાલીમની જરૂર પડશે તે સ્વીકારીને વર્ષ 2030 સુધીમાં શિક્ષકોનું શિક્ષણ ધીમે ધીમે આંતરવિદ્યાશાખાકીય કૉલેજો અને વિશ્વ વિદ્યાલયોમાં તબદીલ કરવામાં આવશે.

5.23 વર્ષ 2030 સુધીમાં શિક્ષણ માટે લઘુત્તમ પદવી લાયકાત 4 વર્ષની સંકલિત બી.એડ્. પદવી હશે.

- બી.એડ્.ની ડિગ્રીઓ માન્યતા પ્રાપ્ત વધુ શાખાકીય ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા જ આપવામાં આવશે.

5.24 બી.એડ્. ના તમામ કાર્યક્રમોમાં શિક્ષણશાસ્ત્રની સમય અને તકનીકીની સાથો સાથ તાજેતરની પધ્ધતિઓનો કસોટી કરીને સમાવેશ થશે. જેમાં પાયાની સાક્ષરતા અને અંકશાસ્ત્ર, બહુ સ્તરીય શિક્ષણ અને મૂલ્યાંકન વિકલાંગતા ધરાવતા બાળકોને શિક્ષણ, વિશેષ રસ અને ક્ષમતા ધરાવતા બાળકોને શિક્ષણ, શૈક્ષણિક તકનીકનો ઉપયોગ અને વિદ્યાર્થી કેન્દ્રિત અને સહયોગાત્મક શિક્ષણનો સમાવેશ થાય છે.

- બી.એડ. ના તમામ કાર્યક્રમો વિષયને ભણાવવાની કોઈપણ પ્રક્રિયા દરમ્યાન ભારતીય બંધારણમાં દર્શાવેલ મૂળભૂત ફરજો (અનુચ્છેદ 41-A) અને અન્ય બંધારણીય જોગવાઈઓના પાલન પર ભાર આપવામં આવશે.

- પર્યાવરણનું શિક્ષણ શાળાના અભ્યાસક્રમનું અભિન્ન અંગ બનશે.

5.25 ટૂંકાગાળાના સ્થાનિક શિક્ષક-પ્રશિક્ષણ કાર્યક્રમો DIET અથવા શાળા સંકુલમાં પણ ઉપલબ્ધ થશે જેનાથી સ્થાનિક વ્યવસાયો, જ્ઞાન અને કૌશલ્યો જેવા કે કલા, સંગીત, કૃષિ, વ્યવસાય, રમત, સુથારીકામ અને અન્ય વ્યાવસાયકિ કલાઓને શાળાઓ અથવા શાળા સંકુલોમાં 'મુખ્ય શિક્ષક' સ્વરૂપે ભણાવવા માટે નિયુક્ત કરવામાં આવશે.

5.26 બી.એડ્. પછીના ટૂંકાગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ વ્યાપકપણે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

5.27 વિષય શિક્ષણ માટે આંતરરાષ્ટ્રીય સ્તર અનેક અધ્યાપનશાસ્ત્ર અભિગમો હોઈ શકે છે. NCERT વિભિન્ન વિષયોની શિક્ષણ વિધિઓનું અધ્યયન, સંશોધન લેખન અને એકીકરણ કરશે. તેમજ ભલામણો કરશે કે આ પૈકી શું શીખીને તેને ભારતમાં વ્યવહારમાં ઉપયોગમાં લેવાતી વિધિઓમાં સામેલ કરી શકાય છે.

5.28 વર્ષ 2021 સુધીમાં NCTE દ્વારા NCERT સાથે પરામર્શ કરી નવી શિક્ષણ નીતિ 2020 ના સિદ્ધાંતોના આધાર પર એક નવી અને વિસ્તૃત શિક્ષક પ્રશિક્ષણના હેતુસર રાષ્ટ્રીય અભ્યાસક્રમ રૂપરેખા NCFTE-2021 માં તૈયાર કરવામાં આવશે.

5.29 શિક્ષક પ્રશિક્ષણ વ્યવસ્થાની પ્રમાણિકતાને સંપૂર્ણપણે જાળવી રાખવા દેશમાં ચલાવવામાં આવતા સબસ્ટાન્ડર્ડ સ્ટેન્ડ-અલોન ટીચર એજ્યુકેશન સંસ્થાઓ (TIE) સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં જરૂર પડયે તેમને બંધ કરવાનો પણ સમાવેશ થાય છે.

# પ્રકરણ-૬
## સમાન અને સર્વસમાવેશક
## શિક્ષક : સર્વોપલબ્ધ અધ્યયન

6.1 સામાજિક ન્યાય અને સમાનતા પ્રાપ્ત કરવા માટે શિક્ષણ એ સૌથી મોટું સાધન છે.

- સર્વસમાવેશક અને શિક્ષણની સમાન તકો ન્યાયી સમાજ પ્રાપ્ત કરવા માટે મહત્વપૂર્ણ છે.
- દરેક નાગરિકને પોતાના સ્વપ્નો સાકાર કરવાની વિકાસની અને રાષ્ટ્રના વિકાસમાં યોગદાન આપવાની તક મળે છે.

6.2 ભારતીય શિક્ષણ વ્યવસ્થા અને એક પછી સરકારી નીતિઓએ શાળા શિક્ષણના તમામ સ્તરોમાં જાતીયતા અને સામાજિક વર્ગના અંતરને દૂર કરવાની દિશામાં સતત પ્રગતિ કરે છે.

- નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ 2020 માં ગ્રામ્ય કે શહેર સામાજિક - આર્થિક રીતે વંચિત જૂથોના વિદ્યાર્થીઓને સમાનતાના ધોરણે આવરી લેવાયા છે.

6.2.1 U-DISE - 2016-17 ની અનુસાર પ્રાથમિક ધોરણના કુલ વિદ્યાર્થીઓમાં અનુસૂચિત જાતિના 19.6% વિદ્યાર્થી છે. પરંતુ આ દર ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ જોવા 17.3% મળે છે.

- આ શાળા છોડવાનો દર અનુસૂચિત જનજાતનિ વિદ્યાર્થી પ્રવેશ-નોંધણીના દર (10.6% થી 6.8%) છે અને દિવ્યાંગ વિદ્યાર્થીઓમાં આ દર (1.1 % થી 0.24%) છે. જે અતિગંભીર બાબત છે.
- આ દરેક કેટેગરીમાં પણ છોકરીઓનો શાળા છોડવાનો દર ખૂબ જ ઊંચો જોવા મળે છે. ખાસ કરીને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વધુ ગંભીર જોવા મળે છે.

6.2.2 અનુસૂચિત જાતિઓમાં નામાંકન અને તે નામાંકન જાળવી રાખવાની સ્થિતિમાં તમામ બાળકો સુધી પહોંચવું અને સાથોસાથ અન્ય પછાત વર્ગ (OBC) કે જેઓને પહેલેથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાના આદારે ઓળખવામાં આવે છે તેના પર પણ વિશેષ ધ્યાન આપવાની આવશ્યકતા છે.

6.2.3 આદિજાતિ સમુદાયોના બાળકોને પણ બહુવિધ સ્તરે ઘણા અવરોધો અને સમસ્યાઓનો સામનો કરે છે. તેમની શાળાનું શિક્ષણ સાંસ્કૃતિક અને શૈક્ષણિક બંને રીતે તેમના જીવન માટે અસંગત અને વિદેશી લાગે છે.

- આદિવાસી સમુદાયોના બાળકોના ઉત્થાન માટેના ઘણી સુયાયોજિત યોજનાઓ પર અમલ

હાલમાં ચાલુ છે અને તે ચાલુ રખાશે.

6.2.4 નવી શિક્ષણનીતિ તમામ લઘુમતી સમુદાયોના બાળકોના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટેના પ્રયાસોના મહત્વને સ્વીકારે છે અને ખાસ કરીને સમુદાયોને કે જેનું પ્રતિનિધિત્વ શિક્ષણ ક્ષેત્રમાં ઓછું છે.

6.2.5 બાળકોની વિશેષ જરૂરિયાતો (CWSN) અથવા દિવ્યાંગ, અન્ય બાળકોની જેમ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાની સમાન તકો પૂરી પાડવા માટે સક્ષમ પદ્ધતિ રચવાના મહત્વને પણ માન્ય રાખે છે.

6.3 પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE) મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન, શાળા પ્રવેશ નોંધણી અને હાજરીને લગતી ગંભીર સમસ્યાઓ અને ભલામણો પ્રકરણ-1 માં ચર્ચાઈ છે. અપ્રસ્તુત અને વંચિત જૂથો માટે ખાસ કરીને સંબંધિત અને મહત્વપૂર્ણ છે.

6.4 વિવિધ સફળ નીતિઓ અને યોજનાઓ જેવી કે લક્ષ્યાંકિત શિષ્યવૃત્તિ, માતાપિતાને તેમના બાળકોને શાળામાં મોકલવા માટે પ્રોત્સાહિત કરવા માટે શરતી રોકડ પરિવહન, પરિવહન માટે સાયકલો આપવી.

6.5 દરેક વિદ્યાર્થીને વ્યક્તિગત ધ્યાન આપવા માટે શિક્ષકો અને સહશિક્ષકો, પીઅર ટ્યુટોરીંગ, દૂરવર્તી શાળા, યોગ્ય માળખાકીય સુવિધાઓ, તકનીકોનો યોગ્ય ઉપયોગ, ખાસ કરીને દિવ્યાંગ બાળકોને માટે અસરકાર હોઈ શકે છે.

- ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE) પ્રદાન કરતી શાળા આર્થિક રીતે પછાત એવા પરિવારોમાંથી આવતા બાળકો માટે સૌથી વધુ લાભદાયક છે.
- ખાસ કરીને શહેરી ગરીબ વિસ્તારોમાં યોગ્ય સલાહકારો અને સારી રીતે પ્રશિક્ષિત સામાજિક કાર્યકર કે જે વિદ્યાર્થીઓ, માતાપિતા, શાળાઓ અને શિક્ષકો સાથે મળીને વિદ્યાર્થીઓની શાળામાં હાજરી અને અધ્યયન નીપજોને સુધારવા માટે કાર્ય કરે છે અને તેમની સાથે જોડાતા હોય છે જે વિદ્યાર્થીઓ માટે અસરકારક બને છે.

6.6 શૈક્ષણિક રીતે વંચિત SEDGs ની મોટી વસ્તી ધરાવતા દેશના પ્રદેશોને વિશેષ શિક્ષણ ઝોન (SEZ) જાહેર કરવા જોઈએ. જ્યાં બધી યોજના અને નીતિઓને મહત્તમ રીતે અમલમાં મૂકવામાં આવે છે અને સાચા અર્થમાં તેમની શૈક્ષણિક પરિસ્થિતિને હકારાત્મક દિશામાં પરિવર્તિત થાય.

6.7 અલ્પ-પ્રતિનિધિત્વ ધરાવતા બધાં સમૂહોમાં અડધી સંખ્યા મહિલાઓની છે. રાષ્ટ્રીય

શિક્ષણ નીતિમાં સમાજમાં અને સામાજિક ઘડતરમાં મહિલાઓની વિશેષ અને નિર્ણાયક ભૂમિકાને જાણે છે. તેથી યુવતીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડ્યું એ માત્ર વર્તમાન સમયમાં જ નહીં પણ ભવિષ્યમાં પણ એટલું જ અગત્યનું બની રહેશે.

6.8 તમામ છોકરીઓ તેમજ ટ્રાંસ જેન્ડર વિદ્યાર્થીઓ માટે સમાન ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવા માટે રાષ્ટ્રની ક્ષમતા વિકસાવવા ભારત સરકાર એક 'જાતિયતા - સમાવેશન ભંડોળ' ની રચના કરશે. મહિલામાં ટ્રાંસ જેન્ડર બાળકોની શાળા પ્રવેશ અને અધ્યયનમાં ભાગીદારી માટેના સ્થાનિક સંદર્ભ-વિશિષ્ટ અવરોધોને દૂર કરે તેવા અસરકાર સમુદાય આધારિત હસ્તક્ષેપોને સમર્થન આપવા અને પ્રમાણિત કરવામાં રાજ્યોને સક્ષમ કરશે. પ્રવેશની અસમાનતાને દૂર કરવાનો પ્લાન મૂકેલ છે.

6.9 જવાહર નવોદય વિદ્યાલય જેવા નિઃશુલ્ક છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવશે.

- જે વિદ્યાર્થી માટે સામાજિક અને આર્થિક રીતે વંચિત, તે તમામ બાળકો, ખાસ કરીને છોકરીઓ માટે સુરક્ષા સહિતની તમામ સગવડો અને યોગ્ય વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવશે.
- કસ્તૂરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) ને સામાજિક અને આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિની ગુણવત્તાવાળી શાળા (ધો. 12 સુધી) ની ભાગીદારી વધારવા માટે મજબૂત અને વિસ્તૃત કરવામાં આવશે.
- વધારાના જવાહરલાલ નવોદય વિદ્યાલય અને કેન્દ્રીય વિદ્યાલય ઊભાં કરવામાં આવશે.

6.10 પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ (ECCE) અને શાળા પ્રણાલીમાં દિવ્યાંગ બાળકોના સમાવેશ અને સમાન ભાગીદારીને ઉચ્ચતમ અગ્રતા આપવામાં આવશે.

- દિવ્યાંગ બાળકોને સક્ષમ કરવામાં આવશે. મૂળભૂતથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધીની નિયમિત શાળા પ્રક્રિયામાં સંપૂર્ણ રીતે ભાગ લેવા.
- રાષ્ટ્રીય અભ્યાસક્રમનું માળખું તૈયાર કરતી વખતે NCERT દિવ્યાંગજન વિભાગના રાષ્ટ્રીય સંસ્થાઓ જેવી વિશિષ્ટ સંસ્થાનો સાથે પરામર્શ કરાશે.

6.11 શાળા સંકુલને દિવ્યાંગ બાળકોના એકીકરણ ક્રોસ-ડિસેબિલિટી તાલીમવાળા વિશેષ શિક્ષકોની ભરતી અને જ્યાં જરૂરી હોય ત્યાં સંસાધન કેન્દ્રોની સ્થાપના, ખાસ કરીને ગંભીર અથવા બહુવિધ અપંગ બાળકો માટે સંસાધનો પૂરા પાડવામાં આવશે.

- દિવ્યાંગ બાળકોને અવરોધ મુક્ત પ્રવેશ RPWD એક્ટ મુજબ સક્ષમ કરવામાં આવશે.

- વિકલાંગોના બધા બાળકોને તેમની જરૂરિયાતને અનુરૂપ બનાવવા અને સહાયક કામગીરી પૂરી પાડવા અને વર્ગખંડમાં તેમની સંપૂર્ણ ભાગીદારી અને સમાવેશની ખાતરી કરવા માટે મદદ કરશે.
- સહાયક અધ્યયન સામગ્રી, જરૂરી ઉપકરણો તેમજ યોગ્ય તકનીકી સાધનોની સાથે પૂરતા પ્રમાણમાં ભાષાકીય જ્ઞાન પ્રાપ્ત કરવાની સામગ્રી (જેમ કે સુલભ બને તેવા મોટી મુદ્રિતવાળા તથા બ્રેઈલમાં ઉપલબ્ધ પાઠયપુસ્તકો) દિવ્યાંગ બાળકોને સરળતાથી ઉપલબધ્ધ કરાવવામાં આવશે.
- બાળકોને ભારતીય સાંકેતિક ભાષા શીખવાડીને અને અન્ય મૂળભૂત વિષયો તે ભારતીય સાંકેતિક ભાષાના માધ્યમથી ભણાવી શકાય.

6.12 RPWD એક્ટ 2016 ના અંતર્ગત જે બાળકોનો સમાવેશ બેન્ચમાર્ક દિવ્યાંગતામાં થાય છે. તેઓને નિયમિત અથવા વિશેષ શાળાની પસંદગી કરવાની છૂટ અપાશે.

- તેમના માતા-પિતા અથવા વાલીઓને પણ ઉચ્ચગુણવત્તાયુક્ત ગૃહશિક્ષણ આપવા માટેની મદદ અને સહયોગ અપાશે.
- જે વિદ્યાર્થીઓ ખૂબ જ ગંભીર દિવ્યાંગતાને લીધે શાળાએ જવામાં સમર્થ નથી તેઓને માટે ઘરે જ શિક્ષણ પ્રાપ્ત કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.
- તેઓને શિક્ષણ આપવાની બધી જ જવાબદારી રાજ્ય સરકારની છે અને તેના યોગ્ય અમલીકરણ માટે તકનીકોનો આધાર લેવામાં આવશે.

6.13 મોટાભાગના વર્ગખંડોમાં દિવ્યાંગ બાળકો હોય છે જેઓને સતત ટેકાની જરૂર પડે છે.

- આ પ્રકારના બાળકોને જેટલી મદદ પહોંચાડવામાં આવે તેટલી તેઓની પ્રગતિની શક્યતાઓમાં વધારો થાય છે.
- New National Assessment Centre, PARAKH દ્વારા માર્ગદર્શિકા ઘડવામાં આવશે.

6.14 શિક્ષકોને વિશિષ્ટ બાળકોને ભણાવવા અંગે જાગૃતિ અને સમજ પૂરી પાડવામાં આવશે. જેમાં જાતીય સમાનતા અને સંવેદનશીલતા અને જેઓને સામાજિક રીતે સ્વીકારવામાં આવેલ નથી તે બધા જ જૂથ પ્રત્યે સંવેદનશીલતા રાખવાનું જ્ઞાન આપવામાં આવશે. જેથી તેઓ પણ સમાજમાં સ્વમાનભેર આગળ આવી શકે.

6.15 વૈકલ્પિક શાળાઓને પ્રોત્સાહિત કરીને તેઓની વિવિધ પરંપરાઓ તેમજ વૈકલ્પિક શિક્ષણ પદ્ધતિને આગળ લાવવા માટે ઝુંબેશ કરાશે.

- ખાસ કરીને વિજ્ઞાન, ગણિત, સામાજિક વિજ્ઞાન, હિન્દી, અંગ્રેજી, અન્ય રાજકીય ભાષાઓ તથા વિષયો ભણાવવા માટે નાણાંકીય સહાય અપાશે.
- ધોરણ - 1 થી 12 સુધી નિર્ધારિત શિક્ષણના ધાર્યા પરિણામો પ્રાપ્ત કરવા સક્ષમ બનાવાશે.
- શિક્ષકોને નવી શિક્ષણ પ્રણાલીને યોગ્ય રીતે સમજી શકે તે માટે તાલીમ આપવામાં આવશે.
- પુસ્તકાલય અને પ્રયોગશાળાઓના વિકાસ તરફ ધ્યાન આપવામાં આવશે.

6.16 SEDGs અને અન્ય સંબંધિત મુદ્દાઓ ધ્યાનમાં રાખીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિમાં આવનારા વિદ્યાર્થીઓને સમાન અધિકારો આપવા તરફ વિશેષ ધ્યાન અપાશે.

- છાત્રાલય, જોડાણ સ્થાપિત કરતા અભ્યાસક્રમો પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણના તબક્કે નાણાંકીય સહાય, શિષ્યવૃતિ, ફી માફી વગેરે પણ અપાશે. જેથી તેઓ ઉચ્ચ શિક્ષણમાં સરળતાથી પ્રવેશ મેળવી શકે.

6.17 માધ્યમિક તથા ઉચ્ચમાધ્યમિક શાળાઓમાં જે ખાસ કરીને આદિવાસી પ્રભુત્વ ધરાવતા વિસ્તારોમાં આવેલ છે. તેમાં NCC ના કેન્દ્રો ખોલવા માટે પ્રોત્સાહન પૂરું પાડે છે. આ સાથે જ વિદ્યાર્થીઓમાં રહેલ પ્રતિભા અને અનોખી કાર્યક્ષમતાને ઓળખી આગળ ભવિષ્યમાં સંરક્ષણ દળો સાથે તેઓની યોગ્ય કારકિર્દી સ્થાપવા માટે પ્રોત્સાહન અપાશે.

6.18 SEDGs દ્વારા ઉપલબ્ધ કરાયેલ બધી જ તકો અને શિષ્યવૃત્તિઓ માત્ર એક જ સંસ્થા તથા વેબસાઈટ દ્વારા ઘોષિત કરવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ સમયસર જાગૃત રહીને પોતાની યોગ્યતા પ્રમાણે આ પ્રકારની 'સિંગલ વિન્ડો સિસ્ટમ' પણ સરળતાથી અરજી કરી શકે.

6.19 શાળાની મૂળભૂત પરંપરાઓમાં પરિવર્તન લાવવું ખૂબ જરૂરી છે. શિક્ષણ પ્રણાલીમાં ભાગ લેનાર દરેક વ્યક્તિ, શિક્ષક, આચાર્ય, વહીવટી અધિકારી સલાહકાર, વિદ્યાર્થીઓ બધા જ અન્ય વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રત્યે સંવેદનશીલ બને તો સાથે જ સમાનતા, સન્માન, ગોપનીયતા બધી જ બાબતોને આવકારે તો જ આગળ જતાં સમાવેશ, સમાનતા તથા સન્માન અને ગોપનીયતા જેવી બધી જ જરૂરિયાતો પૂરી કરી શકાય. આ રીતે ઘડાયેલા નાગરિકો સમાજને માટે જવાબદાર સાબિત થઈને જે કમજોર છે તેને મદદરૂપ બની શકે.

સમાવિષ્ટતા તેમજ સમાનતા એ શૈક્ષણિક જ્ઞાનને લગતી સૌથી મહત્વની બાબત છે.

6.20 શાળાકીય સંસ્કૃતિ, શિક્ષકો અને તાલીમ પામેલ સામાજિક કાર્યકરો, તેમજ સલાહકારોની મદદથી તેમજ અભ્યાસક્રમોમાં પહેલેથી જ માનવીય મૂલ્યો જેવા કે બધા લોકો માટે આદર, સાહનુભૂતિ, સહિષ્ણુતા માનવાધિકાર, જાતિગત સમાનતા, વૈશ્વિક નાગરિકતા

સમાવિષ્ટતા અને સમાનતા મુખ્ય છે.

- લોકો વિવિધતાને અપનાવે, રૂઢિગત વિચારસરણીથી દૂર રહીને અભ્યાસક્રમ અને સામગ્રી પૂરી પાડે જેથી બધા જ સમુદાયો એક વિશાળ સમાજમાં સત્રરૂપ બની શકે તે માટેના પ્રયત્નો હાથ ધરાશે.

હું તો શિક્ષણની વાત કરું ત્યારે આચાર્ય માટે મારે કહેવું હોય ત્યારે આટલું જ કહું કે આ પાંચ વસ્તુ જે આપે તે આચાર્ય.

૧. સમાજને પ્રામાણિકતા આપે.
૨. પોતાની વ્યક્તિગત પવિત્રતા દ્વારા પ્રકાશ ફેલાવે.
૩. પોતાની સામે રહેલા સમાજને પ્રગતિની પ્રેરણા આપી પ્રગતિ-પ્રમાણ ઊભાં કરી શકે એ આચાર્ય.
૪. બીજાને પ્રેરણા આપી શકે.
૫. જે પરિણામ આપી શકે .

- *'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર*

**શિક્ષક યશોદા જેવો બને અને દરેક વિદ્યાર્થીનિ મોઢું ખોલાવે તો એનામાં સૂક્ષ્મરૂપે જે વિરાટ પડ્યું છે તેના દર્શન થઇ શકે.**

- *'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર*

# પ્રકરણ-૭

## શાળા સંકુલ / જૂથ (cluster) ની સહાયથી કાર્યક્ષેત્ર પ્રશાસન અને અસરકારક રીતે સંસાધનો પૂરા પાડવાની પ્રક્રિયા

7.1 યુ-ડાયસ 2016 ના આંકડાને આધારે ભારતની 28% સરકારી શાળા અને 14.8% ઉચ્ચતર પ્રા. શાળાઓમાં 30 કરતાં પણ ઓછા વિદ્યાર્થીઓ પણ ભણે છે.

- 1 થી 8 ધોરણવાળી શાળાઓમાં સરેરાશ 14 વિદ્યાર્થીઓ છે. જ્યારે ઘણી બધી શાળાઓની સરેરાશ 6 થી ઓછી છે.

- 2016-17 માં 1,08,017 શાળામાં એકલ શિક્ષક શાળા હતી જેમાં ધો. 1 થી 5 ધરાવતી 85743 શાળાઓ સવિશેષ છે.

7.2 ઓછી સંખ્યાવાળી શાળાઓને કારણે શિક્ષકોના નિયંત્રણની સાથે સાથ ભૌતિક સંસાધનોની ઉપલબ્ધતાની દૃષ્ટિએ સારી શાળાઓનું સંચાલન જટિલ છે તેની સાથો સાથ વ્યવહારૂ નથી.

- શિક્ષકેએ ઘણી વખત એક સાથે એક કરતાં વધારે ધોરણોમાં અધ્યાપન કરાવવું પડે છે અને કેટલાક વિષયો પૈકી એવા વિષયો પણ સામેલ કરી શકાય કે જેની પૃષ્ઠભૂમિ નથી જેવા કે સંગીત, કલા, રમત જેવી મહત્વની બાબતો શીખવવામાં આવતી નથી તેમજ પ્રયોગશાળા, રમતના સાધનો અને પુસ્તકાલયોમાં પુસ્તકો ઓછાં ઉપલબ્ધ હોય છે.

7.3 આ નાની શાળાઓને એકલી પાડી દેવાથી શિક્ષણ સંબંધિત પ્રક્રિયા પર નકારાત્મક અસર થાય છે.

- નાની શાળાઓમાં પણ પ્રશાસન અને સંચાલનને લગતા ઘણા પ્રશ્નો ઉભા થાય છે.

- ખૂબ મોટી સંખ્યામાં આ પ્રકારની શાળાઓ હોવાથી બધી જ શાળાઓમાં સમાનપણે ધ્યાન આપી શકાતું નથી.

7.4 શાળાઓનું એકત્રીકરણ એ પણ એક વિકલ્પ છે. જેથી ઘણીવાર ચર્ચા કરવામાં આવે છે. જેને ખૂબ જ ન્યાયપૂર્વક વિચારીને અમલમાં મૂકવું આવશ્યક છે અને એ પણ ત્યારે જ ખાતરી થાય કે તેનાથી એના અમલ માટે કોઈ પ્રભાવ નહીં પડે.

- આ પ્રકારના ઉપાયોના પરિણામ સ્વરૂપે માત્ર નાના પાયા પર એકત્રીકરણની સંભાવના જોવા મળે છે.

7.5 આ પડકારોનું સમાધાન રાજ્ય સરકારો દ્વારા 2024 સુધીમાં શાળાઓનો સમૂહ બનાવીને નવીન પદ્ધતિઓ અપનાવીને કરવામાં આવશે.

દરેક શાળાઓ -

(ક) કલા, સંગીત, વિજ્ઞાન, રમત, ભાષા, વ્યાવસાયિક વિષય વગેરે સાથે બધા વિષયો શીખવવા માટે પુરતી સંખ્યામાં શિક્ષક હોવા જોઈએ.

(ખ) પુસ્તકાલય, વિજ્ઞાન પ્રયોગશાળા, કમ્પ્યુટર લેબ, કૌશલ્ય પ્રયોગશાળા, રમતનાં મેદાન, રમતનાં સાધનો અને સુવિધાઓ વગેરે પ્રાપ્ત કરવા જોઈએ.

(ગ) શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શાળાઓની અલગતા દૂર કરવા સંયુક્ત વિકાસ કાર્યક્રમો કરવા. કલાઓ અને વિજ્ઞાનના પ્રદર્શનો યોજવા, રમતોનું આયોજન કરવું, ક્વિઝ અને ડીબેટ તથા મેળાઓ જેવી સંયુક્ત પ્રવૃત્તિઓ યોજવા માટે શાળા સમૂહો અને સમુદાયોને પ્રોત્સાહિત કરવામાં આવે.

(ઘ) દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે શાળાઓના સહકાર અને સહાયતા ઉપલબ્ધ હોય.

(ચ) શાળાઓના દરેક જૂથમાં આચાર્યો, શિક્ષકો અને અન્ય લાભાર્થીઓ બધા નિર્ણયો લઈ શકે તેવો શાળા સંચાલન તંત્રમાં સુધારો કરવો.

7.6 એક સંભવિત તંત્ર શાળા પરિસર નામની એક સામૂહિક સંરચનાની સ્થાપના થશે. જેમાં એક માધ્યમિક શાળા હશે.

- પાંચ થી દસ કિલોમીટરના વિસ્તારમાં આંગણવાડી કેન્દ્રો સહિત આજુબાજુની નીચલા ધોરણોવાળી બધી અન્ય શાળાઓ હશે.
- આ સલાહ 1964-66 શિક્ષા આયોગ દ્વારા આપવામાં આવેલ પરંતુ તેને લાગુ પાડવામાં આવેલ નહીં.
- રાષ્ટ્રીય શિક્ષણનીતિ : 2020 જ્યાં પણ સંભવ હોય ત્યાં આ વિચારને દૃઢતાપૂર્વક સમયમાં મૂકવા ઇચ્છે છે.

7.7 શાળા સંકુલ બનાવવાતી અને સંકુલમાં સંસાધનોની વહેંચણી અને સમૂહ ઉપયોગથી ઘણા લાભ થશે. જેમ કે દિવ્યાંગ બાળકો માટે સારો સહયોગ, વિવિધ વિષયો આધારિત વિદ્યાર્થી કલબ અને સ્કૂલ પરિસરમાં શૈક્ષણિક / રમત / કલા / શિલ્પ આધારિત કાર્યક્રમનું આયોજન, કલા, સંગીત, ભાષા વ્યાવસાયિક વિષયો અને શારીરિક શિક્ષણના નિષ્ણાત

શિક્ષકોના સહકારથી શાળા પ્રવૃત્તિઓ, ઓનલાઇન વર્ગો આયાજિત કરવા માટે ICT ટુલ્સના ઉપયોગ સહિતની ગતિવિધિઓનો વધારે સમાવેશ થશે.

- શાળા, શાળા મુખ્યશિક્ષક, શિક્ષક, વિદ્યાર્થીઓ, સહયોગી સ્ટાફ, માતા-પિતા અને સ્થાનિક નાગરિકોના મોટા અને જીવંત સમૂહોના આધારે સંસાધનોના કુશળ ઉપયોગ દ્વારા આખી શિક્ષણ વ્યવસ્થા ઊર્જાવાન અને સમર્થ બનશે.

7.8 શાળા સંકુલ (cluster) વ્યવસ્થાથી શાળા સંચાલન સુધરશે અને વધારે કુશળ બનશે.

DSE દ્વારા શાળા સંકુલ (cluster) ને ઘણી સ્વતંત્રતા પ્રદાન કરવામાં આવશે.

- શાળા મજબૂત બનશે. વધારે સ્વતંત્રાથી કાર્ય કરી શકશે અને આનાથી શાળા સંકુલ વધારે નવીન અને જવાબદારી મુક્ત બનશે.
- આ દરમિયાન DSE મોટા લક્ષ્યો પર ધ્યાન આપી શકશે જેનાથી સમગ્ર શિક્ષણ વ્યવસ્થામાં પ્રભાવશાળી સુધારો થશે.

7.9 Cluster દ્વારા બંને પ્રકારની દીર્ઘકાલીન અને અલ્પકાલીન યોજનાબદ્ધ રીતથી કામ કરવાની સંસ્કૃતિનો વિકાસ થશે.

- શાળા SMC ની મદદથી પોતાની શાળા વિકાસ આયોજન (SDPs) બનાવશે.
- વ્યાવસાયિક શિક્ષણ સંસ્થાનો આયોજન સામેલ હશે. તેને સંકુલના મુખ્ય શિક્ષક તેમજ શિક્ષકો SMC ની મદદથી તૈયાર કરશે. આયોજનાને સાર્વજનિક રૂપમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
  - માનવ સંસાધન
  - અધ્યયન ઉપયોગી સંસાધનો
  - ભૌતિક સંસાધન
  - માળખાગત સુધારા માટે કરવાની પહેલ
  - શિક્ષક ક્ષમતા સંવર્ધન યોજના
  - શૈક્ષણિક નીપજો આ યોજનામાં સામેલ કરવામાં આવશે
- SMC અને SCMC, SDP અને SCDP નો ઉપયોગ શાળાઓની કાર્યપ્રણાલી અને દિશા પર નજર રાખવા માટે કરાશે તથા યોજનાઓને કાર્યાન્વિત કરવામાં મદદ કરશે.

- DSE અને SCERT બધી શાળાઓ સાથે SDPઅને SCDP ના વિકાસ માટે ધારાધોરણો અને માળખું તૈયાર કરીને જણાવશે અને સમય સમય પર તેમાં સુધારા-વધારા પણ કરવામાં આવશે.

7.10 ખાનગી અને સાર્વજનિક શાળાઓ સહિત તમામ શાળાઓ વચ્ચે સહયોગ અને સાકારાત્મક તાલમેલ વધારવા માટે દેશભરમાં એક ખાનગી અને એક સાર્વજનિક શાળાને પરસ્પર જોડવામાં આવશે.

- જ્યાં સંભવ હશે ત્યાં આ બંને પ્રકારની શાળાઓની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે. વિતરણ કરવામાં આવશે અને એમને જાહેર શાળાઓની સ્થાપિત પ્રક્રિયાઓમાં સામેલ કરવામાં આવશે.

7.11 દરેક રાજ્યને પ્રોત્સાહિત કરવામાં આવશે કે તે બાળભવન સ્થાપિત કરે અથવા જો સ્થાપિત કર્યું હોય તો એને વધુ સારું અને અસરકારક તેમજ પ્રવૃત્તિશીલ બનાવે જ્યાં દરેક વયના બાળકો એક કે વધુ વખત જઈ શકે અને કલા, રમત અને કારકિર્દી સંબંધી અનેકવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકે.

7.12 શાળા આખા સમુદાય માટે સન્માન અને ઉત્સવનું સ્થાન હોવું જોઈએ. એક સંસ્થાનના રૂપમાં શાળાની પ્રતિષ્ઠાની પુનઃસ્થાપના કરવી જોઈએ.

- શાળા સ્થાપના દિવસ જેવા મહત્વપૂર્ણ દિવસ સમુદાય સાથે મળીને ઉજવવા જોઈએ.
- આ દિવસે શાળાના વિશિષ્ટ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની યાદી પ્રદર્શિત કરી તેમનું સન્માન કરવું જોઈએ.
- સામાજિક મેળાવડા માટે શાળાનો ઉપયોગ કરવો જોઈએ, જેથી શાળા એક સામાજિક ચેતના કેન્દ્રના રૂપમાં પણ ભૂમિકા ભજવી શકે.

**આચાર, વિચાર અને ઉચ્ચાર**
**આ ત્રણેયનો ત્રિવેણી સંગમ એટલે....**
**માતૃભાષાનું શિક્ષણ**

*- 'મોરારિબાપુની શિક્ષણસંહિતા' માંથી સાભાર*

# પ્રકરણ-૮

## શાળાશિક્ષણ માટે ધારાધોરણો અને પ્રમાણીકરણ

8.1 શાળાશિક્ષણ નિયામક પ્રણાલીનું લક્ષ્ય શૈક્ષણિક પરિણામોમાં સાતત્યપૂર્ણ સુધારો કરવાનું હશે.

- આ શાળાઓ નવીનીકરણને સીમીત નહીં રાખે તથા શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને વિદ્યાર્થીના ઉત્સાહ અને હિંમતમાં બાધારૂપ નહીં બને.

- બધું મળીને નિયમન દ્વારા શાળા તથા શિક્ષકોને વિશ્વાસની સાથે સશક્ત બનવાનું લક્ષ્ય રાખવું પડશે. જેનાથી તે ઉત્કૃષ્ટતા માટે પ્રયાસ કરી શકે અને પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે.

8.2 વર્તમાન શાળાશિક્ષણ પ્રણાલીમાં સાર્વજનિક શિક્ષણનાં ધારાધોરણો, સમસ્ત શૈક્ષણિક સંસ્થાઓની નિયમનની નીતિઓના નિર્માણ સંબંધિત કાર્યો એક જ એકમ અર્થાત શાળા શિક્ષણ વિભાગ કે એના અંગે દ્વારા સંપન્ન કરવામાં આવે છે. જેને પરિણામે શક્તિના સશક્ત કેન્દ્રીકરણ અને હિતો વચ્ચે ટકરાવ જોવા મળે છે. એનું એક બીજું પરિણામ શાળા પ્રણાલીના બિનઅસરકારક અને ખામીયુક્ત વ્યવસ્થાપનના રૂપે પણ સામે આવે છે.

8.3 વર્તમાન નિયામક વ્યવસ્થા જ્યાં એક બાજુ ફાયદા માટે ખોલવામાં આવેલા વધારે 'ફોર-પ્રોફિટ' ખાનગી શાળાઓ દ્વારા મોટા પાયે થઇ રહેલ શિક્ષણનું વ્યાપારીકરણ અને વાલીઓના આર્થિક શોષણ પર નિયંત્રણ મેળવી શકી નથી. વળી બીજી બાજુએ હંમેશા મેળવી શકી નથી. વળી બીજી બાજુએ હંમેશા અજાણતા સાર્વજનિક હિતો માટે સમર્પિત ખાનગી / લોકકલ્યાણકારી શાળાઓને હતોત્સાહિત કરે છે.

- ખાનગી અને સાર્વજનિક શાળાઓ માટેના નિયમન અભિગમો વચ્ચે વધુ વિષમતા રહેલી છે.

- બંને પ્રકારની શાળાઓનું લક્ષ્ય એક જ હોવું જોઇએ. ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પ્રદાન કરવું.

8.4 સાર્વજનિક શિક્ષણ પ્રણાલી એ જીવંત લોકતાંત્રિક સમાજનો આધાર છે અને દેશ માટે ઉચ્ચતમ સ્તરના શૈક્ષણિક પરિણામોને મેળવવા માટે સંચાલનની રીતને પરિવર્તિત અને સુદૃઢ બનાવવી ખૂબ જરૂરી છે. એની સાથે ખાનગી શાળાઓને પણ મહત્વપૂર્ણ અને ફાયદાકારક ભૂમિકા ભજવવા માટે પ્રોત્સાહિત અને સક્ષમ કરવી જોઇએ.

8.5 શાળા શિક્ષણ સંબંધિત જવાબદારીઓ અને તેના વિનિયમન સંબંધિત અભિગમ વિશે આ નીતિના મુખ્ય સિદ્ધાંતો આ પ્રકારે છે.

(ક) શાળા શિક્ષણ વિભાગ જે શાળા શિક્ષણ માટે રાજ્ય સ્તર પર સર્વોચ્ચ એકમ છે. સાર્વજનિક શિક્ષણ પ્રણાલીના નિરંતર સુધારા માટે સમગ્ર ધ્યાન રાખવા અને નીતિઓના નિર્ધારણ માટે જવાબદાર રહેશે.

- શાળા સંચાલનમાં શાળાઓના નિયમનમાં સામેલ થશે નહીં.

(ખ) રાજ્યની તમામ શાળાકીય પ્રણાલીની સેવા અને શૈક્ષણિક સંચાલનની જવાબદારી શાળા શિક્ષણ નિર્દેશાલયની હશે. જેમાં (DEO, DPEO, AO) વગેરે સામેલ હશે.

- શૈક્ષણિક સંચાલન અને પ્રાવધાન સાથે સંબંધિત નીતિઓને લાગુ કરવાનું કામ સ્વતંત્રરૂપથી કરશે.

(ગ) ખાનગી અને સરકારી શાળાઓ માટે આવશ્યક ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે શિક્ષણના બધા જ પગથિયાઓ માટે એક પ્રભાવી ગુણવત્તા નિયમન કે માન્યતા પ્રણાલી સ્થાપિત કરવામાં આવશે.

- રાજ્ય શાળા માનાંક પ્રાધિકરણ (State School Standards Authority -SSSA) નામની એક સ્વતંત્ર રાજ્યવ્યાપી સંસ્થાની સ્થાપના કરશે.

- સાર્વજનિક દેખરેખ અને જવાબદારી માટે SSSA દ્વારા નિર્ધારિત બધા જ પાયાના ધારાધોરણોની માહિતી સાર્વજનિક રીતે સમય પર લોકો સમક્ષ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને આ કાર્ય કઈ રીતે કરવું તેનું પ્રારૂપ SSSA દ્વારા નક્કી થશે.

- SSSA દુનિયાભરમાં શાળા શિક્ષમમાં થઈ રહેલી શ્રેષ્ઠ બાબતોનો અભ્યાસ કરશે અને પોતાની સાર્વજનિક વેબસાઇટો પર એને સંચાલિત કરશે.

- નિયમિત સમયાંતરે પસંદગી પામેલા વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઇન રિવ્યુ લેવામાં આવશે.

- SSSA ના બધા જ કાર્યોમાં દક્ષતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે તકનિકોને યોગ્ય રૂપમાં ઉપયોગમાં લેવાશે.

(ઘ) રાજ્યમાં શૈક્ષણિક માનાંકો અને અભ્યાસક્રમ સહિતના શૈક્ષણિક પ્રશ્નો SCERT (જે NCERT સાથે સલાહ અને સહયોગ માટે નજીકથી જોડાયેલ છે) ના નેતૃત્વમાં કરશે.

- GCERT બધા જ હિતધારકો સાથે વ્યાપક ચર્ચાના માધ્યમથી એક School Quality Assessment and Accreditation Frame work (SQAAF) તૈયાર કરવો.
- CRC, BRC અને DIET જેવી સંસ્થાઓને પુનજીર્વિત કરવા માટે GCERT એક વ્યવસ્થાપન પરિવર્તન પ્રક્રિયાના ભાગરૂપે કામ કરશે. જે ત્રણ વર્ષની અંદર નિશ્ચિત રૂપથી એમની ક્ષમતાઓ અને કાર્યપ્રણાલીઓ બદલીને તેમની શ્રેષ્ઠ જીવંત સંસ્થાપનના રૂપમાં સ્થાપિત કરાશે.
- શાળા શિક્ષણ પૂર્ણ થાય તે સમયે વિદ્યાર્થીઓની ક્ષમતાઓનું પ્રમાણીકરણ અને પ્રમાણપત્ર આપવાની કામગીરી પ્રત્યેક રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા નિયંત્રિત કરવામાં આવશે.

8.6 શાળાઓ, સંસ્થાનો, શિક્ષકો, અધિકારીઓ સમુદાયો અને અન્ય હિતધારકોને સયુક્ત બનાવવા અને એમને સંસાધનોની પરિપૂર્ણ બનાવવાનું કામ કરવાવાળી સંસ્કૃતિ, સંરચનાઓ અને વ્યવસ્થાઓ આ બધાની જવાબદારીને પણ સુનિશ્ચિત કરવો.

- વ્યવસ્થાની પ્રત્યેક ભૂમિકાથી શું અપેક્ષાઓ છે એ સ્પષ્ટ રૂપથી વ્યક્ત કરવામાં આવશે અને આ અપેક્ષાઓથી હિતકારકોના કામનું મૂલ્યાંકન ઊંડાણપૂર્વક થશે.
- જવાબદારી સુનિશ્ચિત કરવા માટે મૂલ્યાંકન પ્રણાલી પોતાને એક ઉદ્દેશ્ય પૂર્ણ અને વિકાસોન્મુખ પ્રક્રિયાના રૂપમાં વિકસિત કરશે.
- વિદ્યાર્થીની ક્ષમતાના સમગ્રલક્ષી મૂલ્યાંકન માટે વિવિધ પ્રકારના મૂલ્યાંકનો અને વિવિધ હિતધારકોના પ્રતિપોષણોનો મૂલ્યાંકન પ્રણાલીમાં સમાવેશ કરવામાં આવશે.
- વિદ્યાર્થીની ક્ષમતાને માત્ર પરીક્ષામાં મેળવેલ ગુણ સાથે જોડવામાં નહીં આવે.
- શિક્ષણ માટે વિશેષ કરીને શાળાના સ્તર પર જૂથ કાર્યની આવશ્યકતા હોય છે. બધા વ્યક્તિઓની પદોન્નતિ માન્યતા અને જવાબદારી આવા ક્ષમતાપ્રદર્શન મૂલ્યાંકન પર આધારિત હશે.
- વિકાસ, ક્ષમતા પ્રદર્શન અને જવાબદાર પ્રણાલી ઉચ્ચકક્ષાની એક સૂત્રતા સાથે અને વ્યવસ્થિત રીતે એમના નિયંત્રણમાં રહીને સમુચિત રૂપથી પોતાનું કામ કરતી રહે.

8.7 સાર્વજનિક અને ખાનગી શાળાઓનું મૂલ્યાંકન અને પ્રમાણીકરણ સમાન માપદંડ બેન્ચમાર્ક અને પ્રક્રિયાઓના આધાર પર કરવામાં આવશે.

- જે ઓનલાઇન અને ઓફલાઇન સાર્વજનિક માહિતી ઉપલબ્ધતા પારદર્શિતા પર ભાર આપે છે.
- આથી એ સુનિશ્ચિત કરી શકાય કે સાર્વજનિક હિતવાળી ખાનગી શાળાઓને પ્રોત્સાહિત કરી શકાય.
- ગુણવત્તાપૂર્ણ શિક્ષણ માટે ખાનગી અને લોકકલ્યાણકારી પ્રયાસોને પ્રોત્સાહિત કરવામાં આવશે. જેનાથી શિક્ષણ એ સાર્વાજનિક સેવા છે એ બધાને પ્રાપ્ત થાય અને માતા-પિતા અને સમુદાયોને ટયુશન ફી માં મનમાની વૃદ્ધિથી રક્ષિત કરવાના પ્રયાસો પણ થઈ શકે.
- શાળાની વેબસાઇટ અને SSSA વેબસાઇટ પર સાર્વજનિક અને ખાનગી બંને શાળાઓની સૂચનાઓને સાર્વજનિક કરવામાં આવશે.
- જેમાં વર્ગો, વિદ્યાર્થીઓ, શિક્ષકોની સંખ્યાની જાણકારી, શીખવવાના વિષયો, ફી, NAS અને SAS જેવા માનાંકિત મૂલ્યાંકન આધાર પર વિદ્યાર્થીઓના સમગ્ર પરિણામ સામેલ કરવામાં આવશે.
- બધી શૈક્ષણિક સંસ્થાઓને 'નોટ ફોર પ્રોફિટ' એકમના રૂપમાં આકલન (Audit) અને સમાન માહિતીના સાર્વત્રીકરણ માનાંકો અનુસાર માનવામાં આવશે અને જો કોઇ ફાજલ (Surplus) હશે તો તેનું શિક્ષણ ક્ષેત્રમાં પુર્નનિવેશ કરવામાં આવશે.

8.8 શાળા નિયમન, પ્રમાણન અને પ્રણાસન માટે નિશ્ચિત કરેલ માનાંક / નિયમન માળખું અને સુગમ પ્રણાલીની સમીક્ષા કરવામાં આવશે. જેથી પાછલા દશકમાં પ્રાપ્ત થયેલ અનુભવના આધાર પર સુધારા થઈ શકે.

- 3 વર્ષ વય થી લઈને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ એટલે વર્ગ-12 સુધી મફત અને ફરજિયાત શિક્ષણ મેળવે.
- શૈક્ષણિક પ્રેરણા અને બધા નાણાંકીય શૈક્ષણિક અને પરિચાલન બાબતોમાં પારદર્શી માહિતી ઉપલબ્ધતાને યોગ્ય મહત્વ આપવામાં આવશે અને શાળાઓના મૂલ્યાંકનમાં તેને યોગ્ય સ્વરૂપે સામેલ કરવામાં આવશે.
- આનાથી બધા જ વિદ્યાર્થીઓ માટે ન્યાયસંગત અને ગુણવત્તા પૂર્ણ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સુનિશ્ચિત કરવાના સતત વિકાસ લક્ષ્ય 4 (SDGs) ને પ્રાપ્ત કરવાની દિશામાં ભારતની પ્રગતિમાં સુધારો થશે.

8.9 જાહેર શાળા શિક્ષણ પ્રણાલીનો ઉદ્દેશ્ય ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો રહેશે. જેથી સમાજના બધા જ વર્ગોના માતા-પિતા પોતાના બાળકોને શિક્ષણ આપવા માટે તેને ઉત્તમ વિકલ્પ તરીકે પસંદ કરે.

8.10 વિદ્યાર્થીઓના અધ્યયન સ્તરોના એક નમૂના આધારિત નેશનલ એચિવમેન્ટ સર્વે (NAS) પ્રસ્તાવિત નવા રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર PARAKH દ્વારા અન્ય સરકારી સંસ્થાઓ જેવી કે NCERT ની સાથે યોગ્ય સહયોગથી અનેક કાર્યો જેમકે પ્રદત્ત (Data) વિશ્લેષણની સાથે મૂલ્યાંકન પ્રક્રિયાઓમાં પણ સહાયતા કરી શકશે.

- મૂલ્યાંકનમાં સરકારીની સાથે ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓને પણ સામેલ કરવામાં આવશે.

8.11 શાળામાં નોંધણી પામેલ બાળકો અને કિશોરો આ આખી પ્રક્રિયામાં ન ભૂલાવા જોઈએ કારણ કે અંતે તો શાળા પ્રણાલી તેમના માટે તૈયાર કરવામાં આવેલ છે.

- ખાસ કરીને કન્યા અને કિશોરો દ્વારા તેમનો સામનો કરવામાં આવી રહ્યો છે તેવા ગંભીર મુદ્દાઓ જેવાકે નશીલા દ્રવ્યોનું સેવન તથા વિવિધ પ્રકારના ભેદભાવ અને હિંસા તથા ઉત્પિડન માટે બાળકો કે કિશોરોના અધિકારો માટે ચોક્કસ ખાસ ધ્યાન રાખવું.

*આપણે પૂજ્યને તો ક્યારેક યાદ કરીએ છીએ પણ જે પ્રિય છે એ તો નિરંતર યાદ રહે છે. જે શિક્ષકને બાળક પર અખૂટ પ્રેમ હશે એ બાળકને એ શિક્ષક નિરંતર યાદ કરશે. અને આવા શિક્ષક અને વિદ્યાર્થી બહુ લાંબા ગાળે મળે ત્યારે બન્નેની આંખમાં આંસુ આવે ત્યારે સમજવાનું કે મારો વર્ગ એ જ સાચું સ્વર્ગ!*

## સંદર્ભ

(૧) ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન
(૨) લિબર્ટી - લેટેસ્ટ ફેક્ટ ઈન જનરલ નોલેજ
(૩) વર્ડ ઈન બોક્સ મેગેઝિન
(૪) સાધના સાપ્તાહિક
(૫) પુનરુત્થાન સંદેશ

# રાષ્ટ્રીય શિક્ષણનીતિ – ૨૦૨૦

## ટાસ્ક ફોર્સ સમિતિના નિર્ણયો

### તા. ૯-૨-૨૦૨૧

### સ્થળ : GCERT, ગાંધીનગર

(1) હાલના 10 + 2 ના શાળાકીય શિક્ષણના માળખામાં બદલાવ લાવીને નવીન 5+3+3+4 શૈક્ષણિક અને અભ્યાસક્રમ સંબંધિત માળખાંની ભલામણ કરેલ છે.

(2) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 માં સૂચવવામાં આવેલ શાળાકીય માળખું 5+3+3+4 રહેશે.

| | | |
|---|---|---|
| (A) 5 વર્ષમાં | પૂર્વપ્રાથમિકતાના<br>ધોરણ- 1<br>ધોરણ-2 | 5 વર્ષ<br>(પાયાનું શિક્ષણ) |
| (B) 3 વર્ષમાં | ધોરણ- 3<br>ધોરણ-4<br>ધોરણ-5 | (પાયાનું શિક્ષણ) |
| (C) 3 વર્ષમાં | ધોરણ- 6<br>ધોરણ-7<br>ધોરણ-8 | (ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ) |
| (D) 4 વર્ષમાં | ધોરણ- 9<br>ધોરણ-10<br>ધોરણ-11<br>ધોરણ-12 | (માધ્યમિક શિક્ષણ) |

**<u>વિશેષ સમજૂતી :</u>**

(a) પ્રથમ 5 વર્ષ એટલે કે બાળકની ઉંમર 3 વર્ષથી + ના પાયાના તબક્કામાં શરૂઆતનાં બે વર્ષ :

3 થી 4 વર્ષ

4 થી 5 વર્ષ  આંગણવાળી/પૂર્વપ્રાથમિક

(b) ત્યાર પછીનું એક વર્ષ (બાળકની ઉંમરના 5+ વર્ષથી) ધોરણ - 1 પહેલાંનું વર્ષ
5 થી 6 વર્ષ – (બાલવાટીકા)

(c) જ્યારે બાળકની ઉંમરના 6+ વર્ષથી ધોરણ-1 ની શરૂઆત કરવામાં આવશે.

(d) આ માળખાનો અમલ શૈક્ષણિક વર્ષ 2021-22 થી કરવાનો રહેશે.

(e) પૂર્વ પ્રાથમિક / આંગણવાડીમાં પ્રવેશ મેળવવા માટે 3 વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા બાળકોને પ્રવેશ આપવો.

(f) રાજ્યમાં આદીજાતિ વિસ્તારમાં આવેલ આશ્રમશાળાઓમાં પણ આંગણવાડીની વ્યવસ્થા ઊભી કરવામાં આવશે.

(3) બાલવાટિકાની રચના પ્રાથમિક શાળાના ભાગ તરીકે જે તે શાળા પરિસરમાં કરવી જોઇએ.

- બાલવાટિકાના બાળકોને ધોરણ-૧ અને ૨ ની જેમ પ્રજ્ઞા અભિગમ દ્વારા પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે.
- બાલવાટિકા માટે સ્ટાફની જરૂરિયાત અનુસાર ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ દ્વારા આઉટસોર્સીંગથી કોન્ટ્રાક્ટ બેઇઝડ ભરતી કરવામાં આવશે
- બાલવાટિકામાં નિમણૂક પામનાર શિક્ષકની ઓછામાં ઓછી PTC/D.EL.Ed. ની લાયકાત હોવી જોઇએ.

(અમલવારી – શિક્ષણ વિભાગ, મહિલા અને બાળવિકાસ વિભાગ, સમગ્ર શિક્ષા કચેરી)

(4) ધો. 9 થી 12 માટે ચાર વર્ષનું સળંગ એકમ રચાશે.

(5) NEP 2020 અનુસાર રાજ્યમાં સાર્વજનિક, ખાનગી અને અનુદાનિત સહિતની તમામ પૂર્વ પ્રાથમિકથી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં આવશ્યક વ્યવસાયિક અને ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે રાજ્ય દ્વારા State School Standards Authority (SSSA) જીસીઇઆરટીના સંકલનમાં રહી કાર્ય કરશે. જેનું અમલીકરણ શિક્ષણ વિભાગ કરાવશે.

(6) રાજ્યમાં પૂર્વ પ્રાથમિક સંસ્થાઓના નિયમન માટે State Pre-Primary Regulatory Body ની રચના કરવાની થાય છે, જે નિયામક આઇ.સી.ડી.એસ. સાથે સંકલનમાં રહી રાજ્યમાં આવેલ તમામ પ્રકારની પૂર્વ પ્રાથમિક સંસ્થાઓને માન્યતા આપવા માટે માનાંકો/ધારાધોરણો તૈયાર કરી અમલીકૃત કરે. જેની અમલવારી મહિલા અને

બાળવિકાસ - શિક્ષણ વિભાગ કરશે.

(7) રાજ્યમાં પૂર્વ પ્રાથમિક તેમજ આંગણવાડી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાલ અને શિક્ષણના શિક્ષકો તૈયાર કરવા માટે હાલના આંગણવાડી શિક્ષકોને પદ્ધતિસરની તાલીમ આપવામાં આવશે. આ અન્વયે સદર તાલીમો માટે NCERT દ્વારા તૈયાર કરવામાં આવેલ અભ્યાસક્રમને ધ્યાને લઈ નવો અભ્યાસક્રમને ધ્યાને લઈ નવો અભ્યાસક્રમ તૈયાર કરવા માટે મહિલા બાળવિકાસ વિભાગ અને ચિલ્ડ્રન યુનિવર્સિટીનો સહયોગ મેળવી આ અંગેની તાલીમ અને પ્રમાણપત્ર જી.સી.ઇ.આર.ટી. આપશે.

(8) NEP સંદર્ભે રાજ્યમાં ન્યાયિક રીતે શાળાનું એકત્રીકરણ કરવાનું થાય છે. નીચે જણાવેલ વિગતોને આધારે નિર્ણય કરવામાં આવશે.

(a) RTE એક્ટની જોગવાઈ મુજબ 60 કરતાં ઓછી સંખ્યા હોય અને 1 થી 5 ધોરણની શાળા હોય તેવી શાળાની 1 કિ.મી.ની ત્રિજ્યામાં વધુ સંખ્યાવાળી ધોરણ 1 થી 5 શાળા આવેલી હોય તેમાં તે શાળા મર્જ કરવી.

(b) ધો. 6 થી 8 ચાલતું હોય અને તેમાં 45 કરતાં ઓછી વિદ્યાર્થી સંખ્યા હોય તેવી શાળાની ૩-કિ.મી. ની ત્રિજ્યામાં ધો. 6 થી 8 ની વધુ સંખ્યાવાળી અન્ય શાલા આવેલી હોય તેમાં તે શાળા મર્જ કરવી.

(c) શાળા મર્જ કરતી વખતે 2 શાળાઓ વચ્ચે હાઈવે પસાર થતો હોય, નદી/નાળા કે વિદ્યાર્થી સરળતાથી મર્જ થયેલી શાળામાં જઈ શકે તેમ ન હોય, તેવી શાળાઓને મર્જ કરવામાંથી મુક્તિ આપવી.

(d) જે વિદ્યાર્થીઓને નજીકની પ્રાથમિક/માધ્યમિક શાળામાં જ્યા અનુક્રમે 1 કિ.મી. કે 3 કિ.મી. કરતાં વધારે અંતર કાપવાનું થાય તો તેઓને ટ્રાન્સ્પોર્ટેશનની સગવડ આપવામાં આવશે.

(e) NEP અનુસાર રાજ્યમાં હાલ જે રીતે કલસ્ટર રિસોર્સ સેન્ટર (CRC) ની રચના થયેલ છે તેને શાળા સંકુલ તરીકે માન્યતા આપશે. શાળા સંકુલના અધ્યક્ષ તરીકે સરકારી/ગ્રાન્ટેડ માધ્યમિક શાળાના આચાર્ય તેમજ સભ્ય સચિવ તરીકે CRC કો-ઓર્ડિનેટર અને સભ્ય માધ્યમિક/પ્રાથમિક શાળાઓના આચાર્યો તેમજ આંગણવાડી સુપરવાઇઝરને સભ્યો તરીકે રાખવા.

જેનું અમલીકરણ સમગ્ર શિક્ષા અભિયાન, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, નિયામકશ્રી શાળાઓની કચેરી કરશે.

(9) રાજ્યની તમામ શાળાઓમાં શૈક્ષણિક એકસૂત્રતા રહે તે સંદર્ભે રાજ્યની તમામ પ્રકારની શાળાઓને શિક્ષણ વિભાગના સંકલનમાં અને જિલ્લા કક્ષાએ DEO/DPEO ના સંકલનમાં તેમજ શિક્ષણ વિભાગના E.I., TPEO, BRC, CRC મારફત સતત મૂલ્યાંકન અને મોનિટરીંગમાં પણ આ વિભાગની શાળાઓ આવરી લેવાશે.

અમલવારી - શિક્ષણ વિભાગ સામાજિક અધિકારીતા અને ન્યાયવિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ

(10) ધો. 10 અને 12 માટેની બોર્ડ પરીક્ષામાં બદલાવ લાવવા માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 માં ઉલ્લેખ કરવામાં આવેલ છે. રાજ્યમાં પ્રવર્તમાન સમયમાં ધો. 10 અને 12 ની બોર્ડ પરીક્ષામાં પરિરૂપમાં ફેરફાર કરવાના થાય છે.

(11) રાજ્યમાં ધો-1 માં હાલમાં ભાષા તરીકે ગુજરાતી ભાષા અને ગણિત વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

NEP - 2020 માં દર્શાવેલ ત્રિભાષાસૂત્ર અમલીકરણ અન્વયે ધોરણ 1 થી ગુજરાતી ભાષાની સાથે Introductory English તરીકે અંગ્રેજી વિષયની શરૂઆત કરવામાં આવે.

- ધોરણ- 1 થી 3 દરમિયાન શીખવવામાં આવતી અંગ્રેજી ભાષાને જે તે ધોરણની પરીક્ષાનો ભાગ નહીં બને.
- ધોરણ-4 અને આગળના ધોરણોમાં અંગ્રેજી વિષય પરીક્ષાનો ભાગ બનશે.

(12) રાજ્યમાં હાલમાં પ્રાથમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે સ્નાતક, અનુસ્નાતક કક્ષાના ગુણની સાથે TET/TAT પરીક્ષાના ગુણ સાથે મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. NEP - 2020 સંદર્ભે હવેથી પ્રાથમિકથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે સ્નાતક, અનુસ્નાતક કક્ષાના ગુણ તેમજ TET/TAT પરીક્ષાના ગુણ સાથે ઉમેદવારની 3 સ્તરીય પસંદગી પ્રક્રિયા યોજવામાં આવશે. જેમાં વૈકલ્પિક પ્રશ્નો, વર્ણનાત્મક પ્રશ્નો ધરાવતી કસોટીઓ ઈન્ટરવ્યુ તેમજ વર્ગખંડ પ્રક્રિયા નિદર્શનનો સમાવેશ કરવામાં આવશે. તેમજ તમામ ત્રણેય સ્તરના ગુણ ઉમેરી મેરીટ તૈયાર કરવામાં આવશે.

(13) NEP - 2020 સંદર્ભે રાજ્યના શિક્ષકોને પોતાનો વ્યાવસાયિક વિકાસ માટે દર વર્ષ ઓછામાં ઓછા 50 કલાક Continuous Professional Development (CPD) માટેના તાલીમી કોર્સીસ કરવાના થાય છે.

આ અનુસંધાને શિક્ષકો દ્વારા પૂર્ણ કરવામાં આવનાર તાલીમો તેમજ વ્યવસાયિક કોર્સીસની નોંધ તેમજ સર્વિસબુકમાં કરવામાં આવે તેમજ તેમના ઉચ્ચત્તર પગાર ધોરણ માટેના ધારા ધોરણો સાથે જોડવામાં આવે.

(14) ધોરણ - 3, 5 અને 8 ના અંતે બાળકો માટે ધો. 10 અને 12 ની જેમ પરીક્ષાનું આયોજન રાજ્ય કક્ષાએથી કરવાનું થાય છે. આ અન્વયે ધો. 3-5-8 ના અંતે પરીક્ષા લેવા માટેની જવાબદારી જી.સી.ઈ.આર.ટી. તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંકલનમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને આપવામાં આવશે. શિક્ષણ વિભાગના તા. 12-2-2020 ના ઠરાવ સંદર્ભે તમામ સરકારી અને ખાનગી શાળાઓના વિદ્યાર્થીઓ આ પરીક્ષામાં (Common Examination) ભાગ લેશે.


(15) NEP - 2020 ના મુદ્દા ક્રમ (66) અનુસાર રાજ્યના વંચિત વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે વિશેષ શિક્ષણ ઝોન (SEZ) ની રચના તેમજ મુદ્દા ક્રમ (4.43) સંદર્ભે રાજ્યના વિશિષ્ટ પ્રતિભાશાળી અને હોશિયાર વિદ્યાર્થીઓની પ્રતિભાઓ અને રૂચિઓની ઓળખ અને કાળજી લેવા માટેની વ્યવસ્થાનું સૂચન નીતિમાં કરવામાં આવ્યું છે. આ અનુસંધાને રાજ્યમાં પ્રસ્તાવિત Schools of Excellence પ્રોજેક્ટમાં ઉપરોક્ત બાબતોને આવરી લેવામાં આવેલ હોવાથી ટાસ્ક ફોર્સના સભ્યો દ્વારા સર્વાનુમતે સંમતિ આપવામાં આવેલ છે. આથી રાજ્યમાં School of Excellence (SoE) પ્રોજેક્ટ અંતર્ગત ધો. 6 થી 12 ના વિદ્યાર્થીઓને સમાવતી નિવાસી શાળાઓ શરૂ કરવાની મંજૂરી આપવામાં આવે. આ SoE થકી શાળા દીઠ એકંદરે 3000 બાળકો લેખે 33 જિલ્લાઓમાંના અંદાજિત 1 લાખ બાળકોને સમાવવામાં આવશે. આ માટે ઉચ્ચ ગુણવત્તા અને અનુભવી શિક્ષકોની કોન્ટ્રાક્ટ ધોરણે નિમણૂંક કરવામાં આવશે.

(16) રાજ્યમાં હાલમાં માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓ માટે ગણિત-વિજ્ઞાન વિષય ફરજિયાત રીતે અભ્યાસક્રમમાં રાખવામાં આવેલ છે. પરંતુ ધોરણ-10 ના અંતે આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ મોટાભાગના બાળકોને વિજ્ઞાન પ્રવાહ સિવાય સામાન્ય પ્રવાહ તેમજ અન્ય વ્યવસાયલક્ષી કોર્સીંગ કે કલાઓ શીખવાડવામાં આવતાં ગણિત (બીજગણિત-ભૂમિતિ) તેમજ વિજ્ઞાન (ભૌતિક રસાયણ અને જીવવિજ્ઞાન) ની સંકલ્પનાઓ આગળની અભ્યાસ માટે બહુ ઉપયોગી નથી. આથી વિજ્ઞાન પ્રવાહ સિવાયના અન્ય કોર્સીસમાં જવા માગતા વિદ્યાર્થીઓ માટે માધ્યમિક કક્ષાએ ગણિત અને વિજ્ઞાન વિષયનાં વિકલ્પમાં દૈનિક જીવનમાં ઉપયોગી એવા અંકગણિત તેમજ માનવજીવન વિજ્ઞાન જેવા વિષયો અભ્યાસક્રમમાં ઉમેરવામાં આવશે.

# ટૂંકાક્ષરી

| | | |
|---|---|---|
| ABC | Academic Bank of Credit | - |
| AI | Artificial Intelligence | કૃત્રિમ બુદ્ધિમત્તા |
| AYUSH | Ayurveda, Yoga and Naturopathy, Unani, Siddha and Homeopathy | આયુર્વેદ, યોગ અને નેચરોપેથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી |
| B.Ed. | Bachelor of Education | શિક્ષણના સ્નાતક |
| BEO | Block Education Officer | -- |
| BITE | Block Institute of Teacher Education | -- |
| BoG | Board of Governors | -- |
| BRC | Block Resource Centre | -- |
| CBSE | Central Board of Secondary Education | કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ |
| CPD | Continuous Professional Development | સતત વ્યાવસાયિક વિકાસ |
| CRC | Cluster Resource Centre | જૂથ સંસાધન કેન્દ્ર |
| CWSN | Children With Special Needs | વિશિષ્ટ જરૂરિયાતવાળા બાળકો |
| DEO | District Education Officer | જિલ્લા શિક્ષણ અધિકારી |
| DIET | District Institute of Education and Training | જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન |
| DIKSHA | Digital Infrastructure for Knowledge Sharing | -- |
| DSE | Directorate of School Education | શાળા શિક્ષણ નિયામક |
| DST | Department of Science and Technology | વિજ્ઞાન અને તકનીકી વિભાગ |
| ECCE | Early Childhood Care and Education | પ્રારંભિક બાળ સંભાળ અને શિક્ષણ |
| EEC | Eminent Expert Committee | પ્રખ્યાત વિશેષજ્ઞ સમિતિ |
| GDP | Gross Domestic Product | સકલ ઘરેલું ઉત્પાદન |
| GER | Gross Enrolment Ratio | કુલ નોંધણી ગુણોત્તર |
| ICT | Information and Communication Technology | માહિતી અને પ્રત્યાયન તકનીકી |

| | | |
|---|---|---|
| IDP | Institutional Development Plan | સંસ્થાકીય વિકાસ યોજના |
| IGNOU | Indira Gandhi National Open University | -- |
| IIM | Indian Institute of Management | ભારતીય વ્યવસ્થાપન સંસ્થાન |
| IIT | Indian Institute of Technology | ભારતીય તકનીકી સંસ્થાન |
| ISL | Indian Sign Language | ભારતીય સાંકેતિક ભાષા |
| M.Ed. | Master of Education | શિક્ષણના અનુસ્નાતક |
| MHFW | Ministry of Health and Family Welfare | આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય |
| MHRD | Ministry of Human Resource Development | માનવ સંશાધન વિકાસ મંત્રાલય |
| MoE | Ministry of Education | શિક્ષણ મંત્રાલય |
| MOU | Memorandum of Understanding | સમજૂતી કરાર |
| NAC | National Accreditation Council | રાષ્ટ્રીય માન્યતા પરિષદ |
| NAS | National Achievement Survey | રાષ્ટ્રીય સિદ્ધિ સર્વેક્ષણ |
| NCERT | National Council of Educational Research and Training | રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ |
| NCF | National Curriculum Framework | રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું |



સફળતાનું રહસ્ય જિજ્ઞાસા, આત્મવિશ્વાસ
હિંમત અને નિષ્ઠામાં છે.
- ડૉ. અબ્દુલ કલામ